શ્રી કચ્છી સમાજ - અમદાવાદ દ્વારા પ્રકાશિત પ્રત્યેક કચ્છી પરિવારનું મુખપત્ર
આજીવન લવાજમ : રૂા. ૧૫૦૦/-

# કચ્છશ્રુતિ

વર્ષ : ૩૩મું
જાન્યુઆરી : ૨૦૨૦ ● અંક : ૭
પાના નં. ૧ ● કુલ પેજ : ૬૦

૧૫ જાન્યુઆરી, ૨૦૨૦ | પ્રસિદ્ધ કર્યા તા. ૧૦-૦૧-૨૦૨૦ | કિંમત : રૂા. ૧૮/-

## શ્રી કચ્છી સમાજ - અમદાવાદ આયોજિત
## ક્રિકેટ ટુર્નામેન્ટ - ૨૦૧૯



વિનર ટીમ તથા રનર અપ ટીમ સાથે સમાજના હોદ્દેદારો

તંત્રી મંડળ : અશોક મહેતા (મુખ્ય તંત્રી) ● દિનેશભાઈ આર. મહેતા ● ભોલાભાઈ ગોલીબાર

મુખ્ય કાર્યાલય : **શ્રી કચ્છી સમાજ - અમદાવાદ**
૭૦૫, સ્થાન ટ્રેડ સેન્ટર, કોચરબ આશ્રમની સામે, એલિસબ્રિજ, અમદાવાદ - ૩૮૦ ૦૦૬. ● ફોન : ૦૭૯-૨૬૫૭૬૧૮૪, ૪૦૦૭૬૧૮૪
Email : kutchhisamaj@gmail.com • Website : www.kutchisamajahmedabad.org.

જીવદયા કરુણા અહિંસા લુણી પાંજરાપોળ

**શ્રી વર્ધમાન જીવદયા કેન્દ્ર**

(લુણી - મુંબઈ) પૂ. જ્યોતિ અહિંસાધામ

પંચગવ્ય આયુર્વેદીક ઔષધીઓનું નિર્માણ

પંચગવ્ય આયુર્વેદીક ઔષધીઓનું નિર્માણ અને ટ્રેનીંગ સેન્ટર

બિમાર પશુ-પક્ષીઓનું દવાખાનું | એક થી દસ વર્ષ બાળકો માટે પીગી બેંક

બેસ્ટ પાંજરાપોળ, ગૌશાળા, મહાવીર જીવદયા એવોર્ડ, કચ્છગૌરવ-અહિંસારત્ન

કાર્યાલય : ૩૧૫, સરદાર વલ્લભભાઈ પટેલ રોડ, કાનજી મેન્શન, ગોકુળધામ હોટલની બાજુમાં, આલંકાર સિનેમાની પાસે, મુંબઈ - ૪ ફોન : ૨૩૮૧૩૩૩૩, ૬૬૩૮૦૫૦૦

કાર્યક્ષેત્ર : ગામ - લુણી, તાલુકા - મુંદ્રા, જિલ્લો - કચ્છ - ૩૭૦ ૪૧૦
ફોન : ૦૨૮૩૮ - ૨૮૧૧૩૯ • ફેક્સ : ૦૨૮૩૮ - ૨૮૧૨૭૦

iolite

**SCHOOL MANAGEMENT SOFTWARE**

**IOLITE SOFTWARES PRIVATE LIMITED**

406, Tilakraj Complex, B/h Center Point, Panchavati, Ellisbridge, Ahmedabad - 380 006, Gujarat, India.
T +91-79-2646 4846, 2644 1050, M +91-92270 00105
E rahul@iolitesoftwares.com, www.iolitesoftwares.com

Sunil R. Suthar, SID, CEPT : 97237 50005
Mansukh R. Suthar : 98250 14528
Ratilal M. Suthar : 93742 04600



**HOME DESIGN FURNITURE**

Showroom & Mfg. of Wooden Furniture

Office : Shop No. 102, 1st Floor, Sarthak-II, Opp. Rajpath Club, S.G. Highway, Ahmedabad-380 051.

Factory : Plot No. 64-65-66, Swagat, 3, Industrial Estate, Kuha - Kanbha Road, Kuha, Ta. : Dascroi, Dist. : Ahmedabad.

E-mail : homedesign3202@gmail.com

*Specialist for*
Dining Table
Sofa Set
Bedroom Set

**જીવદયા પ્રેમીઓ.... દાનવીર દાતાઓ.....**

[illegible]

કચ્છની સંલગ્ન ૮૦ પાંજરાપોળોમાં દાન મોકલાવવા માર્ગદર્શન અને પશુસંખ્યા જાણવા ફોન કરી શકો છો અથવા પ્રતિનિધિઓને રૂબરૂ બોલાવી શકો.

શ્રી કચ્છ જિલ્લા પાંજરાપોળ ગૌશાળા સંગઠન

માતુશ્રી મેઘબાઈ અને પિતાશ્રી પારસી ખાખરી ભેદા-મોખા (ચાલા)
કાર્યાલય શ્રી આશાપુરા રીંગરોડ, સોનીવાડ, સોનીવાડ કોમ્પલેક્ષ, પહેલો માળ, ઓફિસ નં. ૧૨૭ / ૧૩૦ ભુજ - કચ્છ (ગુજરાત), ૩૭૦ ૦૦૧ ફોન : ૦૨૮૩૨ - ૨૨૭૩૦૪ મો. : ૦૯૯૦૪૮૩૧૫૧૪

મુંબઈ ઓફિસ :
માતુશ્રી મેઘબાઈ અને પિતાશ્રી પારસી ખાખરી ભેદા-મોખા (ચાલા)
૩૦૭ / ૩૧૧ સરદાર વલ્લભભાઈ પટેલ રોડ, ૧૩ કાનજી મેન્શન, ગોકુળ ધામ હોટલની બાજુમાં, મુંબઈ ૪૦૦ ૦૦૪
૨૩૮૧૩૩૩૩, ૬૬૩૮૦૫૦૦, ૯૯૨૦૨ ૯૮૭૨૧, ૯૯૧૩૯ ૫૩૮૫૬

મૂકેશભાઈ સાવલા : ૯૮૨૫૦ ૩૪૫૬૯
સાગર સાવલા : ૯૪૭૯૧ ૧૩૦૯૪

શ્રી કચ્છી સમાજ - અમદાવાદને
તથા તેના મુખપત્ર 'કચ્છશ્રુતિ'ને શુભેચ્છા....

**શ્રી મૂકેશભાઈ એમ. સાવલા**

૧૦, શૈલરાજ બંગ્લોઝ, આમ્રપલાસ બંગ્લોઝ,
ફન રીપબ્લિકની પાછળ,
રામદેવનગર, સેટેલાઈટ, અમદાવાદ-૩૮૦ ૦૧૫.

**જાહેરાત આવકાર્ય**

**જાહેરાત આવકાર્ય**

**જાહેરાત આવકાર્ય**



www.artnirman.com
A Project by:
ART Nirman Ltd.
श्री विष्णुधारा
GARDENS
2&3 BHK | SHOPS | OFFICES
WITH ALL BRANDED FITTINGS
FOR THOSE
WHO CARE FOR QUALITY
The Limitless Luxury Living
The landmark housing project @ Gota.
SAMPLE HOUSE READY
100%* LOAN PAPERS AVAILABLE
ALL USEFUL AMENITIES
Lush Green Landscaping | Affordable Luxury | Blissful Living
WITH ALL USEFUL LUXURIOUS AMENITIES
Attractive Garden
Kids Play Area
Club House
Community Hall
Jogging Track
4 Star Guest House
Basement Parking
Multi Purpose Court
SITE OFFICE : BEHIND EULOGIA HOTEL, OFF. S.G. HIGHWAY, GOTA, JAGATPUR, AHMEDABAD.
FOR BOOKING / INQUIRY CALL › 88 66 71 44 99 | 88 66 38 44 99

# સૌંદર્યલક્ષી શ્રેષ્ઠ પ્રકાશનો



















**આ પ્રકાશનો અંગ્રેજી, હિન્દી અને મરાઠી ભાષાઓમાં પણ ઉપલબ્ધ છે.**

**દરેક બુકસેલરને ત્યાં મળે છે.**

**નવનીત એજ્યુકેશન લિમિટેડ**

Like us on /navneet.india | www.navneet.com

વર્ષ-૩૩ ● અંક - ૭
૧૫ જાન્યુઆરી, ૨૦૨૦

**માનદ્ સલાહકાર**
શ્રી હંસરાજ કંસારા

**તંત્રી મંડળ**
**અશોક મહેતા - મુખ્ય તંત્રી**
મો. ૯૮૨૫૩૨૨૬૮૯/૯૮૭૯૦૬૩૧૦૦
**દિનેશ આર. મહેતા**
મો. ૯૯૨૪૩૪૨૬૨૮
**ભોલાભાઈ ગોલીબાર**
ફોન : (૦૭૯) ૨૬૬૦૬૮૮૮

**વ્યવસ્થાપક સમિતિ/જાહેરાત સમિતિ**
**શ્રી મનુભાઈ કોટડિયા - કન્વીનર**
મો. ૯૬૦૧૨ ૭૫૦૭૮
**શ્રી ભરત ઓઝા - સભ્ય**
મો. ૯૮૨૫૭ ૧૪૮૩૩
**શ્રી સુનીલ દાવડા - સભ્ય**
મો. ૯૮૨૫૦ ૨૧૪૨૩

**વિભાગીય સંપાદન**
વતનના વાવડ - ભરત ઓઝા
ગાંધીનગર ગાથા - વર્ષા મહેતા
મહિલા વિશ્વ - રેખાબેન શુકલ
કલરવ - દિનેશ માંકડ
શબ્દ-શોધ - પ્રદીપ જોશી-આદિપુર

**પત્ર વ્યવહારનું સરનામું**
શ્રી કચ્છી સમાજ - અમદાવાદ
૯૦૫, સ્પાન ટ્રેડ સેન્ટર, કોચરબ આશ્રમની સામે, એલિસબ્રિજ, અમદાવાદ-૩૮૦૦૦૬.
ફોન : ૦૭૯-૨૬૫૭૬૧૮૪, ૪૦૦૭૬૧૮૪
**Email : kutchhisamaj@gmail.com**

●

**Kutchshruti Available on**
www.kutchisamajahmedabad.org
www.asanjokutch.com
www.hellokutchis.com

**કચ્છ શ્રુતિ લવાજમ**
૨ વર્ષ : રૂા. ૫૦૦/-
૫ વર્ષ : રૂા. ૧૦૦૦/-
આજીવન : રૂા. ૧૫૦૦/-
ચેક/ડ્રાફ્ટ : 'શ્રી કચ્છી સમાજ-અમદાવાદ'ના નામનો મોકલવો.

'કચ્છશ્રુતિ'માં પ્રકાશિત રચના-લેખ આદિમાં અભિવ્યક્ત વિચારો, માહિતી ઈત્યાદિ સાથે 'કચ્છશ્રુતિ' તંત્રી મંડળનું સહમત હોવું આવશ્યક નથી. - મુખ્ય તંત્રી

## આ અંકમાં....

**તંત્રી લેખ**
- "કચ્છ નર્મદા જળ અભિયાન" સમિતિ ........ **અશોક મહેતા**....૭

**કચ્છનો ગોઝારો ભૂકંપ**
- સેંકડો ટન કાટમાળ હેઠળ ધરબાઈ ગયેલા માતા - પુત્ર ........ **ધન રામપરીઆ**.....૯
- પગમેં [redacted] ........ **લીલાધર માણેક ગડા**...૧૨

**કચ્છ**
- વધારાના પાણીના કાર્યો માટે સાંસદશ્રીની દરખાસ્ત સામે નવા નિમાયેલ સિંચાઈ વિભાગના અધિક્ષક ઈજનેરશ્રીના આયોજનમાં તફાવત છે ........ **અશોક મહેતા**....૧૪
- ભુજ શહેરને તળાવોના માધ્યમથી જળ સ્વાવલંબનની દિશામાં લઈ જવા માટે એક માસ્ટર પ્લાનની જરૂર છે ........ **ડૉ. મિહિર એમ. વોરા**....૧૫
- ધોળાવીરા આજે વિકાસની રાહ જુએ છે ........ **ડૉ. મિહિર એમ. વોરા**....૧૭
- મહાવીર સ્વામી જિનાલય : અંજાર ........ **ભરત'કુમાર' પ્રા. ઠાકર**....૧૯
- કચ્છી બોલી ........ **મહેન્દ્ર દોશી**....૨૧

**માહિતી**
- ભારતમાં ઉર્જા વિકાસ ........ **પ્રા. સૂર્યકાંત ભટ્ટ**....૨૫

**ઐતિહાસિક વાર્તા શ્રેણી**
- અદશ્ય પાત્રો - ૩ : ચોકીદાર : ભાગ-૧ ........ **હરેશ ધોળકિયા**...૨૫

**વ્યક્તિ વિશેષ**
- ધ્વજ હરિયા - બિલિયર્ડ ચેમ્પિયન દેશનો અને સાથે સાથે કચ્છનો પણ ધ્વજ લહેરાતો રાખે છે ........ ...૩૩

**ગુજરાતી કથાગીતો**
- નરસિંહ મહેતાનું બેનમૂન પદ - ભજન : 'નાગદમન' .... **સંકલન : જીના વીરેન શેઠ**....૩૪

**સત્ય ઘટના**
- ભગુદાદા (એક અવિસ્મરણીય વ્યક્તિ) ........ **પારુલ આર. પટેલ**....૩૭

**સંસ્કૃતિ**
- જિંદગી ક્યારેય સરળ નથી બનવાની, તમારે જ મજબૂત બનવાનું છે ........ **ભોલાભાઈ ગોલીબાર**....૩૮

**લઘુકથા**
- પહેલા મજલાનું ભૂત ........ **ધીમંતકુમાર પ્રાણશંકર ભટ્ટ**....૩૯

**જબાન**
- શબ્દબોધ : અંગ્રેજી શબ્દોની ગુજજુગ્રાફી – (૧૬) ........ **તુલસીદાસ કંસારા**...૪૦

**પ્રતિભાવ**
- પ્રતિભાવ ........ ...૪૧

**વિવિધતા**
- કાવ્યો ........ ૪૨-૪૩
- દેશ મેરા રંગીલા... રંગીલા.. ........ **ભાવના એ. ઝવેરી**....૪૪

**અન્ય સંસ્થાઓના સમાચાર**
- અન્ય સંસ્થાઓના સમાચાર ........ ૪૫-૪૮

**સંસ્થા સમાચાર**
- પરિવાર સમાચાર ........ ...૪૯
- શ્રી કચ્છી સમાજ - અમદાવાદ આયોજિત ક્રિકેટ ટુર્નામેન્ટ-૨૦૧૯ : અહેવાલ ........ ૫૦
- ક્રિકેટ ટુર્નામેન્ટમાં ભાગ લેનાર ૮ ટીમોના ખેલાડીઓની યાદી ........ ૫૧
- વિવિધ મેચોના પરિણામો અને મેન ઑફ ધી મેચની વિગત ........ ૫૩
- ટુર્નામેન્ટ પ્રસંગે આવેલ ડોનેશન્સ અને અન્ય આવકની વિગત ........ ૫૪
- ક્રિકેટ ટુર્નામેન્ટ-૨૦૧૯ના ફોટોગ્રાફ્સ ........ ૨૯-૩૨
- શ્રી કચ્છી સમાજ - અમદાવાદનો દૈનિક અહેવાલ ........ ...૫૫

# ૧૯૭૫ થી વ્યવસાયલક્ષી તાલીમ આપતી એકમાત્ર સંસ્થા



આપ પણ ફેશન ડીઝાઈનર બની શકો છો ?

## ફેશન ડીઝાઈનીંગ, ગારમેન્ટ મેકિંગ અને બ્યુટી પાર્લર ક્ષેત્રે

કારકીર્દી બનાવવાની અમૂલ્ય તક...

## S.S.C. - H.S.C.

પાસ-નપાસ અને ગ્રેજ્યુએશન પછી શું ?

એન્જીનીયરીંગ ક્ષેત્રે

કારકીર્દી બનાવવાની અમૂલ્ય તક...

**ડીપ્લોમા એન્જી. થઈ શકો છો. સરકાર માન્ય તેમજ ખાનગી**

ટી.વી. - ડી.વી.ડી., ઈલેક્ટ્રોનીક્સ, મોબાઈલ રીપેરીંગ, વાયરમેન, ઈલે. મોટર રીવાન્ડીંગ, ઈલેક્ટ્રીશીયન, રેફ્રીજરેશન એન્ડ એસી. રીપેરીંગ, ડ્રાફ્ટમેન સીવીલ, મિકેનિકલ, ટર્નર, ફીટર શીખો.

# ડી. એન. પોલીટેકનીક

સંપર્ક :

પટેલ વાડી, બાપુનગર. : મો. ૮૧૨૮૮૪૧૭૮૦

રાયપુર : ફોન : ૦૭૯-૨૨૧૬૧૪૦૩ મો. ૯૬૦૧૬૦૫૬૩૧

નરોડા : ફોન : ૦૭૯-૨૨૮૧૪૨૩૫

મણીનગર : મો. ૭૮૭૪૦૩૧૮૬૦

મેઘાણીનગર : મો. ૯૬૦૧૧૭૭૪૮૯

દેહગામ : ૮૧૨૮૮૪૧૫૬૪

કચ્છી સમાજ - અમદાવાદ પરિવારને ૨૫% ડિસ્કાઉન્ટ આપવામાં આવશે.

તંત્રીલેખ

# "કચ્છ નર્મદા જળ અભિયાન" સમિતિ



અશોક મહેતા

*ઈ.સ. ૨૦૨૦ના નવા વર્ષે 'કચ્છશ્રુતિ'ના વાચક વર્ગને નવા વર્ષની શુભેચ્છા સાથે સંપૂર્ણ વર્ષ સુખરૂપ નીવડે તેવી શુભેચ્છા. સમગ્ર કચ્છમાં વર્ષ ૨૦૧૯ના અંત ભાગમાં કચ્છમાં જળ વ્યવસ્થા માટે જે જાગૃતિ આવેલ છે, તે વર્ષ ૨૦૨૦માં કંઈક નક્કર પરિણામ લાવે તેવી આશા વર્તાઈ રહેલ છે. એક તરફ વરસાદી પાણી સંગ્રહી સમગ્ર કચ્છના જળસ્રોત ઉપર લાવવાની, મનુષ્યને અને પશુઓને પીવાના પાણીની વ્યવસ્થા અને ખેતીના પાણી માટે પણ આ જળાશયો / ચેકડેમ વગેરેનો ઉપયોગ થઈ શકે તેવા પ્રયાસો આદરી દેવામાં આવેલ છે. જ્યારે અન્ય તરફ કચ્છના ખેડૂત આગેવાનો તથા બુદ્ધિજીવીઓએ કચ્છને ફાળવાયેલ નર્મદા નદીના નિયમિત પાણી તથા વધારાના પાણીના કાર્યો પૂરજોસમાં હાથ પર લેવાય તેવા પ્રયત્નો આદરી દીધેલ છે અને તેના માટે "કચ્છ નર્મદા જળ અભિયાન" નામની સંસ્થાની રચના પણ કરી દીધેલ છે.*

*બે-ત્રણ દાયકા અગાઉ કચ્છમાં જળસંકટ નિવારણ સમિતિની રચના કરવામાં આવેલ હતી કે જેના મુખ્યત્વે બે કારણો હતા : (૧) કચ્છને નર્મદા નદીના નિયમિત પાણી ફાળવેલ છે તેના કરતાં વધુ પ્રમાણમાં ફાળવવામાં આવે અને (૨) આ પાણી કચ્છને લીફ્ટ અને ફૉલ પદ્ધતિના બદલે ગ્રેવિટીથી પૂરા પાડવામાં આવે. બંને માંગણી સરકારના નિર્ણયની વિરૂધ્ધ દિશાની હોવાથી કચ્છીઓની આ માંગ સ્વીકારી શકાઈ ન હતી અને સુપ્રીમ કોર્ટ સુધી ગયા પછી પણ તેના પરિણામો આવી શક્યા ન હતા. જ્યારે વર્ષ ૨૦૨૦ના પ્રથમ દિવસે નિર્માણ પામેલ "કચ્છ નર્મદા જળ અભિયાન" સંસ્થાના મુખ્ય ઉદ્દેશો સરકારશ્રી પાસેથી કોઈ નવી માંગણી કરાવવાના નથી પરંતુ ગુજરાત સરકારશ્રીના નિર્ણય પ્રમાણે કચ્છને (૧) નર્મદા નદીના નિયમિત પાણી જે ૦.૫ M.A.F. ફાળવવામાં આવ્યા છે તેના કામો ઝડપી રીતે પરિપૂર્ણ કરાવે અને (૨) કચ્છને નર્મદા નદીના વધારાના પાણીમાંથી જે ૧.00 M.A.F. પાણી ફાળવવામાં આવેલ છે તેના કામો જલ્દીથી ચાલુ કરાવી, તે શક્ય ત્વરાએ પરિપૂર્ણ કરાવવામાં આવે તે મુજબના જ છે. કચ્છને નિયમિત પાણી વર્ષ ૧૯૭૯માં ફાળવવામાં આવેલ હતા કે જેને ૪૦ વર્ષથી પણ ઉપરનો સમય વીતી ગયેલ હોવા છતાં ગુજરાત સરકાર કે સરદાર સરોવર નર્મદા નિગમ એ યોજના પરિપૂર્ણ કરી શકેલ નથી. જ્યારે વધારાના પાણી વર્ષ ૨૦૦૬માં ફાળવવામાં આવેલ હતા કે જેને ૧૩ વર્ષથી પણ વધુ સમયગાળો પસાર થઈ જવા છતાં હજુ સુધી એ યોજનાના, કચ્છમાં શ્રીગણેશ પણ મંડાયેલ નથી. કચ્છની આ યોજના કે જેના કારણે કચ્છના ખેડૂતોને દર વર્ષે ઓછામાં ઓછા રૂપિયા ૨૦૦૦ કરોડથી પણ વધુ નફો થાય તે યોજના પ્રત્યે ગુજરાત સરકાર અક્ષમ્ય બેદરકારી દાખવી રહેલ હોવાથી કચ્છની પ્રજામાં જે અસંતોષની લાગણી ભડકી ઉઠી છે તેને ચરિતાર્થ કરવા જ "કચ્છ નર્મદા જળ અભિયાન" નામની સંસ્થા ઊભી કરવામાં આવેલ છે અને જ્યાં સુધી ગુજરાત સરકાર આ યોજનાના કાર્યોની પૂર્ણાહુતિ ના કરે ત્યાં સુધી આ સમિતિ જંપીને બેસી રહેવાની નથી.*

*સિંચાઈના પાણી માટેની કચ્છની પ્રજાની આ માંગ સરકારના કોઈ નિર્ણયના વિરોધની નથી પરંતુ સરકારશ્રીએ લીધેલા નિર્ણયોને ત્વરિતપણે અમલમાં મૂકે તેના માટેની છે. કચ્છની પ્રજાને એ પણ ડર છે કે ૧૯૭૯માં આવેલ જળપંચના ચુકાદાને હવે તેની લીમીટ પ્રમાણે ૪૫ વર્ષ થવામાં ઝાઝી વાર નથી કે જ્યારે જળપંચ આ યોજનાનું પુનઃ અવલોકન*

**બાંહો ફેલાવવાની થોડી આળસ મને ત્યારે નડી, જ્યારે ચૂક્યો હું તને ભેટવાની એ ઘડી. – નિકેશ ઝવેરી**

*કરે ત્યારે ગુજરાતે તેને ફાળવાયેલ ૯.૦૦ M.A.F. નિયમિત પાણીનો ઉદ્દેશ પ્રમાણે વપરાશ કરેલ નથી તેમજ વધારાના ૩.૦૦ M.A.F. પાણીનો પણ ઉદ્દેશ પ્રમાણે વપરાશ કરેલ નથી. તેથી જળપંચ પુનઃ વિચારણા કરી, તે પાણી અન્ય પ્રદેશને ફાળવી દે તો કચ્છ સમુળગું આ પાણીથી વંચિત રહી જશે. ગુજરાતના વધુમાં વધુ અછતગ્રસ્ત અને દુષ્કાળ પ્રેરિત કચ્છ જિલ્લાની આ વેદના, કચ્છના રાજકારણીઓના વારંવારના પ્રયાસ છતાં ગાંધીનગરે કાન પર લીધેલ ન હોવાથી કચ્છની પ્રજાએ પોતાના હક્ક માટે લડી લેવાના નિર્ધાર સાથે આ સમિતિની રચના કરેલ છે.*

*અમને આશા છે કે જાહેર જીવન સાથે સંકળાયેલ પત્રકાર જગત, કચ્છના રાજકીય કાર્યકરો, સામાજિક કાર્યકરો, કચ્છનો ખેડૂત વર્ગ અને સામાન્ય પ્રજાના એકેએક નાગરિક આ સમિતિના કચ્છહિતના પ્રયાસો સાથે જોડાઈ આ યોજનાના ત્વરીત અમલીકરણમાં પોતાનો સક્રિય ફાળો નોંધાવશે.*

***૨૦૩, સવિતા એન્કલેવ, સમર્પણ બંગ્લોઝની બાજુમાં, જજીસ બંગલો ચાર રસ્તા પાસે, બોડકદેવ, અમદાવાદ-૩૮૦ ૦૧૫. મો. ૯૮૨૫૩ ૨૨૬૮૯***

## અગત્યની માહિતી

***જ્ઞાન તો ન કહેવાય પણ અગમચેતી જરૂર કહીશ... આપણે ગુજરાતીઓમાં એક ટેવ – ઘરના સભ્યોને કાંઈ કહેવાનું જ નહીં! અને થોડા લઘરા પણ ખરા. ખરા ટાઈમે પોતાને ન મળે એ ઘરના સભ્યોને મળતું હશે?? તો આ ૧૭ વસ્તુઓ જોઈ લેજો. કોઈએ કાંઈ જ ચોખવટ કરવાની જરૂર નથી. માત્ર આટલું તમારા તરફ ચકાસી લેજો.***

૧. તમારા લાઈફ પાર્ટરને તમારા બેંકના વહીવટ ખબર છે?

૨. નેટ બેન્કિંગનો ઉપયોગ કરતા હો તો Id Password ખબર છે? E-mail Id Password આપી રાખ્યા છે? ફેસબુકના ન આપો તો કાંઈ નહીં.

૩. તમારા ઇન્વેસ્ટમેન્ટ વિશે ચર્ચા કરો છો? તેની બધી માહિતી ક્યાં રાખી છે એ ખબર છે?

૪. બેંક/ઇન્વેસ્ટમેન્ટ/પોલીસીમાં નોમિનેશન કરાવેલું છે? (ન કરાવ્યું હોય તો તરત જ કરાવી લેજો.)

૫. તમારી LIC/Mediclaim/Investmentના કન્સલ્ટન્ટ કોણ છે અને તેના ફોન નંબર આપેલા છે?

૬. હાથ ઉછીના રૂપિયા લીધા/દીધાની વિગત ક્યાંય લખી છે? તે જણાવી છે?

૭. મકાન/ઓફિસ કે અન્ય મિલ્કતની ફાઈલ, પ્રોપર્ટી કાર્ડ અને વેરા ભર્યાની અપડેટ છે? છેલ્લે સુધીના આઈ.ટી. રીટર્ન ભર્યા તેના ચલણ/કોમ્પ્યુટેશન સાચવ્યા છે?

૮. ઇમરજન્સીમાં જરૂર પડે તો હાથવગી રકમ (સરખી) ઘેર રાખો છો?

૯. પરિવારના તમામ સભ્યોના સરકારી ઓળખપત્રો જેમ કે ચૂંટણી કાર્ડ/આધાર કાર્ડ/પાન કાર્ડ/પાસપોર્ટ ક્યાં રાખો છો એ ખબર છે?

૧૦. ઉપરના દરેક ડોક્યુમેન્ટની ૧૦-૧૦ કોપી તૈયાર રાખી છે?

૧૧. તમારા ફેમિલી ફિઝિશિયનના ફોન નંબર, પાર્ટનરના ફોનમાં રાખેલા છે?

૧૨. એક જ ફોનથી તરત પહોંચી જાય એવા મિત્રો રાખ્યા છે? જો હા, તો તેમના નંબર આપી રાખ્યા છે?

૧૩. પોતાનો ફોન હંમેશાં "સાફ" રાખવો અને પાસવર્ડ પ્રોટેક્ટેડ ન રાખવો. જેથી સંકટ સમયે પરિવારના બીજા સભ્યને આપી શકાય.

૧૪. ડિજિટલ લોકર/ગૂગલ ડ્રાઇવ/I Cloudમાં બધા ડોક્યુમેન્ટની સ્કેન કોપી રાખી છે? (કેશલેસ ટ્રીટમેન્ટ કરાવવી હોય તો પણ જરૂર પડે અને ફિંડલું વળી જાવ તો અંતિમ સંસ્કાર કરવામાં પણ હવે તો માંગે છે.)

૧૫. ન કરે નારાયણ ને ટિકિટ ફાટે તો પેપરમાં આપવા અને પ્રાર્થના સભામાં મૂકવા જેવા ફોટા ક્યાં છે એમ ખાસ કહેજો.

૧૬. અને છેલ્લે, જો તમે ૫૦ વર્ષની ઉપરના છો તો વીલ બનાવી, કોની પાસે છે એ કહી રાખ્યું છે?

૧૭. અને ખાસ, તમારી ચેકબુકમાં ૨-૩ ચેક સહી કરીને રાખવાનું ભૂલતા નહીં.

***આમાંથી જેટલું બાકી હોય તે પૂરું કરી નાખજો.***

***– એડવોકેટ નિલેશ ત્રિવેદી***

*વિરહી રાત્યું ભડભડ બળે, દી' ઉગે આંખ્યું ભડકે બળે. – અનિલ દવે 'અનુ'*

કચ્છનો ગોઝારો ધરતીકંપ

# કચ્છ ભૂકંપ – ૨૦૦૧

## જાન્યુઆરી ૨૬

• ધન રામપરીઆ •

*૨૬ જાન્યુઆરી, ૨૦૨૦ના દિવસે કચ્છના ૨૬ જાન્યુઆરી, ૨૦૦૧ના ગોઝારા ભૂકંપની ૨૦મી વરસી આવે છે. ત્યારે એ દિવસની યાદ કચ્છીઓના દિલમાં તાજી રહે અને ભવિષ્યમાં કદાચ કોઈ ભૂકંપ આવે તો દરેક સ્થાનિક કચ્છના વતની સજાગ રહે એ હેતુથી તે સમયે લખાયેલ બે લેખ – જેમના તેમ ‘કચ્છશ્રુતિ’ના જાન્યુઆરી-૨૦૨૦ના અંકમાં તેના વાચક વર્ગને પ્રસ્તુત કરવામાં આવે છે. એક લેખ ધન રામપરીઆ દ્વારા અને બીજો લેખ ‘પગમેં ભમરી’ના લેખક શ્રી લીલાધરભાઈ ગડા દ્વારા એ સમયે આલેખિત કરવામાં આવેલ હતા.*

*અત્રે એ બંને લેખો ફરીથી પ્રસારિત કરવામાં આવે છે.*

*– મુખ્ય તંત્રી*

## સેંકડો ટન કાટમાળ હેઠળ ધરબાઈ ગયેલા માતા-પુત્ર : ‘મમ્મી, પહેલા તું પાણી પી.’ ‘ના, ના, બેટા, પહેલા તુ પી.’

૨૬ જાન્યુઆરી, ૨૦૦૧ના ધરતીકંપના બીજા દિવસના દુનિયાભરના બધા જ અખબારોના પહેલે પાને, સૌથી મુખ્ય સમાચાર ગુજરાત - કચ્છના ભૂકંપના હતા. તેના તોતીંગ મથાળા (હેડિંગો) પરથી જ અંદાજ આવી શકે કે તારાજી કેટલી પારાવાર થઈ છે. ગુજરાતી ‘સંદેશ’ પેપરની કચ્છ પહોંચેલી રાજકોટની આવૃત્તિના ફ્રન્ટ પેઈજના મથાળામાં ભુજના થયેલા અચાનક મોતના સમાચાર માત્ર ત્રણ જ ભારે મોટા શબ્દોમાં હતા : ‘એક હતું ભુજ.’. અંગ્રેજિ ‘ઇન્ડિઅન એક્સપ્રેસ’ની અમદાવાદ આવૃત્તિનું મોટું મથાળું હતું : ‘ધે લિવીંગ અનર્થ ધ ડેડ.’ (બચેલાઓ મૃતકોને બહાર કાઢે છે.) સૌરાષ્ટ્ર, ગુજરાત, મુંબઈ, દિલ્હી, ઉત્તર ભારત, દક્ષિણ, પૂર્વ અને મધ્યભારત અને દેશ-વિદેશમાંથી અખબારો અને ટી.વી. ચેનલોના અનેક પ્રતિનિધિઓ અને ટીમો કચ્છમાં ઠલવાઈ ચૂક્યા છે અને વધુ પહોંચી રહ્યા છે.

‘ઇન્ડિઅન એક્સપ્રેસ’ની રિપોર્ટર સોનુ જૈને તેના ૨૭ અને ૨૮ જાન્યુઆરીના અહેવાલોમાં વિગતે નોંધ્યું છે કે મૂએલાઓના શબ ભુજમાં કાટમાળ હેઠળ સડે છે... ભુજમાં મોતને ઘાટ ઉતરેલાઓની ગણતરી ચાલુ છે. દર કલાક-બે કલાકે મૃતકોનો સરવાળો વધતો જાય છે અને હજી તો ભુજને તેની આસપાસના વિસ્તારના ૭૨ ગામડાંઓ, જ્યાં ભૂકંપનું કેન્દ્રબિંદુ, એપિસેન્ટર હોવાનું અનુમાન છે, ત્યાં તો કાટમાળ નીચે દબાયેલાઓની કે મૃત્યુ પામેલાઓની ગણતરી કરવા તો કોઈ પહોંચ્યું પણ નથી. જ્યારે પણ આ ગણતરી થશે ત્યારે જાનહાનિનો આંક હજારો પર પહોંચવાની દહેશત છે. એમ લાગે છે કે આ હોનારત, માનવ ઇતિહાસે નોંધાયેલી વધુમાં વધુ જીવલેણ હોનારતોમાંની એક બનશે. ભૂકંપના ત્રીજા દિવસ સુધીમાં વધુને વધુ સડતાં અને કોહવાતાં જતા શબોને કારણે ભારે ભયંકર રોગચાળો ફાટી નીકળવાની ભીતિ સેવાય છે. આને કારણે ભુજ શહેરના સ્થાનિક લોકો જાન્યુઆરી ૨૮ના કચ્છના કલેક્ટરને રૂબરૂ મળ્યા છે અને દુર્ગંધ મારવા લાગેલા આખાય ભુજ શહેરમાં આવતી કાલ સવાર સુધીમાં શુધ્ધિકરણ, ફયુમિગેશનની દવાઓ છાંટવા વિનંતી કરી છે. ‘મરેલાની વાત તો જવા દો, જે જીવતા છે તેમની શું બદહાલત થશે, તેની કલ્પના પણ થરથરાવનારી છે.’ એમ ભુજ લાયન્સ ક્લબના એક પદાધિકારી નવીનભાઈ લાલને કહ્યું હતું... સરકારી વહીવટીતંત્ર હવે આગળ ઉપર શું અને કેવા પગલા લેવા તેની વિચારણામાં છે....”

દરમ્યાનમાં દેશના સંરક્ષણ પ્રધાન જ્યોર્જ ફર્નાન્ડિઝ અને ગુજરાતના મુખ્યપ્રધાન કેશુભાઈ પટેલ કચ્છનું વિમાન - અવલોકન અને ભૂકંપધ્વસ્ત કેટલીક જગ્યાઓની જાતમાહિતી મેળવવા આવ્યા હતા તે મેળવીને પાછા અમદાવાદ અને દિલ્હી જવા ઉપડી ગયા છે. જ્યોર્જે પહેલાં

એવી ભીતિ વ્યક્ત કરેલી કે કચ્છમાં જાનહાનિ લગભગ એકાદ લાખની થઈ હોવાની શક્યતા છે. પણ દિલ્હીમાં વડાપ્રધાનની કચેરીએ એવી સ્પષ્ટતા કરેલી છે કે મરણનો એ અંદાજ ફરનાન્ડિઝની 'અંગત ધારણાનો' છે. તે પછી ફરનાન્ડિઝે કહ્યું છે કે જાનહાનિ વીસેક હજારથી ઉપર પહોંચવાનો ભય છે.

ભુજના મોહલ્લે મોહલ્લે અને લત્તે લત્તે ભુજ નિવાસીઓ કરતાં વધારે સંખ્યામાં રાહત કામગીરીની 'સેવા' આપનારાઓ ઉભરાયેલા દેખાય છે. મૃતકોની અંતિમવિધિ માટેના લાકડાં, શબ પર ઓઢાડવાના કફનના કપડાં કે પહેરવાના કપડાં, ખાદ્યસામગ્રી, પીવાના પાણીના પ્લાસ્ટિકના પડીકાં, પાઉચીસ અને દવાઓ ટ્રકોની ટ્રકો ભરાઈની આવી રહી છે પણ તે વ્યવસ્થિત રીતે ક્યાં ઠાલવવી, જેથી સચવાય અને સામગ્રીનો સદુપયોગ થાય તેનું કોઈ સહી માર્ગદર્શન નથી. સ્થિતિ તો એવી પેદા થઈ છે કે મહાપુરની જેમ આવતી થયેલી રાહત સામગ્રીની મદદ એટલા બધા જંગી પ્રમાણમાં છે કે આખુંય સરકારી વહીવટીતંત્ર એવું ડઘાઈ ગયું ભાસે છે કે આ બધાની વ્યવસ્થિત જાળવણી અને સદુપયોગવાળી વહેંચણી કેમ કરવી અને કરાવવી તેની ખુદ વહીવટીતંત્રને કોઈ ગમ પડતી લાગતી નથી. આર.એસ.એસ., રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘના સ્વયંસેવકો છેક આંધ્ર પ્રદેશ જેવા દૂરના સ્થળોએથી પણ પહોંચી આવેલા દેખાય છે. પરંતુ આખોય ડિઝાસ્ટર મેનેજમેન્ટનો માહોલ લગભગ દિશાશૂન્ય છે. વિદેશથી પહોંચતી થયેલી 'રેસ્ક્યુ એન્ડ રીલીફ'ની નિષ્ણાત ટીમો, તેમની સાથેના સાધનો અને ગંધ પારખનારના સ્નીફર ડોગ્ઝ, કૂતરાઓને પણ કોઈ પરિણામલક્ષી માર્ગદર્શન કે દિશાસૂચન મળતા નથી.

એકમાત્ર એરફોર્સ અને લશ્કરનું ભુજીયા ડુંગરની તળેટી પાસેનું અને ભુજ - માધાપર રોડ પરનું કાર્યાલય અદ્ભુત સુવ્યવસ્થા અને શિસ્તથી ચોવીસે કલાક કુશળતાથી ચાલી રહ્યું છે. એવું લાગે છે કે લશ્કરે ખડા કરેલા હંગામી કંટ્રોલ રૂમને પણ કદાચ પાકી ગણતરી રહી નથી કે રાહત-સામગ્રી ભરેલા અને પ્રવાસીઓ સાથેના કેટલા વિમાનો આવ્યા છે, ઉતર્યા છે અને ફરીથી આવવા પાછા ઉડી ગયા છે. વિમાનોની આવી ટ્રીપોને એરફોર્સ અને આર્મિ, 'સોર્ટીઝ' કહે છે. એરફોર્સ અને આર્મિના આ જંગી પુરુષાર્થનો ઓળખ - શબ્દ કોડવર્ડ 'ઑપરેશન સહાયતા' છે, જે પૂરજોશમાં ચાલી રહ્યું છે.

લશ્કરની બેનમૂન કામગીરીનું નેતૃત્વ, કારગીલ યુધ્ધના 'હીરો' તરીકે દેશ-વિદેશમાં સુપ્રસિધ્ધ થયેલા જનરલ બધવાર સંભાળી રહ્યા છે. લશ્કરે સૌથી પહેલી કામગીરી ધ્વસ્ત ઈમારતોના કાટમાળ હેઠળ ફસાયેલા લોકોને બચાવવાનું, ઉગારી લેવાનું અને ઈજાગ્રસ્તોને તાત્કાલિક તબીબી સારવાર પૂરી પાડવાનું કર્યું છે. યુધ્ધના ધોરણે આ વિકટ કામગીરી હાથ ધરી લશ્કરી જવાનોએ અત્યંત જોખમી કાટમાળમાંથી લગભગ ૪૧૯ જેટલા માનવીઓને ઉગાર્યા છે. સાથે સાથે મૃતદેહો કાટમાળ નીચેથી બહાર કાઢવાનું કપરું કામ પણ કરતા રહી, અંદાજે બારેકસોથી પંદરેકસો જેટલા શબો બહાર કાઢ્યા હોવાનો અંદાજ છે. જનરલ બધવારે કહ્યું છે કે હજી ઘણા સ્થળોએ કાટમાળ હેઠળ લાશો દબાયેલી છે અને કોહવાઈ રહી છે. આવી લાશો બહાર કાઢવાનો ભારે પુરુષાર્થ લશ્કરી જવાનો કરી રહ્યા છે, પણ કમનસીબે ઘણી કોહવાયેલી લાશોનો કબજો લેવા તેમના પરિવારજનો આગળ આવતા નથી. સડેલી લાશોને કારણે રોગચાળાને ફેલાતો અટકાવવા કાટમાળમાં મેલેથિનોન ચૂનો અને બીજા રસાયણોનો છંટકાવ કરાઈ રહ્યો છે. લશ્કરી જવાનો ધ્વસ્ત મકાનોમાંથી જ્યાં જ્યાં બેંક બ્રાંચો હતી અને સેફ ડિપોઝીટ વોલ્ટ હતા તે અને ધરબાયેલા દસ્તાવેજો પાછા મેળવવાની કામગીરી પણ કરી રહ્યા છે. ધ્વસ્ત થયેલી જનરલ હોસ્પિટલના કાટમાળ હેઠળથી સોનોગ્રાફી, ડાયાલિસિસ વગેરેના કિંમતી યંત્રો પણ સલામત રીતે કાઢવામાં મદદ કરી રહ્યા છે. કોહવાયેલી લાશો કાઢવાની કામગીરીથી પેદા થતી અને થનારી ગંભીર માનસિક સમસ્યાઓના નિવારણ - ઉકેલ માટે 'ડિફેન્સ ઈન્સ્ટિટ્યૂટ ઑફ સાયકોલોજિકલ રિસર્ચ (DIPR)'ની મદદ પણ લેવાઈ રહી છે.

ભૂકંપે સર્જેલી અકથ્ય, પારાવાર વ્યક્તિગત અને પારિવારીક યાતનાનો અંદાજ આપતી ભુજના ચેતનાબેન મંગલદાસ રાજગોર, ઉંમર વર્ષ ૩૧,ની આપવીતીની ઘટનાની વિગતો આ લખનારની સામે આવી. આ ઘટનાનું વર્ણન ખુદ ચેતનાબેન રાજગોરના પોતાના જ શબ્દોમાં :

*"....ભુજમાં અમે ગાયત્રી એપાર્ટમેન્ટમાં રહેતા હતા. અમે બંને પતિ-પત્ની અને અમારો બાબો અને બેબી – એમ અમારા ૪ જણનો નાનો પરિવાર હતો. વાયરમેન તરીકેના કામમાંથી મારા પતિ સારું કમાતા. સ્વભાવ પણ સારો હતો. અમે સુખી હતા. ૨૬ જાન્યુઆરી, ૨૦૦૧ના રજાના દિવસે નાસ્તો-પાણી કરી અમે ચારેય જણ ટી.વી. જોતા હતા.*

*"....અમારો બ્લોક ગ્રાઉન્ડ ફ્લોરમાં હતો. સવારે પોણા નવેક વાગે ભૂકંપ થતા જ અમારા મકાનની દીવાલો આમતેમ ડોલવા લાગી. અમે બધા હાંફળા-ફાંફળા થઈ ગયેલા. મારા પતિએ*

*લાગણીઓનું નામ આવ્યું, ને શ્વાસ સાવ સૂનો થઈ ગયો. શબ્દ જેવો શબ્દ પણ સાવ મૂંગો થઈ ગયો.*

મને કહ્યું : 'ઋચિને હું લઈ જાઉં છું, તું મુન્નાને ઉપાડી લે. આપણે ચારેય ઘરની બહાર નીકળી જઈએ.' પણ હજુ તો કાંઈ સમજાય તેથી પહેલા તો અમારો આખોય બ્લોક જ જાણે જમીનની અંદર ગરક થઈ ગયો. અમે ખૂબ બૂમો પાડી : 'બચાવો.. બચાવો...' અમાર ઉપર, ઉપલા ફ્લોરનો સિમેન્ટ કોંક્રીટ - સ્ટીલનો આખોય સ્લેબ ધસી પડેલો હતો. જે અમારાથી છ-સાત ઈંચ જ ઉપર હતો. મારો દીકરો મુન્નો મારી નજીક જ હતો. મારા પગ લોખંડ - સિમેન્ટના ભારેખમ કાટમાળમાં ફસાઈ પડેલા હતા. મને અસહ્ય પીડા થતી હતી. હું બૂમો પાડતી હતી. સાનભાન ખોરવાઈ ગયેલું હતું. મારી બાજુમાં દબાઈ પડેલા દીકરાને મેં કહ્યું : 'મુન્ના, કબાટમાંથી મને ખાવાની દવાની ગોળી આપ અને રસોડામાંથી પાણી આપ.' મુન્નાએ કહ્યું : 'મમ્મી, આપણું કબાટ કે રસોડું, કશું નથી રહ્યું. હવે તો ખબર પડતી નથી કે આપણે બહાર પણ નીકળી શકીશું કે નહીં.' મેં તેને સાંત્વના આપવા કહ્યું, 'બે-ચાર દિવસે કદાચ આપણે બહાર નીકળી શકીશું.'

"....મેં મારા પતિને પણ અવાજ દીધો. 'હું ક્યારની બૂમો પાડું છું, છતાં તમે કેમ કાંઈ બોલતા નથી? મને કેટલી બધી પીડા થાય છે ને તમે તો કાંઈ બોલતાય નથી.' પણ એ જવાબ કેમ આપી શકે? જો આ દુનિયામાં હયાત હોત તો જવાબ આપે ને? એ તો અમને મા-દીકરાને છોડીને, બાપ-દીકરી બંને આ દુનિયા છોડી, ક્યારનાયે અમને અલવિદા કહી ગયા હતા. પણ બાજુમાં હોવા છતાંય, અમને તો એકબીજાની કંઈ જાણ પણ ન હતી.

"....અમારી આસપાસ સમસ્ત અંધકાર, અંધકાર જ હતો. રાત હતી કે દિવસ, અમને કાંઈ સમજાતું નહોતું.

"....મારા જેઠ અરવિંદભાઈ અમને શોધવા નીકળતા રહેતા, એ તો અમને પછીથી જાણવા મળેલું. એમણે ઘણી બૂમો પાડેલી, પણ એ જ્યારે જ્યારે આવ્યા હશે ત્યારે અમે યા તો બેભાન હોઈશું, કે પીડાની તંદ્રામાં હશું.

"....અમે જેના હેઠળ દબાઈ ગયેલા તે અમારી બિલ્ડિંગની હાલત એવી બૂરી રીતે ખરાબ હતી કે એમાં કોઈ બચ્યું હોય તેવું કળી પણ શકાય નહીં. મારા જેઠ દિવસમાં બે-ત્રણ વખત આવતા રહ્યા પણ અમારા કર્મસંજોગે ન તો અમારા વલોપાતનો અવાજ બહારવાળાઓ સુધી પહોંચ્યો કે નતો એમનો સાદ બે દિવસ સુધી અમારા સુધી પહોંચ્યો.

"...છેક ત્રીજા દિવસે એકબીજાના સાદ સંભળાયા. ત્યારે અમારા મુન્નાએ વધુ જોર કરીને સામા સાદ આપ્યા : 'કાકા, કાકા, અમે જમીનની અંદર ગરક થયેલા છીએ. અમે જીવતા છીએ. અમને જલદી બહાર કાઢો.' પણ પહેલા તો અમને પીવાનું પાણી આપો. અમને બહુ જ તરસ લાગી છે.' મારા જેઠનો અવાજ આવ્યો : 'મુન્ના બેટા, હું હમણાં જ નલી વાટે પાણી સરકાવું છું.'

"...પછી કાટમાળના ઢગલા વચ્ચેથી જેમ-તેમ કરીને સરકાવાયેલી ટ્યુબથી તુરત પાણી આવ્યું. મારા છોકરાએ કહ્યું, 'મમ્મી, પહેલા તુ પાણી પી.' મેં કહ્યું, 'નહીં દીકરા, પહેલા તું પી.' મુન્નાએ કહ્યું, 'નહીં મમ્મી, તું પાણી નહીં પીએ ત્યાં સુધી હું નથી જ પીવાનો.' આખરે રકઝક અટકાવવા મેં નળી મારે મોંએ લગાડવાનો દેખાવ કર્યો અને પછી તેને આપી. પછી વારાફરતી અમે બંનેએ પાણી પીધું. મારા જેઠ તો તે પછી આર્મિવાળાઓને બોલાવી લાવ્યા. મારા બંને પગ એવી બૂરી રીતે ફસાઈ ગયેલા હતા કે મને લગભગ ખ્યાલ આવી ગયો હતો કે મારા પગ મને કામ આવે એવા રહેશે નહીં. આર્મિવાળાઓએ પણ મારા જેઠને કહ્યું કે બહેન તો પગથી ખલાસ થઈ ગયા છે. બહેતર છે એમને ઝેરનું ઈન્જેક્શન અપાય. પરંતુ મારા જેઠ અરવિંદભાઈએ કહ્યું : 'નહીં, અમે જીવતા જીવને મરવા નહીં દઈએ. ભલે પગ નહીં હોય તો પણ જીવતા બેઠા તો રહેશે ને.' મેં મારા જેઠને કહ્યું : 'મને અહીં અંદર જ પડી રહેવા દો.' એમણે ઘસીને ના પાડી. મેં એમને સમજાવવા વધુ કોશિશ કરી : 'મારા તો પગ પણ ચાલ્યા ગયા છે ને પતિ પણ ચાલ્યા ગયા છે. તમે મને જિંદગીભર કેમ કરીને પાળી શકશો?' જેઠ અરવિંદભાઈએ કહ્યું : 'હા, હું તને પાળીશ. મને એક દીકરી છે એમ નહીં સમજું, પણ હવે મારી બે દીકરી છે એમ સમજીશ. પણ તને મરવા તો નહીં જ દઉં.' આર્મિવાળાઓએ તો કાટમાળ નીચેથી કાઢવામાં હાથ ઊંચા કરી દીધેલા. એટલે મારા જેઠ ફ્રાંસવાળી બચાવ ટુકડીને બોલાવી લાવ્યા. એ લોકો તુરત કામે લાગ્યા. ખૂબ મહેનતે, પાંચ-છ કલાકની જહેમતે હેરાન થતાં થતાં તારીખ ૨૮ની રાતના બારેક વાગે મને જંગી કાટમાળ નીચેથી બહાર કાઢી શક્યા. મારા પગ ખલાસ થઈ ગયા હોવાથી આર્મિવાળાઓની કામચલાઉ હોસ્પિટલમાં જ મારા બંને પગ કાપી નાખવા પડેલા. જો બેઉ પગ તુરતાતુરત કાપી ન નંખાય તો આખા શરીરમાં ઝેર ફેલાઈ જાય તેમ હતું. બીજા દિવસે મારા જેઠ મને ભુજથી બિદડા હોસ્પિટલમાં લઈ આવ્યા. અહીં હું મારી માતાના ખોળામાં આવી હોવાનો મને અહેસાસ થાય છે. હવે મને બીજો જન્મ મળ્યો છે..."

**મો. ૯૧૬૭૫ ૬૭૩૯૫, ૯૯૩૦૬ ૬૦૨૪૨**

**(લેખકશ્રીના સૌજન્ય સ્વીકાર સાથે)**

*એક કપ "ચા" "હ"ની સંગત સારી પણ એક કપ "ટી" ની સંગત બૂરી.*

કચ્છનો ગોઝારો ધરતીકંપ

# પગમેં [redacted]

• લીલાધર માણેક ગડા •

*'પગમેં ભમરી'નું શિર્ષક આજે અધૂરું મૂકું છું. પગમાં ફ્રેક્ચર સાથેના સેંકડો દર્દીઓને જોઈ શિર્ષક પૂરું થતું નથી. માત્ર એક જ દિલાસો છે આપણા મનમાં ક્યાંક ફ્રેક્ચર નથી.*

૨૬મી જાન્યુઆરી, ૨૦૦૧..... સવારે ૮-૪૪નાં ધરતીકંપના આંચકાની તીવ્રતાએ સૌને હચમચાવી મૂક્યા. ગગનચુંબી ઈમારતોમાં રહેનારને સ્વર્ગ નરક નજીક લાગ્યું. સવારના દસ સુધીમાં સમાચાર મળ્યા કે ધરતીકંપનું કેન્દ્રબિંદુ ભુજ નજીક છે. અગિયાર વાગે ન્યુઝ આવે કે સેંકડોની જાનહાનિ થઈ છે પરંતુ સેંકડો કિ.મી. દૂર બેઠેલાને ખરી નુકસાનીનો અંદાજ આવે નહીં. બરાબર ૧૦.૪૫ ધરતીકંપના બે કલાક પછી સેટેલાઈટ ફોન પર શ્રી બાબુભાઈ મેઘજી શાહનો સંદેશો આવે છે "લીલાધરભાઈને સમાચાર આપો આશરે ૨૫,૦૦૦ ઘાયલ લોકો માટે ડૉક્ટરો દવાઓ સાથે તાબડતોબ કચ્છ આવે. અડધા કલાકમાં નિર્ણય લેવાયો કે સાંજે પાંચ કલાકે ડૉક્ટરો, કાર્યકરો એકત્રિત થાય. સાંજે સાતથી પરોઢ સુધીમાં સ્વયંસેવકોની ટુકડી દવાની દુકાનો, દવા બજારનાં ગોડાઉન ખોલાવી ૧૦૦ જેટલા કાર્ટુન આશરે બે ટન દવાઓ ભેગી કરી. વેકેશન માણવા ગયેલા ડૉક્ટરો રજા ટુંકાવી પાછા ફર્યા. ૨૭ની સવારે પ્રથમ વિમાન ૨૮ ડૉક્ટરો, નર્સો અને ૮ સ્વયંસેવકો સાથે ભુજ રવાના થયું. બાકીના ૫૦ ડૉક્ટરો, નર્સો, સ્વયંસેવકોની ટીમ બીજી ફ્લાઈટમાં રવાના થઈ. પ્રથમ વિમાનને ચાર કલાક જામનગર રોકાવું પડ્યું તથા બીજા વિમાનના પેસેન્જરોને જામનગર ઉતરી જવું પડ્યું. જ્યાંથી તેઓ બસ દ્વારા રવાના થયા. જામનગરમાં ચાર કલાકના રોકાણ દરમિયાન ડૉ. કે.ડી. શાહ, ડૉ. તરલ નાગડા, ડૉ. અમૃત વોરાએ "Operation Relief"ની ફોર્મ્યુલા ઘડી કાઢી. પ્રથમ ટીમ બિદડા, બીજી ટીમ ભોજાય અને ત્રીજી ટીમ બિદડા કાર્ય કરશે અને એ પ્રમાણે બિદડામાં ચાર ઑપરેશન ટેબલ, ભોજાયમાં બે ઑપરેશન ટેબલ કાર્યરત કરવાનો નિર્ણય લેવાયો. જામનગરમાં એરોડ્રામ પર સૂરજ તપતો હતો અને અમારા સૌના દિલમાં પણ જે પરિતાપ હતો તેની ઉષ્ણતા ઓછી ન હતી. નજર ઉત્તર તરફ ભુજ તરફ મંડાયેલી હતી.. પોણા ચાર વાગે અમારું વિમાન આખરે ભુજ જવા રવાના થયું.

૨૭મી જાન્યુઆરી, ૨૦૦૧ના સાંજના ૪.૩૦ વાગ્યા છે. હું ભુજના જ્યુબિલી ગ્રાઉન્ડ પર ઉભો છું જ્યાં રણજી ટ્રોફી મેચ રમાતી હોય, ભારતના ટોચના નેતાઓની વિવિધ સભાઓ હોય, નર્મદાની વિશાળ રેલી હોય, છાડબેટના આંતરરાષ્ટ્રીય પંચના ચુકાદાની વિરૂધ્ધની સત્યાગ્રહ સભા હોય, ૧૯૬૨, ૧૯૬૫, ૧૯૭૧, ૨૦૦૦ ભારતનાં ચીન તથા પાકિસ્તાન સામેનાં યુધ્ધને ટેકો આપવાનો નિશ્ચય જાહેર કરતી સભાઓ ભરાતી હોય; કચ્છનાં દરેક પ્રાણપ્રશ્ને કચ્છની પ્રજાની લડતના ગુંજારવ પડઘાઓ પાડતું જ્યુબિલી ગ્રાઉન્ડ... આજે... સેંકડો મૃત અને ઘાયલ કચ્છીઓથી ઉભરાય છે. કોઈનો હાથ ચુંથાયેલો છે, માથું છુંદાયેલું છે, પગ છુટા પડી ખરડાયેલા છે... ઘાયલોમાં ૬ મહિનાનું બાળક છે... ૮૦ વર્ષની વૃધ્ધા પણ છે. સૌ વિમાસણમાં છે. દસ મિનિટોમાં મુખ્યાલય પર દસ સંદેશાઓ મેડિકલ સહાય માટે આવે છે. જ્યુબિલી ગ્રાઉન્ડનાં એક છેડા પર નાના શા તંબુમાં ડૉક્ટરો ખૂબ જ મર્યાદિત સાધનો સાથે પ્રાથમિક સારવાર આપી રહ્યા છે. ઘાયલ દર્દીઓની પાટાપિંડી, ટાંકાઓ લેવાથી વિશેષ કશું કરવું શક્ય નથી. દર્દીઓને એનેસ્થેશિયા (શીશી સુંઘાડનાર) ડૉક્ટર કે અન્ય સારવાર ઉપલબ્ધ નથી કારણકે બધું ધ્વસ્ત થઈ ગયું છે.

કડડભૂસ ઈમારતોમાંથી બચાવો... બચાવો...ની બૂમો હળવે હળવે ધીમી પડતી જાય છે. ત્રીસ ત્રીસ કલાક સુધી ઈમારતોમાં કાટમાળ નીચે દટાયેલા અબાલવૃધ્ધોનાં ગળાં તરસથી શોષાઈ ગયા છે. અવાજ દબાઈ ગયો છે, શ્વાસ રૂંધાતા જાય છે અને પલપલ મૃત્યુ નજીક આવતું જાય છે. ઘણાને મૃત્યુ આંબી ગયું છે, ઘણા જણ હજી મૃત્યુને લડત આપે છે.... ખબર નથી કે સહાયનો હાથ એમની પાસે પહોંચશે ત્યારે ધબકતું હૈયું હશે કે નિશ્ચેતન તન હશે. ભુજની જાહોજલાલીની કુરનિસ બજાવતી ઈંદીરાબાઈ ગર્લ્સ હાઈસ્કૂલ, માતૃછાયા, ઑલ્ફ્રેડ હાઈસ્કૂલ, મ્યુઝિયમ, આઇના

*જિંદગી, બહુ જ અઘરું વ્યાકરણ છે તારું! 'તત્વ' લેવા જાઉં છું તો 'સત્વ' છટકી જાય. બેઉને પકડું અગર તો 'અસ્તિત્વ' છટકી જાય છે.*

મહેલ, જૈન ભવન, ટાઉન હોલ પત્તાની મહેલની જેમ ધરાશયી થઈ ગયાં છે. સિવિલ હોસ્પિટલ ૨૦૦-૨૫૦ દર્દીઓ, પ્રસુતાઓ, નવજાત શિશુઓ, પરિચારિકાઓ માટે કબ્રસ્તાન બન્યા છે. ભુજની ચાર-છ બહુમાળી ઈમારતોએ પાંચસોથી વધુનો ભોગ લીધો છે પરંતુ આ આંકડાઓ ઓછા છે.

સાવજ જેવા બાબુભાઈ મેઘજી, તારાચંદ છેડા અમને ભેટીને રડે છે. કલેક્ટર શ્રી દાયાની ભુજમાં ડૉક્ટરી સેવાઓ આપવા વિનંતી કરે છે. અમને ખ્યાલ છે કે સારવાર માત્ર પાટાપિંડીથી ઘણી વિશેષ આપવાની છે અને તેથી જ્યુબિલી ગ્રાઉન્ડમાંથી દર્દીઓથી છ બસો બિદડા રવાના કરવાની વ્યવસ્થા ગોઠવાય છે. અમે સાડા પાંચે બિદડા પહોંચીએ છીએ. હોસ્પિટલની પોર્ચમાં અમારા સરનશીન બચુભાઈની આંખમાં ઈંતેજારીને બદલે આશાનું કિરણ ફૂટે છે. એકાદ કલાકમાં જમી પરવારી સાંજે સાત વાગે ડૉ. કે.ડી. શાહે ઑપરેશન થિયેટરનું સંચાલન સંભાળ્યું. ડૉ. અમૃત વોરાનાં હાથમાં વોર્ડની જવાબદારી આવી અને ડૉ. તરલ નાગડાનું કાર્ય ઓપરેશન થિયેટર અને વોર્ડ વચ્ચેનું સંકલન કરવાનું રહ્યું. બિદડાનું કાર્ય શરૂ કરાવી હું ભોજાય જાઉં છું. ત્યાં પણ કલ્યાણજીભાઈને શ્રધ્ધા હતી કે મુંબઈથી કોઈક આવશે અને... અમારી ટીમ ત્યાં પહોંચે છે. અડધી રાત્રે બિદડા પાછો આવું છું. પરોઢે બીજી ટીમ જામનગરથી બસમાં આવી પહોંચે છે અને એક ટીમ ભોજાય રવાના થાય છે અને સવારે ૭.૩૦ વાગે ત્યાં કાર્ય શરૂ થાય છે.

- **૨૮ જાન્યુઆરી, ૨૦૦૧ – મધ્ય રાત્રે :**

અડધી રાત્રે ભોજાયથી બિદડા આવું છું. બિદડા હોસ્પિટલમાં આજનું છેલ્લું ઑપરેશન છે. કચ્છની પ્રજાની સહનશક્તિ અને ખુમારી નિહાળી ગર્વ અનુભવું છું. બિદડામાં ૩૫૦ અને ભોજાયમાં ૧૫૦ દર્દીઓ દાખલ છે. કોઈના હાથ, કોઈના પગ કાપી નાખવા પડ્યા છે. પોણા ભાગનાં દર્દીઓ ગંભીર ઈજાથી પીડાય છે અને એક પણ ઉંહકારો કે સીસકારો નથી સંભળાતો.

છેલ્લા દર્દીને એનેસ્થેશિયા આપી ડૉ. નીતા બહાર આવે છે. મારી કાંધ પર માથું રાખી મોટેથી રડે છે. મને કહે છે, “અધા, હું ઈચ્છું છું કે આ દર્દી એનેસ્થેશિયામાંથી બહાર આવે નહીં. તમને ખબર છે અધા, આઠ મહિનાની આ બાળકીનો બાપ, એની મા, ત્રણ ભાઈભાંડરૂ બધા કાળનો ભોગ બન્યા છે. અને... આ એક નાની બાળકીનાં બેઉ પગ કાપી નાખવા પડ્યા છે. ઈશ્વર બાળકોને જીવનદાન આપી વધારે ક્રૂર બન્યો છે. Why the hell, he kept her alive.”

હું અવાચક્, નિરુત્તર છું. હળવેથી એનાં લલાટે હાથ ફેરવી કહું છું, “આ દુર્ઘટના જેણે જોઈ છે તેનો ઈશ્વર પરથી વિશ્વાસ ઉઠી જાય છે ત્યારે, તમે સૌ ફરીસ્તાઓ જે કાર્ય કરો છો તેનાથી માણસનો માણસમાં વિશ્વાસ જાગૃત થાય છે.”

વોર્ડમાં સૂમસામ શાંતિ છે. કોઈ ચિત્કાર નથી, વેદનાનો અણસાર નથી. છતાં સૂતેલાં સૌનાં અજાગૃત મનમાં વિનાશની ભૂતાવળ દેખાય છે અને વચ્ચે વચ્ચે ક્યાંય એક આશાનું કિરણ પણ છે.. વિશ્વાસ અને શ્રધ્ધાનું કે હવે ઈશ્વરને પણ પોતાની કરણી પ્રત્યે દુઃખ અને પીડા થાય અને કુદરતમાં રહેલા શેતાની તત્ત્વનો ધ્વંસ થાય. સર્જન વિસર્જનની પ્રક્રિયામાં માણસ અડીખમ ઉભો છે.

*(ક.વિ.ઓ. સમાજ - મુંબઈના માસિક મુખપત્ર “પગદંડી”ના ફેબ્રુઆરી-૨૦૦૧ના અને ભૂકંપ પછી હજુ સુધી કચ્છ સમગ્રની અનન્ય સેવા કરતા રહેલા લેખકના સૌજન્ય સ્વીકાર સાથે... – મુખ્ય તંત્રી)*

## સિંચાઇ વિભાગના અધિક્ષક ઇજનેરશ્રીના આયોજનમાં તફાવત

**(અનુ. : પાના નં.-૧૪ ઉપરથી ચાલુ)**

ગત વર્ષે કચ્છથી ભાજપનું એક જૂથ કે જેમાં ૫૦થી ૬૦ વ્યક્તિઓનો સમાવેશ થયેલ હતો, કે જેઓ મુખ્યમંત્રીશ્રીની રૂબરૂ મુલાકાતે ગાંધીનગર ગયેલ હતા અને તેમને આવતા બજેટમાં રૂા. ૫૦૦ કરોડ ફાળવવામાં આવશે તેવી હૈયાધારણ આપવામાં આવેલ હતી. પરંતુ ગત વર્ષના બજેટના આંકડા જોઈએ તો એ ખ્યાલ આવે છે કે ગુજરાત સરકારશ્રીએ કચ્છના વધારાના પાણીના કાર્યો માટે કોઇ પણ રકમની ફાળવણી કરેલ ન હતી.

એક તરફ તે સમયના કચ્છના પ્રતિનિધિ મંડળની વાત, બીજી તરફ કચ્છના વર્તમાન સાંસદશ્રીની વાત અને ત્રીજી તરફ સિંચાઈ વર્તુળમાં નવા નિમાયેલ અધિક્ષક ઈજનેરશ્રીની વાતની વિગતો કચ્છની જનતાએ બરોબર સમજવી જોઈએ અને કચ્છના સાંસદશ્રીએ કરેલ રજૂઆતને સંપૂર્ણપણે ટેકો આપી પાણીના આ કાર્યો માટે વધુને વધુ રકમ આવતા બજેટમાં ફાળવાય તેવા પ્રયાસો આદરવા જોઈએ. કચ્છની જનતાની આ માંગણી અને લાગણી સાથે અધિક્ષક ઈજનેરશ્રી જોડાઈ પોતાના આયોજનો એ પ્રમાણે ઘડી કાઢશે તો તે કચ્છ માટે વધુ હિતકારક બની રહેશે. અધિક્ષક ઈજનેરશ્રીને વિનંતી કે તેઓ વધુને વધુ રકમની ફાળવણી આવતા બજેટમાં ગુજરાત સરકારશ્રી પાસેથી કરાવડાવે.

*૨૦૩, સવિતા એન્કલેવ,*
*સમર્પણ બંગ્લોઝની બાજુમાં,*
*જજીસ બંગલો ચાર રસ્તા પાસે,*
*બોડકદેવ, અમદાવાદ-૩૮૦ ૦૧૫.*
*મો. ૯૮૨૫૩ ૨૨૬૮૯*

*ઊંચું ઉડવાવાળું પક્ષી પણ ઘમંડ નથી કરતું કારણકે એને પણ ખબર છે કે આકાશમાં બેસવાની જગ્યા નથી હોતી.*

# વધારાના પાણીના કાર્યો માટે સાંસદશ્રીની દરખાસ્ત સામે નવા નિમાયેલ સિંચાઇ વિભાગના અધિક્ષક ઇજનેરશ્રીના આયોજનમાં તફાવત છે



અશોક મહેતા

કચ્છને વર્ષ ૨૦૦૬માં ફાળવવામાં આવેલ નર્મદા નદીના વધારાના પાણીમાંથી ૧.૦૦ M.A.F. પાણીના કાર્યો વર્ષ ૨૦૧૯ના અંત ભાગ સુધીમાં પણ શરૂ કરવામાં આવેલ ન હોવાથી કચ્છના વર્તમાન સાંસદ શ્રી વિનોદભાઈ ચાવડાએ સરકારશ્રીને વર્ષ ૨૦૨૦-૨૧ના બજેટમાં રૂા. ૨૦૦૦ કરોડ ફાળવવાનો અનુરોધ કરેલ હતો અને તેને લગતા સમાચાર 'કચ્છમિત્ર'ના અંકમાં થોડા દિવસ અગાઉ પ્રસારિત કરવામાં આવેલ હતા.

ત્યારબાદ 'કચ્છમિત્ર'ના તા. ૩-૧-૨૦૨૦ના અંકમાં એવા અહેવાલ પ્રસારિત કરવામાં આવેલ છે કે કચ્છ સિંચાઇ વર્તુળના નવા અધિક્ષક તરીકે નિમાયેલ શ્રી એસ.બી. રાવે સરકારશ્રી પાસેથી સારણ જળાશય અને દૂધઇ બ્રાંચ કેનાલને લંબાવીને બન્ની સુધી લઇ જવા માટે રૂા. ૫૬૫.૧૨ કરોડની માંગણી કરેલ છે. પ્રથમ દૃષ્ટિએ નવા અધિક્ષક ઈજનેરની વાત હકારાત્મક છે. પરંતુ તેમના આયોજન થકી કચ્છના સાંસદ શ્રી વિનોદભાઈ ચાવડાની વાતનો છેદ આપોઆપ ઉડી જાય છે. શ્રી વિનોદભાઈ ચાવડાની રૂા.૨૦૦૦ કરોડની માંગણી સામે કચ્છમાં નવા નિમાયેલ જળસિંચાઈ વિભાગના અધિકારીશ્રીએ માત્ર રૂા. ૫૬૫.૧૨ કરોડની જ માંગણી કરેલ છે, તે કચ્છની જનતાને એકદમ અજુગતી લાગે છે. તાજેતરમાં જ નવી રચાયેલ "કચ્છ નર્મદા જળ અભિયાન" સમિતિએ પણ સરકારશ્રી પાસેથી આ યોજનાના કાર્યો શરૂ કરાવવા, આવતા વર્ષના બજેટમાં પ્રોજેક્ટના ટોટલ ખર્ચના ૫૦ ટકા રકમ ફાળવણીની માંગણી કરેલ છે.

આયોજન પ્રમાણે સારણ જળાશયને ભરવાની તથા બન્ની વિસ્તારમાં જળાશય બનાવી ત્યાં પાણી સંગ્રહી, પાકને ઉત્તેજન આપવું એકદમ જરૂરી છે અને તે કાર્યો પણ થવા જોઈએ. પરંતુ સાથે સાથે સધર્ન લિંક કેનાલ, નોધર્ન લિંક કેનાલ તેમજ હાઈ કન્ટુર કેનાલના કામો પણ ઝડપી થવા જોઈએ કે જેના કારણે કચ્છના નખત્રાણા, લખપત, અબડાસા જેવા વિસ્તારો અને છેક નારાયણ સરોવર સુધી સિંચાઇના પાણી પહોંચાડી ત્યાંની જમીનના ખેતીના પાકને ઉત્તેજન આપી શકાય. આ હકીકતના અનુસંધાને રૂા. ૫૬૫ કરોડ ફાળવવાની વાત કરતા કચ્છની જનતા માટે રૂા. ૨૦૦૦/- કરોડ અથવા પ્રોજેક્ટની કિંમતની ૫૦ ટકા રકમ ફાળવાય તે વાત વધુ યોગ્ય અને વર્તમાન સમયને વધુ અનુરૂપ ભાસે છે.

તા. ૩-૧-૨૦૨૦ના 'કચ્છમિત્ર'ના અહેવાલમાં મલ્ટી મેન્ટેકે આયોજન કરેલ વિગતો આપવામાં આવી છે કે જે નર્મદા નદીની કચ્છ બ્રાંચ કેનાલમાંથી અલગ અલગ ૭ સ્થળેથી અન્ય બ્રાંચ કેનાલો બનાવી વધારાના પાણીના વપરાશના આયોજનની વિગત સૂચવે છે. ખરેખર તો આ આયોજન વર્ષ ૨૦૧૦માં થઈ ગયેલ છે અને તેની વિગતો તે સમયે પ્રસારિત કરી દેવામાં તો આવેલ છે. પરંતુ ત્યારબાદ પણ આ પ્રકારના અહેવાલો અનેક વખત પ્રસારિત થઈ ગયેલ છે. તેમ છતા આજ આંકડા ફરીથી રીપીટ કરીને નવા અધિક્ષકશ્રી શું કહેવા માંગે છે તે વિગતો સમજની બહાર છે. આ આયોજનો જે પ્રસારિત કરવામાં આવેલ છે તે નવા નથી પરંતુ વર્ષ ૨૦૧૦ના છે અને આ પ્રશ્નને જાણકાર દરેક કચ્છી પાસે તેની વિગતવાર માહિતી તો છે જ.

આજથી ત્રણ વર્ષ અગાઉના બજેટમાં ગુજરાત સરકારશ્રીએ કચ્છના વધારાના પાણીના કાર્યો માટે રૂા. ૫૦૦૦ કરોડની યોજના સામે માત્ર રૂા. ૧૫ કરોડ ફાળવેલ હતા. ત્યારબાદના વર્ષમાં માત્ર રૂા. ૭૫ કરોડ ફાળવેલ હતા. ઉપરોક્ત ફાળવણીની સામે સમયે સમયે સિંચાઇ વિભાગે કચ્છના કાર્યો માટે કરોડો રૂપિયા ફાળવવાની માંગણી કરેલ હતી. જેના ફળ સ્વરૂપે ગાંધીનગરથી માત્ર મામૂલી રકમ જ ફાળવવામાં આવેલ હતી. તેથી અધિક્ષક ઈજનેરની રૂા. ૫૬૫ કરોડની માંગણી સામે ગાંધીનગરનું નાણાં વિભાગ શું ફાળવણી કરશે તે એક પ્રશ્ન છે. અને તેથી કચ્છની જનતાએ અધિક્ષક ઈજનેરશ્રીની વાતમાં આવી જવાના બદલે પોતાની માંગણી સામે નક્કર અવાજ ઉઠાવવો ખૂબ જ જરૂરી બની રહે છે.

**(અનુ. : જુઓ પાના નં.-૧૩ ઉપર)**

*નહીં તો તબીબો મને કાં બતાવે? બધી કામની છે નકામી દવાઓ. – ચંદુ મહેસાનવી*

કચ્છ

# ભુજ શહેરને તળાવોના માધ્યમથી જળ સ્વાવલંબનની દિશામાં લઇ જવા માટે એક માસ્ટર પ્લાનની જરૂર છે



ડૉ. મિહિર એમ. વોરા

પૃથ્વી ઉપર જીવનની શરૂઆત થઈ એ પહેલા જીવન માટે જરૂરી એવા પાણીની ઉત્પત્તિ થઈ હતી. પૃથ્વીનો નક્કર આકાર થયા બાદ કાળક્રમે તેના ઉપર વરસાદ સ્વરૂપે પાણી વરસવાનું શરૂ થયું હતું. પૃથ્વીની સપાટી ઉપર આ પાણી વહેવાનું શરૂ થયું અને જે સ્થળે આ પાણીના વહેણમાં આડાશ આવી ત્યાં એ પાણી સંગ્રહ થયો. આમ, કુદરતી રીતે પૃથ્વી ઉપર જળાશયો આકાર લેવા માંડ્યા. આ જળાશયો સમય જતાં તળાવ તરીકે ઓળખાવા લાગ્યા. તળાવમાં જમા થતું પાણી પૃથ્વીની સપાટી ઉપર રહેતું, અને સાથે સાથે સપાટી નીચે પણ અનુશ્રવણ દ્વારા જમા થવા લાગ્યું. પૃથ્વી ઉપર જીવનની શરૂઆત થતાં જીવસૃષ્ટિ આ પાણીનો ઉપયોગ કરવા લાગી. માનવની વિચાર શક્તિએ તળાવના પાણીની સાથે સપાટી નીચે જમા થયેલા પાણીનો ઉપયોગ કરવાનો રસ્તો શોધી કાઢ્યો અને જે રચના અસ્તિત્વમાં આવી તેને કૂવો, વાવ, પગથિયાવાળી વાવ જેવા અનેકવિધ નામ આપવામાં આવ્યા.

ટેકનોલોજીનો વિકાસ થતાં વસુંધરાના પેટાળમાં જમા થયેલા પાણીને આજે આપણે બૉરવેલ દ્વારા ઉલેચી રહ્યા છીએ. નવી ટેકનોલોજીની સામે વર્ષોથી ચાલી આવતી આપણી જૂની ટેકનોલોજી પણ તળાવોના માધ્યમથી સંસ્કૃતિ સ્વરૂપે આજે પણ ક્યાંક જીવંત છે. મિત્રો, આ વખતે કચ્છમાં દુષ્કાળની કપરી માર છે ત્યારે આ લેખ એક ધ્યાન દોરે છે. આમાં જેનો સંદર્ભ લેવાનો છે તે લેખક પોતે જળ સંશોધન સંસ્થામાં ઈજનેર તરીકે કાર્યરત છે. એટલે એક સચોટ માહિતી છે. મેં તો માત્ર માહિતી પાઈ છે, જેનો સ્વીકાર કરીને આ બાબતે વિચારજો તેવી અપીલ છે.

આજના સમયમાં ખાસ કરીને શહેરોમાં તળાવોની આપણી પ્રાચીન સંસ્કૃતિ ભૂલાતી જતી હોય એવું સ્પષ્ટ દેખાઈ રહ્યું છે. થોડા સમય પહેલા જળસ્રોત સ્નેહ સંવર્ધન સમિતિ દ્વારા ભુજ શહેરની સીમમાં આવેલા તળાવોનું એક સર્વેક્ષણ કરવામાં આવેલ હતું. આ સર્વેક્ષણ પ્રમાણે 'ભાડા'ની સીમમાં આવેલા કુલ ૪૨ તળાવો છે જેમાં ભુજ શહેરની સીમમાં આવેલા ૨૯, હરિપર ગામની હદમાં ૪, મિરઝાપર ગામની હદમાં ૩, બી.એસ.એફ.ની હદમાં ૨ અને માધાપર ગામની હદમાં આવેલા ૪ તળાવોનો સમાવેશ થાય છે. આ ૪૨ તળાવોનું વર્ગીકરણ કરીએ તો ૨૯ જેટલા તળાવો આપણી નજર સમક્ષ છે (ઉદાહરણ : હમીરસર તળાવ). સીલ્ટીંગ થઈ ગયુંલ હોય તેવા કુલ ૧૩ તળાવો છે (ઉદાહરણ : હામદ્રાઇ તળાવ). સંપૂર્ણપણે લુપ્ત થઈ ગયેલા ૬ તળાવો છે (ઉદાહરણ : જીવણરાય તળાવ). પ્રદૂષણનો ભોગ બનેલા કુલ ૧૧ તળાવો છે (ઉદાહરણ : પાંજરાપોળવાળું તળાવ, દેશલસર તળાવ). ગેરકાયદેસર દબાણથી બચી ગયેલા ૭ તળાવો છે (ઉદાહરણ : પ્રાગસર તળાવ). ઘરવપરાશ અને પીવાના પાણીના સ્રોત તરીકે વપરાતા ૬ તળાવો છે (ઉદાહરણ : રાજગોરાઈ તળાવ).

ભુજ શહેરના તળાવોની વાત કરીએ તો હમીરસર તળાવ નસીબદાર છે કે તેને લોકો દ્વારા 'માન-મોભો' આપવામાં આવેલો છે અને તેની સાપેક્ષે દેશલસર તળાવને ઉપેક્ષિત કરવામાં આવેલું છે. જીવણરાઈ તળાવનું મહત્ત્વ સમજ્યા વગર તેને નામશેષ કરી નાખવામાં આવ્યું છે જ્યારે પ્રાગસર તળાવ બાબતે વિવાદ ચાલે છે. ભુજ શહેરમાં અને તેની આસપાસ આવેલા લગભગ દરેક તળાવો હમીરસર તળાવની સાથે સંલગ્ન છે. કેટલાક તળાવો તો હમીરસરના કેચમેન્ટ વિસ્તારમાં આવેલા છે. ભુજ શહેરની પાણીની જરૂરિયાતને સમજીને અગાઉના સમયમાં ખૂબ જ સરસ પાણીનું આયોજન કરવામાં આવેલ હતું, જે આજે પડી ભાંગ્યું છે.

શહેરોમાં આવેલા તળાવોનો માલિકી હક્ક શહેરની નગરપાલિકા અથવા મ્યુનિસિપાલિટીનો હોય છે. આવા તળાવોને સાચવવાની જવાબદારી તંત્રની હોય છે. ભુજના પ્રાગસર તળાવનું અસ્તિત્વ વર્ષ ૨૦૦૧ પહેલા હતું, પણ એ પછી આવેલા ભૂકંપને કારણે તેનું અસ્તિત્વ નષ્ટ પામ્યું. ભૂકંપને કારણે ઉદ્ભવેલો કાટમાળ પ્રાગસર તળાવમાં નાખવામાં આવેલો હતો. જેના કારણે આ તળાવે ખરેખર તળાવ ન રહેતા, એક બહુ મોટા 'ખાડા'નું સ્વરૂપ ધારણ કરી લીધું છે. જો કે પ્રાગસર તળાવ એક જળાશય છે, તેની પુષ્ટિ કોર્ટ દ્વારા આપવામાં આવી છે. વર્ષ ૨૦૦૧ અને ૨૦૦૫ના હાઈકોર્ટના ચુકાદા પ્રમાણે પ્રાગસર તળાવ એક જળાશય છે અને તેનો વિસ્તાર ૫૪.૦૪ હેક્ટર છે તથા તેનો માલિકી હક્ક નગર

પાલિકાનો છે. હમીરસર અને દેશલસર તળાવની સાથે પ્રાગસર તળાવ પણ અગત્યનું છે. જ્યારે હમીરસરમાંથી પાણી ઑગને છે ત્યારે એ પાણી સંજોગ નગરથી થઈને ખાસરા (ખારાસરા ઉપરથી) તળાવમાં આવે છે અને પછી એ પાણી પ્રાગસર તળાવમાં જમા થાય છે. એકવાર પડેલા વરસાદના પાણીને આ પ્રકારે વહેણ ન મળતાં પાણી શહેરમાં ધસી આવ્યું હતું.

શહેરમાં આવેલા દરેક તળાવોની એક અગત્યતા છે. આવા તળાવોની જાળવણી કરવી જરૂરી છે. આજે જ્યારે ભુજ શહેરમાં ૪૨ તળાવોની ઓળખ કરવામાં આવી છે તે તળાવોમાંથી ભુજના એક્વિફરને રીચાર્જ કરતાં તળાવોનો અભ્યાસ કરી, તેનું નોટીફિકેશન કરાવવું જરૂરી છે. હાલમાં આ તળાવો જે હાલતમાં છે તે હાલતમાં તંત્રએ પોતાના હસ્તક લઈને તેના વિકાસના કાર્યો અંગેનું આયોજન કરવું જોઈએ. જળસ્રોત સ્નેહ સંવર્ધન સમિતિ દ્વારા આવા તળાવોની ઓળખ માટે અને લોકો આવા તળાવો પ્રત્યે જાગૃત થાય એ માટે હાલમાં જ કચ્છ યુનિવર્સિટી ખાતે એક કાર્યશાળાનું આયોજન કરવામાં આવેલ હતું. આ કાર્યશાળાનો હેતુ ભુજ શહેરને જળ સ્વાવલંબનની દિશામાં લઈ જવાનો હતો. આ કાર્યશાળામાં થયેલી ચર્ચા મુજબ આપણા પરંપરાગત તળાવો ઉપર થઈ ગયેલા ગેરકાયદેસર દબાણો દૂર કરવાની કામગીરી સત્વરે ઉપાડવી જોઈએ. જોકે દબાણો હટાવવા, એ સંઘર્ષપૂર્ણ કામગીરી છે પણ પ્રજાના હિતમાં આવા સંઘર્ષ પણ સહર્ષ સ્વિકારી લેવાની જવાબદારી ઉપાડી લેવી જરૂરી બની જાય છે. તંત્રના નેતૃત્વ હેઠળ આવા કાર્ય લોકભાગીદારીથી થાય તે અગત્યનું છે. ભુજ શહેરની આસપાસ આવેલા દરેક તળાવોને એકબીજા સાથે સાંકળી લઈ, તેના ઉપર ફલડ કંટ્રોલ સિસ્ટમ બેસાડવી જોઈએ. જેથી આવા તળાવો દ્વારા ભુજના એક્વિફરને સારું એવું રિચાર્જ મળી શકે. ભુજ શહેરને તળાવોના માધ્યમથી જળ સ્વાવલંબનની દિશામાં લઈ જવા માટે એક માસ્ટર પ્લાનની જરૂર છે. ભુજ શહેરના અલગ અલગ વિસ્તાર પ્રમાણે નાના નાના સેગમેન્ટમાં વિકેન્દ્રિત આયોજન અમલમાં મૂકવું જોઈએ. આપણી પ્રાચીન સંસ્કૃતિની ધરોહર જેવા તળાવોને અનંત સમય માટે જીવંત રાખવા માટે તળાવોના વિકાસના કાર્યો કરવા માટે લોકભાગીદારી અગત્યની છે. આવા કાર્યોમાં લોકભાગીદારી આવે એ માટે જળસ્રોત સ્નેહ સંવર્ધન સમિતિ દ્વારા ‘તળાવ પરિક્રમા’ નામક એક અભિયાન સફળ થયું હતું. આ તળાવ પરિક્રમાની ફળશ્રુતિને અનુપમ મિશ્રા લિખિત ‘આજ ભી ખરે હૈ તાલાબ’ તથા ‘રાજસ્થાન કી રજત બુંદે’ પુસ્તકો જેવી હોઈ શકે!

હજારો, લાખો તળાવો અચાનક શૂન્યમાંથી પ્રગટ થયા નથી. એ તળાવો પાછળ લાંબાગાળાનું એક ચોક્કસ આયોજન છે. તળાવો ખોદીને બનાવનારા અનામી મજૂરોની સખત મહેનત છે. વર્ષોથી ચાલી આવતી તળાવોની પરંપરાગત આ સંસ્કૃતિને સિમેન્ટ કોંક્રીટના કાટમાળમાં ધરબી દેવી વ્યાજબી છે??? આવો, તળાવ અને આપણી સંસ્કૃતિને બચાવીએ.

*સંદર્ભ : વિનીત કુંભારાણાના કચ્છ વિશેના વિવિધ લેખ આધારિત. ‘શહેરના તળાવો : આપણી પ્રાચીન સંસ્કૃતિ’*

---

## ભારતમાં ઉર્જા વિકાસ

**(અનુ. : પાના નં.-૨૪ ઉપરથી ચાલુ)**

છે. બાયોગેસનો ઉપયોગ વાહન વ્યવહારના બળતણ તરીકે થઈ શકે છે. વાસ્તવમાં ઑઈલ રીફાઈનરી અને માર્કેટિંગ કંપનીઓ તેને હકીકત બનાવવા કામે લાગી છે.

- **જીયો થર્મલ વીજળી :**

જીયો થર્મલ ઉર્જાના વપરાશ બાબતે ભારત હજુ શરૂઆતના તબક્કામાં છે. એ માટે મોટો ઉત્પાદિત ખર્ચ કારણભૂત મનાય છે. ભારતમાં અંદાજે ૩૦૦ જેટલા ગરમ પાણીના જિયો થર્મલ ઝરણાઓ છે. વીજળી પેદા કરવા માટે સક્ષમ સ્થળોમાં પુગાવેલી અને જમ્મુ કાશ્મીરમાં ચુમાયેંગ તથા ગુજરાતમાં ખંભાત, છત્તીસગઢમાં તત્તાપાણી, તેલંગણામાં ખમ્મમ અને મહારાષ્ટ્રમાં રત્નાગીરી સમાવિષ્ટ છે.

જિયો થર્મલ વીજળીનું ઉત્પાદન કરતા ટોચના દેશોમાં

| | |
|---|---|
| અમેરિકાની ક્ષમતા | : ૩૬૦૦ મેગાવૉટ |
| ફિલીપાઈન્સ | : ૧૯૦૦ મેગાવૉટ |
| ઈન્ડોનેશિયા | : ૧૬૦૦ મેગાવૉટ |
| ન્યુઝીલેન્ડ | : ૧૦૦૦ મેગાવૉટ |
| મેક્સિકો | : ૯૦૦ મેગાવૉટ |
| ઈટાલી | : ૯૦૦ મેગાવૉટ |
| આઈસલેન્ડ | : ૭૦૦ મેગાવૉટ |
| કેન્યા | : ૬૦૦ મેગાવૉટ |
| જાપાન | : ૫૦૦ મેગાવૉટ |

અત્યારે ભારતે બિનપરંપરાગત સ્રોતોમાંથી એના કુલ ઉર્જા ઉત્પાદનમાં અશ્મિભૂત ઈંધણનો હિસ્સો ઘટાડવાના અભિયાન પરની સફર પ્રારંભી છે. આંતરરાષ્ટ્રીય સૌર ગઠબંધનના સ્થાપક રાષ્ટ્ર તરીકે ભારત સ્વચ્છ ઉર્જા તરફ ગતિમાન છે.

ઉર્જા બચાવવા, પર્યાવરણનું રક્ષણ કરવા આપણે બેટરી ઑપરેટેડ વાહનોનો ઉપયોગ કરીએ. સૂર્ય કૂકર, સોલાર વોટર હીટર, સોલાર રૂફ ટોપનું આવાસમાં આયોજન કરી ઉપયોગીતા વધારીએ. ઉર્જા બચત, એ આપણું કર્તવ્ય છે. જેને આપણા જીવનમાં વણી લઈએ.

*૬/એ, સહજાનંદ, લીમડા લેન,*
*સંસ્કાર નગર, ભુજ, કચ્છ-૩૭૦ ૦૦૧.*
*મો. ૯૮૨૫૨ ૩૪૩૪૬*

---

*ઉપચારકો ગયા અને આરામ થઈ ગયો, પીડા જ રામબાણ હતી કોણ મળશે? – શૂન્ય પાલનપુરી*

કચ્છ

# ધોળાવીરા આજે વિકાસની રાહ જુએ છે



ડૉ. મિહિર એમ. વોરા

મિત્રો, રણોત્સવ બરોબર જામ્યો છે ત્યારે કચ્છના ખરેખર જોવાલાયક અને માણવાલાયક એક શહેરની મારે વાત કરવી છે. દેશ, દુનિયા અને કચ્છ યુનિવર્સિટીના અનેક સંશોધકોની સંશોધન માટે આ પ્રિય શહેર છે. ભુજથી લગભગ ૨૦૦ કિ.મી. ઉત્તરમાં ખડીરબેટ આવેલો છે. આ જ બેટ પર ધોળાવીરા ગામ વસ્યું છે. સ્થાનિક લોકો ધોળાવીરાને કોટડો કે કોટડા ટીંબા તરીકે ઓળખે છે. મૂળ તો આ સ્થળ ધોળાવીરા ગામની નજીક આવેલું હોવાને કારણે તેનું નામ ધોળાવીરા પડી ગયું છે. ૧૯૬૭-૬૮ના અરસામાં ભારતીય પુરાતત્ત્વવિદ્ જગતપતિ જોષીએ આ સ્થળની મુલાકાત લઈ પ્રથમ વખત તેની માહિતી જાહેર કરી હતી. મોંહે-જો-દડો અને હડપ્પામાં કાચી પાકી ઇંટો દ્વારા બાંધકામ કરવામાં આવેલું છે, જ્યારે ધોળાવીરામાં લગભગ ચોરસ અને લંબચોરસ પથ્થરોથી બાંધકામ થયું છે અને પથ્થરો થોડેક છેટે બાજુમાં ખાણોમાંથી કાઢેલા છે. ધોળાવીરામાં નગરની ચારેબાજુ દીવાલ આવેલી છે. ૪૭ હેક્ટર (૧૨૦ એકર) ચતુર્થાંશ શહેર બે મોસમી સ્ટ્રીમ્સ, ઉત્તરમાં માનસાર અને દક્ષિણમાં મનહાર વચ્ચે આવેલું છે. આ સાઇટ સી ૨૬૫૦ બી.સી. સુધી ઉપયોગ કરવામાં આવ્યો હતો, જે આશરે ૨૧૦૦ બી.સી. પછી ધીમે ધીમે ઉપયોગ ઘટતા, ટૂંકમાં તે સ્થળ છોડી દેવામાં આવ્યું હતું અને ત્યારબાદ ૧૫૫૦ બી.સી. સુધી ફરીથી ઉપયોગમાં લેવામાં આવ્યું હતું. ધોળાવીરા નગર મુખ્ય ત્રણ ભાગમાં વહેંચવામાં આવ્યું છે : (૧) રાજાનો / શાસક અધિકારીનો રાજમહેલ કે જે ઊંચાઈવાળી જગ્યા પર છે. તેની ચારેબાજુથી મજબૂત કિલ્લેબંદી કરવામાં આવી હતી. આ કિલ્લામાં ચાર દરવાજા હતા. (૨) અન્ય અધિકારીઓના આવાસ કે જેના ફરતે પણ રક્ષણાત્મક દીવાલ હતી અને બેથી પાંચ ઓરડાવાળા મકાન હતા. (૩) સામાન્ય નગરજનોના આવાસ હાથે ઘડેલી ઇંટોના બનાવેલા હતા. આ નગરમાં મોતી બનાવવાનું મોટું કારખાનું મળી આવ્યું છે.

અહીંથી પ્રાપ્ત થયેલા અવશેષોમાં તાંબુ ગાળવાની ભઠ્ઠીઓ મળી આવી હતી. આજે અહીં પ્રવાસીઓ માટે રહેવા જમવા ઉતારાની સગવડો નથી, રસ્તા પણ નથી અને જે તે લોકો આરામથી અહીં કોઈ પણ રીતે સંશોધનના નામે કિંમતી કચ્છી ખડગો, પથ્થરો અને વિવિધ પુરાતત્ત્વ ચીજો લઈને જાય છે એટલે કોઈ રખેવાળી નથી, જે એક ચિંતા કરાવે છે. સરકારે આ બાબતે ખાસ વિચારવું જોઈએ તેવો તમામ કચ્છીઓનો મત છે.

કચ્છના કોઈપણ સામાન્ય ગામ જેવું જ ભાસતું આ ગામ એક અસામાન્ય ઇતિહાસ ધરબીને બેઠું છે. ગામથી એકાદ કિ.મી. દૂર ઉત્તર તરફ જઈએ તો 'કોટડા ટીંબા' વિસ્તાર આવે છે. બસ, આ જ વિસ્તાર ગામને અસામાન્ય બનાવે છે. અહીં જ પાંચ હજાર વર્ષ પહેલાં એ સમયની આધુનિક સંસ્કૃતિનું નગર ધોળાવીરા ધમધમતું હતું. આઈ.આઈ.ટી. - ગાંધીનગર અને 'આર્કિયોલોજિકલ સર્વે ઑફ ઇન્ડિયા' દ્વારા હાલમાં જ કરાયેલા એક સંશોધનમાં જાણવા મળ્યું હતું કે આ 'પુરાતત્ત્વિય શહેર'માં પાંચ હજાર વર્ષ પહેલાં પાણીનું અદ્ભુત વ્યવસ્થાપન કરાયું હતું. અહીં સંશોધકો વડે ગ્રાઉન્ડ પેનિટ્રેટિંગ રડાર (જી.પી.આર.) દ્વારા જમીન સ્કેન કરવામાં આવી. આ જ સ્કેનિંગ થકી જાણવા મળ્યું કે એ સમયે પણ શહેરમાં ડૅમ, નહેર, જળાશયો, વાવ, કૂવા જેવી જડબેસલાક અને અફલાતુન વ્યવસ્થા ઊભી કરાઈ હતી. સિંધુ ખીણની સંસ્કૃતિ 'મોડર્ન ટાઉન પ્લાનિંગ' માટે જાણીતી હતી. આ સંસ્કૃતિનાં શહેરો એમના મકાનો, સ્થાપત્યો, જાહેર સ્થળો, ગટર વ્યવસ્થા માટે આજે પણ આદર્શ માનવામાં આવે છે. વજન નિયમન, માપ, સિરેમિક, કળા અને કૌશલ્યોમાં સિંધુ ખીણની સંસ્કૃતિએ ભારે મહારત હાંસલ કરી લીધી હતી. રણમાં વસેલું હોવા છતાં ધોળાવીરા સિંધુ સંસ્કૃતિનું મહાનગર હતું અને અત્યંત સમૃદ્ધ હતું. રણને કારણે ઊભી થયેલી પાણીની અછતને પહોંચી વળવા એ સમયે સિંધુ ખીણની સંસ્કૃતિનું ઇજનેરી કસબ કામે લગાડવામાં આવ્યું હતું. ડેક્કલ કૉલેજ ઑફ આર્કિયોલોજીના વાઇસ ચાન્સેલર પ્રો. વસંત શિંદે આ અંગે, સિંધુ ખીણની સંસ્કૃતિના લોકોએ કચ્છના રણમાં એ સમયનું આધુનિક શહેર વસાવ્યું હતું. તેઓ ઉમેરે છે, એ લોકો માટે ધોળાવીરાનું

*'ના' કહી એ શબ્દનો બોજો કદી લાદે નહીં, એમનો ઉત્તર સદાયે આંખમાં તરતો રહે. – સાકેત દવે*

વેપારી મહત્ત્વ હતું કારણકે ધોળાવીરા એક આંતરરાષ્ટ્રીય બંદરની ગરજ સારતું હતું. પ્રોફેસરના મતે ધોળાવીરા વસાવતા પહેલા ત્યાં સર્વે કરાયો હતો. ધોળાવીરાનું ભૌગોલિક સ્થાન એને વેપારી બંદર તરીકે વિકસાવી શકે એમ હતું. જોકે, મુશ્કેલી એ હતી કે સ્થળની ચારેય તરફ રણ આવેલું હતું. જોકે, સિંધુ ખીણના લોકોએ આ મુશ્કેલીઓનો પણ ઉકેલ શોધી લીધો હતો. ધોળાવીરાની બંને તરફ મનસર અને મનહર નામની મોસમી નદીઓ આવેલી છે. ચોમાસા દરમિયાન જ આ નદીઓમાં પાણી રહે છે. એટલે આ લોકોએ આ જ પાણીને શહેરમાં વાળવાનો પ્રયાસ કર્યો. તેમણે બંને નદીઓ પર અલગ અલગ સ્થળોએ ચેકડેમ બનાવ્યા અને ચોમાસામાં જ્યારે જ્યારે તેમાં પાણી કે પૂર આવ્યું એ તમામ પાણી એમણે શહેરમાં વાળી લીધું.

આ પાણીના સંગ્રહ માટે શહેરમાં ભૂગર્ભ ટાંકીઓ બનાવાઇ અને અન્ડરગ્રાઉન્ડ વોટર ટનલ થકી તેમણે આ ત્રણેય ટાંકીઓને જોડી દીધી. અને એ રીતે તેમણે પાણીની સમસ્યાને દૂર કરી લીધી. આવી રીતે સિંધુ ખીણના લોકો રણમાં પણ સમૃદ્ધિ તાણી લાવ્યા. જો આ 'હડપ્પન ટેકનિક'નો ઉપયોગ કરવામાં આવે તો કચ્છના રણને હરિયાળું બનાવી શકાય એમ છે. આજથી લગભગ પાંચેક હજાર વર્ષ પહેલાં વિશ્વમાં ત્રણ મુખ્ય સંસ્કૃતિઓ અસ્તિત્વ ધરાવતી હતી. નાઇલ નદીના કિનારે પ્રાચીન મિસરની સંસ્કૃતિએ આલીશાન નગરો અને ભવનો બનાવ્યા હતા. પશ્ચિમ અને મધ્ય-પૂર્વ એશિયામાં ટાઇગ્રીસ - યુફ્રેટિસ નદીના કિનારે મેસોપોટેમિયાની સંસ્કૃતિ વિકસી હતી. એ જ વખતે સિંધુ નદીના કિનારે પણ એક સંસ્કૃતિ વિકસી. જેને એ સમયની સૌથી આધુનિક અને શહેરી સંસ્કૃતિ ગણવામાં આવી. હાલના ભારતના પશ્ચિમમાં અને પાકિસ્તાનના પૂર્વમાં સિંધુ નદીના કિનારે વિકસેલી હોવાને કારણે તેને સિંધુ ખીણની સંસ્કૃતિ તરીકે પણ ઓળખવામાં આવી. પાકિસ્તાનમાં આવેલું હડપ્પા આ સંસ્કૃતિનું મહત્ત્વનું કેન્દ્ર હોવાને કારણે તે 'હડપ્પન સંસ્કૃતિ' તરીકે પણ જાણીતી છે. સિંધુ ખીણની આ સંસ્કૃતિનું મહત્ત્વનું કેન્દ્ર હોવાને કારણે તે 'હડપ્પન સંસ્કૃતિ' તરીકે પણ જાણીતી છે. સિંધુ ખીણની આ સંસ્કૃતિના મૂળ ઉત્તરમાં છેક અફઘાનિસ્તાન સુધી અને દક્ષિણમાં છેક ગુજરાત સુધી વિસ્તર્યા હતા. હડપ્પા, ગનેરીવાલા, મોંહે-જો-દડો, ધોળાવીરા, કાળી બંગાળ, રાખીગઢી, રુપર અને લોથલ — એ આ સંસ્કૃતિના મહત્ત્વના શહેરો હતા.

કચ્છમાં આવેલું ધોળાવીરા અને અમદાવાદ નજીક આવેલું લોથલ ગુજરાતમાં આવેલી સિંધુ ખીણની સંસ્કૃતિની પુરાતત્ત્વિય સાઇટ્સ છે. આ સંસ્કૃતિને ભારતીય સંસ્કૃતિનો પાયો ગણે છે. ભારતનું આજનું જીવન એ જ સંસ્કૃતિના પાયા પર રચાયેલું છે. આર્કીયોલોજીકલ સર્વે ઑફ ઇન્ડિયા સિંધુ ખીણની સંસ્કૃતિનો સમયગાળો ઇ.સ. પૂર્વે ૧૫૦૦થી ઇ.સ. પૂર્વે ૩ હજાર વર્ષ સુધીનો ગણે છે. જોકે, કેટલાક સંશોધકો સિંધુ ખીણની સંસ્કૃતિને આથી પણ વધુ પ્રાચીન ગણાવે છે. 'ઇન્ડસ વેલી સિવિલાઇઝેશન' નામના પુસ્તકના લેખક ડૉ. સમર કંદુના મતે ૬ હજાર વર્ષ પહેલાં આ સંસ્કૃતિની શરૂઆત થઈ હતી. 'રાખીગઢી અને અન્ય સાઇટ્સ પર હાલમાં જ થયેલા ઉત્ખનન દરમિયાન એવા સંકેતો મળ્યા હતા કે સિંધુ ખીણની સંસ્કૃતિ ઓછામાં ઓછી સાડા પાંચ હજાર વર્ષ પ્રાચીન છે. અત્યંત આધુનિક અને રસપ્રદ સિંધુ ખીણની સંસ્કૃતિનું પતન કઈ રીતે થયું એ અંગે પણ મતમતાંતર પ્રવર્તે છે. એક મત એવો છે કે આર્યોના ભારતમાં આગમને સિંધુ ખીણની સંસ્કૃતિનો નાશ કર્યો. બ્રિટીશ આર્મિ ઑફિસર અને આર્કિયોલોજિસ્ટ સર રોબર્ટ માર્ટીમર વ્હીલરનો દાવો હતો કે મધ્ય એશિયામાંથી ઉતરી આવેલા આર્યોના ધાડાએ આ સંસ્કૃતિનો નાશ કર્યો હતો. જો કે પ્રોફેસર શિંદે જણાવે છે કે, જળવાયુ પરિવર્તનને કારણે આ સંસ્કૃતિનું પતન થયું હતું. એ વખતે માત્ર દક્ષિણ એશિયામાં જ નહીં, પણ વિશ્વ આખામાં જળવાયુ પરિવર્તન અનુભવાયું હતું. મિસર અને મેસેપોટેમિયાની સંસ્કૃતિના વળતા પાણી પણ આ જ કારણે થયા હતા. સિંધુ ખીણની સંસ્કૃતિના બેકગ્રાઉન્ડ પર બનેલી 'મોંહે-જો-દડો' ફિલ્મમાં આ સંસ્કૃતિના વિનાશનું કારણ જળને ગણાવાયું છે. નેશનલ ઇન્સ્ટિટ્યૂટ ઑફ ઓસનોગ્રાફી આ સંસ્કૃતિનું પતન પાણીને કારણે થયું હોવાના સંકેત આપે છે. ઇન્સ્ટિટ્યૂટના સંશોધનમાં એવા સંકેતો મળ્યા છે કે કચ્છના દરિયાકાંઠે આવેલી ભયાનક સુનામીએ ધોળાવીરાનો ભોગ લઈ લીધો હશે. આમ, આવા ઐતિહાસિક શહેરનો જો યોગ્ય વિકાસ થઇ યોગ્ય દેખરેખ થાય તો જરૂર ધોળાવીરા એક ઐતિહાસિક શહેર જોવા જાણવા અને માણવાલાયક છે. સાચે, કચ્છ નહીં દેખા તો કુછ નહીં દેખા.

***સંદર્ભ : ધોળાવીરા ઉપર સંશોધન કરનાર વિવિધ વૈજ્ઞાનિકો, લેખકોના વિવિધ અખબારી લેખ, સ્થાનિક સમાચાર પત્રો અને વીકીપીડિયા***

*લાકડામાંથી અગ્નિ ત્યારે જ પ્રગટ થાય છે કે જ્યારે લાકડું પોતાની જાતને બાળી નાખે છે! અગરબત્તીમાંથી સુવાસ ત્યારે જ પ્રગટે છે કે જ્યારે પોતાપણું ભૂલવાનું શરૂ કરે છે.*

*જો બીત ગયા ન રહા અપના, આનેવાલા કલ ભી રહા સપના, તુ અબકી સોચ માનુષ, જો આજ રહા તેરા અપના.*

કચ્છ

## દ્વિ-દશાબ્દી અવસર (૨૦૦૦-૨૦૨૦)

# મહાવીર સ્વામી જિનાલય : અંજાર

**પોષ વદ-૬, સંવત ૨૦૭૬ (તા. ૧૬-૦૧-૨૦૨૦) : ૨૦મી વર્ષગાંઠ**



ભરત'કુમાર' પ્રા. ઠાકર

અજયપાળ ચૌહાણ (૮મી-૯મી સદી) અને જેસલ જાડેજા (૧૩૧૮-૧૩૭૫) સાથે ઐતિહાસિક સંબંધ ધરાવતું 'અંજાર' દેવાલયો, શિવાલયો અને જિનાલયોથી શોભતું શહેર છે. અત્યારે અંજારમાં કુલ પાંચ જિન મંદિરોની ધજા ફરકે છે. તેમાં તપગચ્છના વાસુપૂજ્ય (વર્ધમાન નગર) અને મુનિસુવ્રત સ્વામી (જેસીસ નગર), અચલગચ્છનું વિમલનાથ (ચંપકનગર), ખરતરગચ્છનું અભિનંદન સ્વામી (જિનકુશલસૂરિ દાદાવાડી, વરસામેડી નાકા) અને પાંચમું તે શ્વેતાંબર મૂર્તિપૂજક જૈન સંઘ સંચાલિત મહાવીર સ્વામી (જૈન કોલોની)નો સમાવેશ થાય છે.



- **જૂનું ગૃહ દેરાસર :**

આમાં નવા અંજાર વિસ્તારમાં આવેલ મહાવીર સ્વામી જિનાલયની સ્થાપના, પ્રારંભે ઘરમાં કરવામાં આવેલી. તેથી તે અગાઉ ગૃહચૈત્ય કે ઘર દેરાસર તરીકે ઓળખાતું. હવે તેનાથી સહેજ દૂર પરંતુ જૈન કોલોની વિસ્તારમાં જ બે દાયકા અગાઉ શિખરબધ્ધ નૂતન જિનાલયનું નિર્માણ કરવામાં આવ્યું છે. જેની આ મહિને તિથિ અનુસાર ૧૬મી જાન્યુઆરી અને ગુરુવારે ૨૦મી વર્ષગાંઠનો અવસર પડે છે.

તેની થોડી પૃષ્ઠભૂમિમાં ઉતરીએ તો અંજારમાં ૧૯૫૬માં થયેલા ધરતીકંપ બાદ નવા અંજારનું સર્જન થયું. તેમાં અન્ય જુદી જુદી જ્ઞાતિઓ સાથે ૧૯૫૮માં સવાસો મકાનોની 'જૈન કોલોની'નું પણ નિર્માણ થયું. જૂના અંજાર અને નવા અંજાર વચ્ચે લગભગ દોઢેક કિ.મી.નું અંતર હોતાં દેવદર્શન, પ્રભુ ભક્તિ, પૂજા વગેરે માટે શહેરના કોટ વિસ્તારમાં આવેલા ત્રણેય જૂના દેરાસરોએ જવાનું દૂર પડતું હતું.

તે વખતે વિવિધ સંસ્થાઓએ બાંધેલા અને 'શ્રી જૈન સસ્તા ભાડાનાં મકાનોના ટ્રસ્ટ' સંચાલિત રહેણાંકના બાવીસ પૈકીનાં ૧ અને ૨ નંબરના મકાનો અનુક્રમે ગૃહ દેરાસર અને ઉપાશ્રય માટે રાખવામાં આવ્યા. ત્યાં આચાર્ય વિજયકનકચંદ્ર સૂરીશ્વરજી મહારાજ સાહેબ (૧૯૧૫-૧૯૮૨)ની પ્રેરણાથી સંવત ૨૦૧૬ના મહા સુદ દસમ અને રવિવાર (તદનુસાર તા. ૭મી ફેબ્રુઆરી, ૧૯૬૦)ના અજિતનાથની પ્રતિમાથી ઘર દેરાસરની શરૂઆત થઈ.

- **શિખરબંધ જિનાલયની ભાવના :**

પછીના વર્ષ ૧૯૬૧માં આચાર્ય વિજયરામચંદ્ર સૂરીશ્વરજી મહારાજ સાહેબની પ્રેરણાથી પાલીતાણાથી ૨૦ કિ.મી. દૂર આવેલા કદંબગિરી તીર્થેથી મૂળનાયક તરીકે વર્તમાન ચોવીસીના ચરમ તીર્થંકર મહાવીર સ્વામીની ૧૨ ઈંચની આરસ પ્રતિમા તૈયાર કરાવી અહીં બિરાજમાન કરાઈ. ૧૯૬૮ અને ૧૯૮૯માં ક્રમશઃ પાર્શ્વનાથની બે સફેદ તથા ૧૯૮૬માં પરોણા પ્રભુ રૂપે સીમંધર સ્વામીની બે (એક સફેદ - એક આછી ગુલાબી) એમ ચાર પ્રતિમાઓ મૂળ નાયકની આજુબાજુ સ્થાપિત કરવામાં આવી હતી.

તીર્થંકરોની આ અનંત ઉપકારી મૂર્તિઓ પ્રત્યે અત્રે વસતા જૈન પરિવારો ખૂબ ઊંડી શ્રદ્ધા અને આસ્થા ધરાવે છે. ત્રિવિધ ગચ્છોનાં લગભગ ચાલીસેક જૈન કુટુંબો ચાર દાયકા (૧૯૬૦-૨૦૦૦)

સુધી આ નાનકડા ગૃહ મંદિરની પૂજા અર્ચનાનો લાભ લેતા રહ્યા હતા. ઘર દેરાસરજીની બાજુમાં જૈન પાઠશાળા પણ ચલાવવામાં આવતી, જે અત્યારે પણ નવા જિનાલયના ઉપાશ્રયમાં ચાલી રહી છે.

વસતિ વધતાં નવા અંજારમાં ઘર દેરાસરના સ્થાને શિખરબંધ નૂતન જિનાલય બનાવવાની સંઘની ભાવના હતી. લગભગ એક દાયકાના પ્રયત્નોને પરિણામે ૧૯૯૩માં નવા અંજારના વર્તમાન વોર્ડ નં. ૨ માં આવેલ જૈન કોલોનીની બિલકુલ મધ્યમાં જ ૧૪૦૦ ચો.મીટરની જમીન સંઘને પ્રાપ્ત થઈ.

- **પ્રતિષ્ઠાની રળિયામણી ઘડી :**

તદ્‌નુસાર પચ્ચીસ વર્ષ પૂર્વે અચલગચ્છનાં સાધ્વી કલ્યાણોદયશ્રીજીની શુભ નિશ્રામાં ૨ ફેબ્રુઆરી, ૧૯૯૫ના રોજ ભૂમિપૂજન અને ખનનવિધિ તથા નવમી તારીખે શિલારોપણ વિધિ સંપન્ન થતાં સંઘ દ્વારા ત્યાં નવા જિન મંદિરના બાંધકામનો પ્રારંભ કરાયો હતો. તે સમયે તેના નિર્માણ માટે પ્રવીણભાઈ નારાણજી દંડ (મૂળ ગામ તેરા, તા. અબડાસા, હાલે ગાંધીધામ)ના પ્રમુખપદે એક ટ્રસ્ટ પણ રચવામાં આવ્યું હતું.

પાયાવિધિ બાદ લગભગ પાંચેક વર્ષે બાંધકામ પૂર્ણ થતાં શિખરબંધ મનોરમ્ય નૂતન જિનાલય નિર્મિત થયું. ત્યારે સંવત ૨૦૫૫ના જેઠ સુદ અગિયારસ અને ગુરૂવાર (તદ્‌નુસાર તા. ૨૪ જૂન, ૧૯૯૯)ના જિનબિંબોના પરિવારને જિનાલયમાં મંગલ પ્રવેશ કરાવવામાં આવ્યો. તેના છ મહિના બાદ જિનાલયનો ભવ્ય પંચાન્હિકા પ્રતિષ્ઠા મહોત્સવ ભારે ધામધૂમથી અને ભક્તિભાવપૂર્વક ઉજવાયો ત્યારે અંજારના આંગણે જૈન સમાજને વર્ષો બાદ આવો ધર્મકારી અનેરો અવસર સાંપડ્યો હતો!

તપાગચ્છીય આચાર્ય શ્રીમદ્ વિજયકલાપૂર્ણ સૂરીશ્વરજી મહારાજ સાહેબ અને ખરતરગચ્છીય જયાનંદ મુનિ આદિ ચોવીસ સાધુવૃંદ તથા દ્વિગચ્છીય ૩૦૦ સાધ્વીવૃંદની શુભ નિશ્રામાં સંવત ૨૦૫૬ના પોષ વદ છઠ્ઠને બુધવાર (તદ્‌નુસાર તા. ૨૬ જાન્યુઆરી, ૨૦૦૦)ના દિવસે મહાવીર સ્વામીના નૂતન જિનાલયે પાવનકારી પ્રતિષ્ઠા પ્રસંગ ઉજવાયો હતો. સાથે ૧૨ મુમુક્ષુઓનો સામૂહિક ભાગવતી દીક્ષા મહોત્સવ પણ યોજાયો હતો. ત્યારે ઘર દેરાસરમાં બિરાજતા પ્રભુજીની તમામ પાવક પ્રતિમાજીઓની વિધિપુરઃસર અને શાસ્ત્રોક્ત રીતે નૂતન જિનાલયમાં પુનઃ પ્રતિષ્ઠા કરવામાં આવી હતી.

- **જિનાલય પરિસરનાં દર્શન**

તેના નિર્માણ પાછળ ત્યારે અંદાજે પચાસ લાખ રૂપિયાનો ખર્ચ થયેલો. જે માટે ભારતનાં વિવિધ દેરાસરોનાં દેવદ્રવ્ય ખાતા, ભાવિક દાતાઓ અને કચ્છનાં તમામ ગામોનો પણ સહકાર મળ્યો છે. લગભગ ૮૦૦ ચોરસ ફૂટમાં ઊભું થયેલું પશ્ચિમાભિમુખ નવું જિનાલય ૧૪ ફૂટ પહોળું, ૩૨ ફૂટ લાંબું અને ૪૨ ફૂટ ઊંચું છે. સંકુલના ઈશાને દેરાસર, વાયવ્યે ઉપાશ્રય, નૈઋત્યે કાર્યાલય ખંડ અને અગ્નિ કોણે કેસર ખંડ આવેલા છે.

ગાંધીનગર ખાતેના નમૂનેદાર અક્ષરધામના નિર્માણમાં જે પથ્થરનો ઉપયોગ કરાયો છે તે ભરતપુર (આગ્રા) પાસેની ખાણમાંના 'બંસીપાર' તરીકે ઓળખાતા પથ્થરો અંજારના આ જિનાલયની દીવાલોમાં ચણવામાં આવ્યા છે! આ પથ્થરની વિશેષતા એ છે કે બાંધકામ પછી તેને રંગ કે ચૂનો લગાવવાની કે ખાસ કોઈ જાળવણી કરવાની જરૂર રહેતી નથી. વર્ષો પર્યંત તે અસલ સ્થિતિમાં જ જળવાઈ રહેશે.

ક્યાંય પણ લોખંડ કે આર.સી.સી.ના ઉપયોગ વિના ઊભા થયેલા માળખાનું નિર્માણકાર્ય સોમપુરા પીયૂષભાઈ વાસુદેવ ત્રિવેદી (પાટણ)ના માર્ગદર્શન હેઠળ સંપન્ન થયું છે. જ્યારે પથ્થરો પરનું કલાત્મક અને સૂક્ષ્મ કોતરણીકામ સ્થાનિકે થયું છે. નયા અંજારના ચકરાવા પાસે શાંત વિસ્તારમાં આવેલું આ નાનુંસરખું અને નાજુક દેરાસર તેની રમણીયતાનાં દર્શન કરાવતું સોહી રહ્યું છે.

- **ભૂકંપ વખતે સાબૂત રહ્યું :**

તારીખ મુજબ આ નૂતન દેરાસરની પ્રતિષ્ઠા ૨૦૦૦ના વર્ષમાં ૨૬મી જાન્યુઆરીએ થયેલી. બરાબર તેના એક વર્ષ બાદ (અલબત્ત, તિથિ અનુસાર પ્રથમ વર્ષગાંઠ ઉજવાયા પછી, પરંતુ એ જ તારીખ) ૨૬મી જાન્યુઆરી, ૨૦૦૧ના ભયાનક ધરતીકંપ આવી પડ્યો. તે સમયે અંજારના ત્યારના આ ચારેય દેરાસરો ધ્વસ્ત થયા હતા : તપાગચ્છનું વાસુપૂજ્ય (શાસ્ત્રી રોડ, બેંક ઑફ બરોડાવાળી શેરી), અચલગચ્છનું સુપાર્શ્વનાથ (ગંગા બજાર, સેન્ટ્રલ બેંકવાળી ગલી), ખરતરગચ્છનાં શાંતિનાથ (મોચી બજાર, દેના બેંક સામે) અને વિમલનાથ (દાદાવાડી, વરસામેડી નાકા).

ત્યારે જૈન સમાજ માટે આ એક ધર્મસ્થાન (મહાવીર સ્વામી જિનાલય) સાબૂત રહ્યું હતું. તે વખતે શહેરનાં ધરાશાયી જિન મંદિરોની પ્રતિમાઓની ચલ પ્રતિષ્ઠા અત્રેના જિનાલયમાં કરાઈ હતી. તે પછી ડિસેમ્બર ૨૦૦૪માં આ જિનબિંબોની પુનઃપ્રતિષ્ઠા ચંપકનગર મધ્યે મહોદયસાગરજી (ગુણબાલ) મહારાજ સાહેબની નિશ્રામાં થઈ હતી.

*'શિવમ્', ૪૦, વૃંદાવન નગર-૧,*
*ખડિયા તળાવ સામે, વૈશાલી સિનેમા રોડ,*
*અંજાર, જિ. કચ્છ-૩૭૦ ૧૧૦.*
*ફોન : (૦૨૮૩૬) ૨૪૦૧૩૯*
*મો. ૯૪૨૭૨ ૨૩૧૫૦*

કચ્છ

# કચ્છી બોલી

• મહેન્દ્ર દોશી •

## ● કચ્છ પ્રદેશની ભૌગૌલિક પરિસ્થિતિ :

'કચ્છી બોલી'ની સમુજ્જવલ પરંપરા અતિ પ્રાચીન છે. તેનું પગેરું મહાભારત, વાયુપુરાણ, જૈન સાહિત્ય તેમજ પાણિનિના અષ્ટધ્યાયી જેવા ગ્રંથો સુધી લઈ જાય છે. 'કચ્છ પ્રદેશ' (વિસ્તાર) મૂળ ભૂતપૂર્વ દેશી રાજ્ય હતું. દેશી રજવાડાંના વિલીનીકરણ થયા બાદ આ પ્રદેશના વિસ્તારને ભૌગોલિક પરિસ્થિતિના આધારે ગુજરાત રાજ્યમાં સમાવેશ કરવામાં આવ્યો. આ પ્રદેશનું ક્ષેત્રફળ આશરે ૪૫,૬૫૨ ચો.કિ.મી. અને લંબાઈ ૨૫ કિ.મી., પહોળાઈ ૨૪થી ૭૨ કિ.મી.ની છે. ભૂમિવિસ્તાર ૨૧.૧૨૦ ચો.કિ.મી.માં પથરાયેલ છે. કચ્છના નાના-મોટા રણનો કુલ વિસ્તાર ૨૧.૩૬૮ ચો.કિ.મી.નો છે. કચ્છ ગુજરાત રાજ્યનો સૌથી મોટો જિલ્લો છે, જેને કુલ દસ તાલુકામાં વિભાજિત કરવામાં આવેલ છે.

## ● 'કચ્છ' નામનો ઉલ્લેખ અને તેનો અર્થ :

કચ્છ પ્રદેશની આદિમ ભૂમિકા લાખાપર, દેશલપર, સિરકોટડા, પાલુમક ઉપરાંત ધોળાવીરા અને હડપ્પિયન સંસ્કૃતિના મળી આવેલ પ્રાચીન અવશેષમાં 'કચ્છ' શબ્દનો ઉલ્લેખ કરેલ હોય એવા પુરાવાઓના આધારે 'કચ્છ'નું અસ્તિત્વ ઈ.સ. પૂર્વે ૨૦૦૦થી ૧૯૦૦ની આસપાસ હોવાનું અનુમાન કરવામાં આવે છે. આ સિવાય પૌરાણિક ગ્રંથોમાં પણ 'કચ્છ' નામનો ઉલ્લેખ શ્રીમદ્ ભાગવતના છઠ્ઠા સ્કંધના પાંચમા અધ્યાય, વાયુ પુરાણના અધ્યાય ૪૫ના પૂર્વાર્ધના શ્લોક ૧૩૧, મહાભારતના ભીષ્મપર્વના નવમા અધ્યાયના ૫૬મા શ્લોકમાં, ધ્રુવ-પર્વમાં, મેઘદૂતના ૨૧મા શ્લોકમાં, સ્કંધપુરાણ આદિ જેવા ગ્રંથમાં 'કચ્છ' શબ્દનો ઉલ્લેખ કરવામાં આવેલ છે.

## ● 'કચ્છ' શબ્દના અર્થ :

૧. 'કચ્છ' એટલે દરિયો અથવા 'નદી' કિનારાનો પ્રદેશ.
૨. 'આભિર' સમુદ્ર (કચ્છનો અખાત)
૩. જે પ્રદેશ કે ભૂમિ દરિયામાંથી ઉપર આવી હોય તેવો પ્રદેશ અથવા જે પ્રદેશ - ભૂમિ દરિયા પર વિકસિત થયેલ હોય તેવા પ્રદેશને 'ભૃગુ-કચ્છ', 'મરુ-કચ્છ' કે 'કચ્છ' તરીકે અર્થઘટન થાય છે.
૪. 'ભેજવાળો' અથવા 'ઉજ્જડ પ્રદેશ' (marshy region waste land)
૫. 'કચ્છ પ્રદેશ' — ચારેબાજુ પાણી - 'કાચબા જેવો આકાર.'

## ● 'કચ્છી બોલી'નો ભાષાકીય ફલક વિસ્તાર :

'કચ્છી બોલી'ને ગુજરાત સરકારે 'બોલી—Dealect' તરીકે માન્યતા આપેલ છે. આ 'બોલી' મુખ્યત્વે ગુજરાત રાજ્યના 'કચ્છ વિસ્તાર'માં બોલાય છે. આ બોલીને 'પ્રાદેશિક' બોલીમાં વર્ગીકૃત કરવામાં આવે છે. કચ્છી બોલીઓ ઉત્તરમાં સિંધી, પૂર્વમાં ગુજરાત, દક્ષિણમાં કાઠિયાવાડી અને ઉત્તર-પૂર્વમાં મારવાડી-રાજસ્થાની ભાષાઓ સાથે ભાષાકીય સંબંધ ધરાવે છે.

'કચ્છી બોલી'ના ભાષકો કચ્છ વિસ્તાર ઉપરાંત મુખ્યત્વે મુંબઈ, પૂર્વ આફ્રિકા, દક્ષિણ આફ્રિકા, ટેંગાનૈકા, યુગાન્ડા, કેન્યા, માલ-મલાજા જંગબાર, મોઝામ્બિકા, કરાંચી ઉપરાંત 'સિંધ'ના આંતરિક ગ્રામ્ય વિસ્તારમાં બોલાતી બૃહદ્ કચ્છી ભાષાના ભાષકો છે.

કચ્છ વિસ્તારમાં કચ્છી ભાષા ઉપરાંત ગુજરાતી, આહિરી, ભીલી-હિંદી, સિંધી, મરાઠી, અંગ્રેજી-ઉર્દુ જેવી અન્ય ભાષાના ભાષકો પણ આ વિસ્તારમાં વસવાટ કરે છે.

## ● 'કચ્છી બોલી'નો ભાષાકીય ઇતિહાસ :

'કચ્છી બોલી'ના ઉદ્ગમનો સમય અને તેના સ્વરૂપનો ભાષાકીય વિકાસનો ઈતિહાસ ઉપલબ્ધ નથી. આથી કચ્છ વિસ્તારમાં ઘટેલી ઐતિહાસિક ઘટનાઓ અને જે તે સમયના શાસનકર્તાના સમયમાં સામાજિક - રાજકીય પરિબળોને કારણે સ્થાનિક બોલાતી બોલીમાં ભાષાકીય પરિવર્તનો થયા તે ઘટનાઓને સાંકળતી ઘટનાઓના સંકલનના આધારે સ્થાનિક બોલીમાં થયેલા પરિવર્તન - વલણના બે તબક્કામાં વિભાજિત કરી શકાય.

***૧. પ્રાચીનતમ સમય :*** કચ્છ વિસ્તારમાં ઘટેલી ભાષાકીય ઘટનાઓમાં સૌપ્રથમ પડોશી દેશ સિંધમાંથી ૭મી સદીમાં જત-મુતવા કોમનું આગમન એ મહત્ત્વની નોંધપાત્ર ઘટના ગણાય. તેઓના વસવાટ કરવાને કારણે દૈનિક વ્યવહારમાં તેઓ અપભ્રંશ અને તેની સાથે સ્થાનિક ભાષા એવી મિશ્રિત ભાષાનો દૈનિક વ્યવહારમાં

ઉપયોગ કરતા હતા. આ જ સમયમાં બીજી ઘટના મોડ અને મનાઈ ભાઈઓએ તેમના મામા વાઘમ ચાવડાનો વધ કરી અને ધરૂડ નદીને કાંઠે પાટગઢ-ગુંતલીમાં સ્વતંત્ર રાજયની સ્થાપના કરી. મનાઈએ પોતાના રાજયનો વહીવટ સરળ રીતે ચલાવવા માટે 'લોકબોલી'ને વહીવટી ભાષા તરીકે સ્થાપિત કરી અને મિશ્રિત ભાષાના ઉપયોગને પ્રોત્સાહન આપ્યું. સાતમી સદીમાં ત્રીજી ઘટના મૂળ-સમા-રાજપૂતો અને ગરાસિયા રાજપૂતોના આગમન સાથે તેઓની 'આભિરી' ભાષાનું પણ આગમન થયું.

'કચ્છ'ના ઇતિહાસનો સુવર્ણકાળ ૮૪૪થી ૧૧૪૪ સુધીના સમયને ગણાવી શકાય. વીરમ ચાવડાની પુત્રી બૌદ્ધિ સાથે યુવરાજ લાખાના લગ્ન, પરિણામે 'જાડેજા વંશ'નો આરંભ. જાડેજાઓ મૂળ સમા-રાજપૂતો તેમજ ગરાસિયા રાજપૂતોએ નવમી સદીમાં કચ્છમાં વસવાટ કર્યો ત્યારે કચ્છ-સિંધ-રાજસ્થાન પ્રદેશોમાં 'મારૂ-ગૂર્જર' અને પ્રાચીન પશ્ચિમી રાજસ્થાની ભાષાઓ પ્રાકૃત અપભ્રંશમાંથી ઊતરી આવેલ. તે સમયે મારૂ-ગૂર્જર પ્રાચીન પશ્ચિમી રાજસ્થાની ભાષાના પ્રકારની ભાષાનું ચલણ હતું. આ જ સમયમાં ગુજરાતમાં સોલંકી રાજાઓનું શાસન હતું. તેમણે ગુજરાતમાં ગૌર્જર અપભ્રંશ ભાષાને વિકસાવી. બંને પ્રદેશ વચ્ચે સંપર્ક સધાતાં ગુજરાતની ગૂર્જર-અપભ્રંશની અસર કચ્છી-જાડેજા પર પડી. પરિણામે 'જાડેજા કચ્છી'માં ગૂર્જર-અપભ્રંશના ઘણા શબ્દોનો સમાવેશ થયો. સમયાંતરે કચ્છ અને સિંધ પ્રદેશ રાજકીય રીતે અલગ થયા. પરિણામે મારૂ-ગૂર્જર અને પશ્ચિમી રાજસ્થાની ભાષાઓ અલગ પડી. પરિણામે 'કચ્છી ભાષા'ને સ્વતંત્ર ભાષા તરીકે વિકાસ થવા માટેનો અવકાશ મળ્યો. દસમી-અગિયારમી સદીમાં 'સિંધી' ભાષાનું સ્વરૂપ સંપૂર્ણ વિકસિત થયાનો સમય ગણાવી શકાય. આજ સમયમાં (૧૮૬૫થી ૧૨૦૩) વ્રાચડ - અપભ્રંશ અને શૌરસેની બૃહતક્ષેત્રમાં બંનેની સંયુક્ત અસરને પરિણામે કચ્છીના સ્વતંત્ર વિકાસમાં ક્રમિક વૃદ્ધિ થવા પામી.

ઉપરોક્ત ઐતિહાસિક ઘટનાચક્રમાં કચ્છ પ્રદેશમાં ભાષાકીય સુવર્ણકાળ જાડેજાઓના શાસનકાળ (૮૪૪થી ૧૧૪૪) ગણાવી શકાય. આશરે આઠસો વર્ષ જાડેજાઓનું સામ્રાજ્ય રહ્યું. આ સમય દરમિયાન જાડેજા શાસકોએ 'જાડેજા કચ્છી'ને વિકસાવી.

- **કચ્છી ભાષામાં પરિવર્તનનો બીજો તબક્કો :**

હિંદુસ્તાન - પાકિસ્તાનના વિભાજનના કારણે સર્જાયેલ વિશિષ્ટ ભાષાકીય પરિસ્થિતિને કારણે સ્થાનિક ભાષામાં પરિવર્તન થયા. દેશના વિભાજન થવાને કારણે પડોશી દેશ સિંધમાંથી લોકોને સ્થળાંતર કરવાની ફરજ પડી. આથી 'સિંધ'ના સિંધી સમાજે પોતાના વતનમાંથી પોતાની ભાષા સાથે અન્ય ભાષાસમાજ (ગુજરાત-મહારાષ્ટ્ર)માં આવીને વસવાટ કર્યો. તેઓને દૈનિક વ્યવહારમાં ઘરમાં 'સિંધી' અને બહાર જે તે વિસ્તારની સ્થાનિક ભાષા (Native Language)નો ઉપયોગ કરવો પડ્યો. પરિણામે નિર્વાસિતોની (બહારથી આવીને વસવાટ કર્યો તે લોકો) મૂળ સિંધી ભાષા (તળપદી સિંધી)નો સ્થાનિક ભાષા (Native Language – કચ્છી) સાથે વારાફરતી (alternative) વૈકલ્પિક રીતે બંને ભાષાઓનો ઉપયોગ થવાને કારણે મૂળ સિંધી (તળપદી સિંધી) અને મિશ્રિત ભાષા (સિંધી-કચ્છી) અલગ પડી. આ ભાષાકીય પરિવર્તનની પ્રક્રિયાને મૂળ સિંધી (તળપદી સિંધી) સિંધી-કચ્છી અને પરિણામે ઉદ્‌ભવેલ (મિશ્રિત) વર્તમાન દ્વિ-ભાષીક કચ્છીનો ઉદ્‌ભવ થયો એવું સમીકરણ મૂકી શકાય. આ ભાષાકીય પરિવર્તનની સહજ પ્રક્રિયાને કાલ્પનિક જોડાણ ન ગણતાં તેને ભાષાકીય પરિવર્તનના ભાગરૂપે સર્જાયેલી પરિસ્થિતિની નીપજ ગણવી પડે, કારણકે બે અલગ અલગ ભાષાનો વિકલ્પે ઉપયોગ જ્યારે કરવામાં આવે ત્યારે બે અલગ અલગ ભાષાના ભાષક અન્યોન્ય ભાષાઓનો સંપૂર્ણ કૌશલ સાથે વારાફરતી ઉપયોગ ભાષક કરી શકતો હોય તે ભાષામાં દ્વૈભાષીયતા હોવાનાં લક્ષણો હોવાનું અનુમાન કરી શકાય. સિંધી-કચ્છી મિશ્રિત ભાષામાંથી ઉદ્‌ભવેલ વર્તમાન કચ્છીમાં આ કારણે દ્વૈભાષીયતા હોવાનું આ પ્રક્રિયાને આધારે નકારી શકાય નહીં. કચ્છી-સિંધી વચ્ચે પ્રાચીનતમ ગાઢ સંબંધને ધ્યાનમાં રાખીને ભાષાવિજ્ઞાની ગ્રિયર્સને 'કચ્છી'ને સિંધીની ઉપભાષા તરીકે ઓળખ આપી છે કારણકે 'કચ્છી'નું ભાષાકીય કાઠું પંજાબીની પ્રાદેશિક પ્રાકૃત લહંદા જેવું હોવાથી આ દિશા તરફ અંગૂલી નિર્દેષ કરવાનું અનુમાન કરી શકાય. જો કે ભાષાકીય ઘટનાઓને આધારે 'કચ્છી'નો સંબંધ શૌરસેની સાથે હોવાનું પણ અનુમાન કરવામાં આવે છે. શૌરસેની અને તેમાંથી ઉદ્‌ભવેલું મારૂ-ગૂર્જર અને વ્રાચડ અપભ્રંશના બૃહત સંગમમાંથી પશ્ચિમમાં બોલાતી પ્રાકૃતોમાંથી ઉદ્‌ભવેલ 'ગો'ર્જર અપભ્રંશને ગણાવી શકાય. સાથોસાથ ભૌગોલિક એકમોની સંયુક્ત અસરની પણ વર્તમાન કચ્છીના સ્વતંત્ર વિકાસમાં ક્રમિક વૃદ્ધિ થવા માટેનો ફાળો હોવાનું અનુમાન કરી શકાય. આ ભાષાકીય પરિવર્તનની પ્રક્રિયામાંથી કચ્છી-સિંધી ભાષાના ભાષકો વચ્ચે સંબંધ પ્રસ્થાપિત થવાને કારણે ગુજરાતી - કચ્છી મિશ્રિત ભાષકોની સંખ્યાના આધારે એવું પ્રમાણિત થાય છે કે વર્તમાન દ્વૈભાષીય કચ્છી પર સિંધી ઉપરાંત ગુજરાતી ભાષાની પણ અસર પડી હોવાનું સંભવિત છે. જેની પુષ્ટિ કરતાં અર્વાચીન સંશોધક ડૉ. શાંતિભાઈ આચાર્યના

'હાલારી બોલી' તેમજ ઓખામંડળ વિસ્તારમાં બોલાતી 'વાઘેરી બોલી' (ડૉ. ગજેન્દ્રભાઈ વ્યાસ)ના શોધ-નિબંધ 'ગુજરાતી'ની 'કચ્છી' પર પડેલી અસર દ્વૈભાષીયતા હોવાનું પ્રમાણિત કરતા ઉત્તમ શોધ-નમૂના છે.

- **કચ્છી બોલીની લિપિ :**

વિશ્વમાં આશરે સાઠેક હજાર ભાષાઓ અસ્તિત્વમાં છે, જે પૈકીની સોએક ભાષા / બોલી એવી છે કે જેને પોતાની પોતીકી લિપિ નથી, જેમાં 'કચ્છી બોલી'નો પણ સમાવેશ થાય છે. 'કચ્છી'ને લિપિમાં અંકિત કરવા માટેના પ્રયાસો થયા છે, જેની લાંબી યાદી નથી. 'કચ્છી'ની લિપિ માટેનો સૌપ્રથમ પ્રયાસ આઠમી સદીમાં થયો હોવાના પુરાવા ભંભોરના ખોદકામ કરતાં મળી આવેલા માટીના માળિયા પર અંકિત કરેલ લિપિમાં જોવા મળે છે. આ લિપિ પૂર્વ નાગરી શૈલીના અક્ષરોમાં અંકિત કરેલાં લખાણોના નમૂના છે. જોકે આ લિપિ હજુ સુધી ઉકેલી શકાયેલ નથી.

શ્રી લાલજી કાનજી વકીલ તથા વ્રજલાલ ભગવાનદાસ છાયાએ અનુક્રમે 'કચ્છી નવલિપિ' અને 'સ્વદેશી' સામાયિકમાં આ લિપિનો ઉપયોગ ૧૮૮૦માં કરેલ. ત્યારબાદ શ્રી રામસિંહ રાઠોડે પણ કચ્છી લિપિ માટે હાથ અજમાવેલ. તેમણે ખોજાઓની શાળામાં શિક્ષણના ઉપયોગ તેમજ ખોજાઓનાં હિસાબ-કિતાબ લખવા માટેની લિપિને 'ખોજકી લિપિ' તરીકે ઓળખાવેલ. આ લિપિમાં કચ્છીના મૂળાક્ષરોની હસ્તપ્રત મળી આવેલ. જેમાં પ્રથમ હસ્તપ્રત ૧૭૩૭ અને તેમાં કરેલ સુધારા-વધારાની હસ્તપ્રત ૧૯૩૨ની ઉપલબ્ધ છે. પરંતુ આ લિપિ પણ લાંબુ ગજુ કરી શકી નથી. કચ્છી લિપિ માટે ૧૯૨૦માં શ્રી ઠક્કર નારાયણજી જોબનપુત્રાએ પણ પ્રયત્ન કરેલ. જેને 'ઓમ' આકારમાંથી લિપિના અક્ષરનો આકાર આપેલ. આ લિપિનો પ્રથમ ઉપયોગ 'કચ્છી ભાણજીએ પે'લી ચોપડી' લખવા માટે કરેલ હતો.

આ સિવાય ડૉ. ગજકંદ તેમજ ડૉ. રાજુલ શાહે પણ પ્રયાસ કરેલ. ડૉ. રાજુલ શાહે ચિત્ર-લિપિમાં કચ્છીના અક્ષરોને અંકિત કરવાનો નવતર પ્રયોગ કરેલ છે. આ લિપિના પ્રયાસોમાં જોડણી, ઉચ્ચારણ અને તેના ધ્વન્યાત્મક નિયમો આધીન ન હોવાથી તેમાંની કોઈ પણ લિપિ સંચારમાં મૂકી શકાઈ નથી.

'કચ્છી'નું હાલમાં ગુજરાતી ભાષામાં લિપ્યંતર પંદરમા સૈકાથી કરવામાં આવી રહ્યું છે અને રૂઢ પણ થઈ ગયું છે. પણ 'કચ્છી'નું ગુજરાતી લિપિમાં લિપ્યંતર થાય છે ત્યારે 'કચ્છી બોલી'ના કેટલાક ભાતીગળ અને વિશિષ્ટ ઉચ્ચારણ તેમજ તેના ધ્વનિ ઘટકોની frequency સમકક્ષ ઉચ્ચારણના ગુજરાતી લિપિ / જોડણીનાં પ્રતીકો (symbol - syllable)નો ગુજરાતી લિપિમાં સમાવેશ થતો નથી. એ જોડણી / લિપિની મર્યાદા હોવાથી આવા ઉચ્ચારણને અંકિત કરવું કઠિન છે. એટલું જ નહીં, પણ બંને ભાષાની પેટર્ન અને સંરચના પણ ભિન્ન હોવાને કારણે 'કચ્છી'ના ઉચ્ચારણ અને તેની frequency સમકક્ષ વર્ણ-સંકેત-પ્રતીકોના અભાવે આવા વિશિષ્ટ ઉચ્ચારણનું લિપ્યંતર યથાર્થ થતું નથી. ભાષાનું મૂળ સ્વરૂપ શ્રાવ્ય છે. આથી ભાષાની લિપિ / જોડણીનાં પ્રતીકો ભાષાના ઉચ્ચારણની frequency ઉચ્ચારણના કંપનના આવર્તન પર અવલંબિત હોવાથી કચ્છી તેમજ ગુજરાતીના ઉચ્ચારણની frequency અલગ હોવાથી કચ્છીનું ગુજરાતી લિપિ / જોડણીમાં થતું લિપ્યંતર માત્ર કચ્છીનો અનુવાદ કે ભાષાંતર જ થતું હોય છે.

'કચ્છી'નું ગુજરાતી જોડણી / લિપિમાં લિપ્યંતર યથાર્થ રીતે કરી શકાય તે માટે ડૉ. શાંતિભાઈ આચાર્યે (૧૯૮૪) ગુજરાતી ભાષાના વર્ણ (syllable)માં ઉચ્ચારણની frequency અનુસાર કેટલાક સુધારા સૂચવેલ હતા. આથી પ્રેરિત થઈને ગુજરાતી લિપિ / જોડણીમાં ગુજરાતી - કચ્છીના ધ્વનિઘટક તેમજ વર્ણ - અક્ષરનો તુલનાત્મક અભ્યાસ આધારિત પેટર્ન - સંરચના અનુસાર ગુજરાતી ભાષાના વર્ણમાં સુધારા કરવાના પ્રયાસ થઈ રહ્યા છે. જો તેનો સ્વીકાર થશે તો ભવિષ્યમાં ગુજરાતી ભાષાની લિપિમાં કચ્છીનું લિપ્યંતર કચ્છી ભાષાનુસાર કરી શકવાની સંભાવના છે. ■

Parbatbhai Patel
M. : 98240 62711

**Shivam Packaging**

**Shiv Packing Industries**

**સ્ટીફ બોર્ડસ / ગ્રે બોર્ડસ • પી.વી.સી. પી.પી. રોલ અને રીમ**
**પી.પી. સુતળી, વુડન રોલ • વાંસની પટ્ટી**
**H.M., L.D., P.P. Bags**
**ક્રાફ્ટ પેપર, સેલો ટેપ, કોરૂગેટેડ રોલ બોક્સ**

Opp. Dwarkadhish Estate,
Outside Chandola Old Tol Naka,
Near Bombay Hotel, Narol Road,
Ahmedabad-382 405.
Ph. : (O) 25394011, 25394311

*પ્રભુ એક જ કરું છું હું પ્રાર્થના, સંબંધો કદી ના કરું હું સ્વાર્થા... – સતિષ સખિયા*

માહિતી

# ભારતમાં ઉર્જા વિકાસ



પ્રા. સૂર્યકાંત ભટ્ટ

વિકાસલક્ષી કાર્યક્રમો ઘડવા, તે પણ પર્યાવરણને અનુકૂળ હોય તેવા કાર્યક્રમોનું આયોજન સરકાર માટે પડકારરૂપ બનવા પામે છે. અન્ય દેશોની જેમ ભારત એની ઉર્જાની જરૂરિયાતો પૂર્ણ કરવા માટે અશ્મિભૂત ઇંધણો પર વધારે નિર્ભર છે. થર્મલ પ્લાન્ટ અતિ પ્રદૂષણ ફેલાવે છે. ઉર્જાની જરૂરિયાત દિન પ્રતિદિન વધતી ચાલી છે. પછી તે ઘરગથ્થુ જરૂરિયાત હોય, ઔદ્યોગિક ક્ષેત્ર અર્થે હોય કે વાહન વ્યવહાર ક્ષેત્રની હોય. દેશના કેટલાક ભાગમાં સૌર અને પવન ઉર્જાનો ઉપયોગ વધી રહ્યો છે. આજે બાયોગેસ, સૌર ઉર્જા, જિયો થર્મલ ઉર્જા અને દરિયાઇ ઉર્જા - સવચ્છ ઉર્જાના કેટલાક સ્રોતો છે.

વિશ્વમાં ભારતનું અર્થતંત્ર છઠ્ઠું સૌથી મોટું અર્થતંત્ર છે. ઉર્જાના વપરાશમાં દુનિયામાં ત્રીજો સૌથી મોટો વપરાશકર્તા દેશ છે. અત્રે દર વર્ષે ઉર્જાના વપરાશમાં તેની માંગમાં પાંચ ટકા વૃદ્ધિ થાય છે. ૨૦૪૦ સુધી ઉર્જાની માંગ બમણી થઈ જશે. પરિણામે સરકારની ટોચની પ્રાથમિકતા ઉર્જા ક્ષેત્ર છે. વર્ષ ૨૦૧૭માં સરકારે દેશના તમામ પરિવારોને વીજળીનો પુરવઠો પૂરો પાડવા સૌભાગ્ય યોજનાનો પ્રારંભ કર્યો. પરિણામે નેવું ટકાથી વધુ પરિવારોને લાભ મળવા પામ્યો છે.

સરકારે વીજ વિતરણ કંપનીઓની નાણાંકીય સ્થિતિ સુધારવા ઉજ્જવલ ડિસ્કોમ એસ્યોરન્સ (ઉદય)ની જાહેરાત કરી છે. ઉર્જાના પુરવઠામાં તબક્કાવાર વધારો થઈ રહ્યો છે ત્યારે વર્ષ ૨૦૨૨ સુધીમાં ૧૭૫ ગીગા વૉટ ઉર્જાનો લક્ષ્યાંક સિધ્ધ થશે. ઉજ્જવલા યોજના અંતર્ગત સાત કરોડ જેટલા કુટુંબોને લાભ મળ્યો છે. તેમને સ્વચ્છ રાંધણગેસ મળે છે. સરકારશ્રીની ચાલી રહેલી ઉર્જાક્ષેત્રની નીતિઓ પરવડે તેવી, વિશ્વસનીય, ટકાઉ અને આધુનિક ઉર્જાની પ્રાપ્તિ પૂરી પાડવાનો શુભ હેતુ ધરાવે છે. ઇ.સ. ૨૦૨૧ સુધી દરેકને ૨૪ x ૭ વિદ્યુતની ઉપલબ્ધિ કરાવવી. ઇ.સ. ૨૦૨૨ સુધી ૧૭૫ ગીગાવોટ (GW) નવીનીકરણ ઉર્જા પેદા કરવાની ક્ષમતા પ્રાપ્ત કરવી. ઇ.સ. ૨૦૨૩ સુધી ઑઇલ અને ગેસની આયાતોમાં ૧૦%નો ઘટાડો કરવો. ભારતે ઇ.સ. ૨૦૧૭માં તેની જરૂરિયાતના ક્રુડ ઓઇલના અંદાજે ૮૨% અને કુદરતી ગેસના ૪૫%ની આયાતો કરી હતી.

- **ઓસન એનર્જી :**

પૃથ્વીની સપાટીના ૭૦%થી વધુ હિસ્સો સમુદ્રો આવરી લે છે અને તે એક ખૂટે નહીં એવો ઉર્જા સ્રોત છે. 'ઑસન એનર્જી' દરિયાના મોજામાંથી મેળવવામાં આવે છે. દુનિયાના ઘણા ઓછા પ્રમાણમાં પાવર પ્લાન્ટ પ્રાપ્ત થયા છે, કે જે કાર્યરત છે. વર્ષ ૨૦૧૬ના અંતે વિશ્વમાં ઑસન એનર્જીની આશરે ૫૩૬ મેગાવોટની સ્થાપિત ક્ષમતા કાર્યરત હતી.

ઇન્ડિયન ઇન્સ્ટિટ્યૂટ ઑફ ટેકનોલોજી - મદ્રાસે હાથ ધરેલ એક અભ્યાસ મુજબ ભારતમાં ટાઈડલ એટલે કે સમુદ્રના મોજાં આધારિત વીજળીના ઉત્પાદનની ક્ષમતા ૧૨,૫૦૦ મેગા વૉટ જેટલી છે. તે મેળવવા માટેના આશાસ્પદ સ્થળોમાં ખંભાતનો અખાત અને કચ્છના અખાત (ગુજરાત)નો, સુંદરવન (પશ્ચિમ બંગાળ), પશ્ચિમ ઘાટ (મહારાષ્ટ્ર) આદિ સમાવિષ્ટ છે. ભારતમાં મોજા આધારિત ઉર્જા માટેની થિયોરેટીકલ ક્ષમતા ૪૧,૦૦૦ મેગાવોટની હોવાની સંભાવના છે. ગોવા, કર્ણાટક અને કન્યા કુમારીને લક્ષમાં લેવાયા છે. મોટાપાયે સ્થપાયેલા ટોચના ટાઈડલ પ્લાન્ટ્સ, દક્ષિણ કોરિયા ૨૫૪ મેગાવૉટ (૨૦૧૧), ફ્રાન્સ ૨૪૦ મેગાવૉટ (૧૯૬૬), કેનેડા ૨૦ મેગાવૉટ પ્લાન્ટનો સમાવેશ થયો છે.

- **સૌર ઉર્જા :**

ભારતમાં લગભગ સમગ્ર વર્ષ દરમિયાન સૂર્યપ્રકાશ મળતો રહે છે. તેથી પુનઃ પ્રાપ્ત ઉર્જા, સૌર ઉર્જા માટેની વિશાળ સંભવિતતા રહેલી છે. ભારત સરકારે પુનઃ પ્રાપ્ત ઉર્જાના સ્રોતોમાંથી ૧૭૫ ગીગા વૉટ ઉર્જાનું ઉત્પાદન કરવાનો લક્ષ્યાંક નિર્ધારીત કર્યો છે, જે ઇ.સ. ૨૦૨૨માં પૂર્ણ થશે. પરિણામે છેલ્લા થોડા વર્ષોમાં આપણે ૨૮ જીબી સૌર ઉર્જા ક્ષમતાનો વધારો નિહાળી શક્યા છીએ.

- **બાયોગેસ :**

કચરામાંથી ઉર્જા ઉત્પન્ન કરવા બાયોગેસ - બાયો સીએનજી શહેરી ઔદ્યોગિક તથા કૃષિ કચરામાંથી ઉર્જા ઉત્પત્તિના કાર્યક્રમો ભારતમાં હાથ ધરાયા

(અનુ. : જુઓ પાના નં.-૧૩ ઉપર)

*કેટલું હોત તારું માન નીચે, તેં બનાવ્યું જો હોત સ્થાન નીચે; આજ ઇ ચિત્રને ઈનામ મળ્યું, એક ભિખારી ઊભો વિમાન નીચે. – કવિ ભાવેશ ભટ્ટ*

ઐતિહાસિક વાર્તા શ્રેણી

## અદૃશ્ય પાત્રો - ૩

# ચોકીદાર : ભાગ-૧



હરેશ ધોળકિયા

મનાઈ લાખા ધુરારાનો, બીજી રાણી ગોહિલ રાણીથી થયેલ સૌથી નાનો પુત્ર હતો. નાનપણથી તે ખટપટિયો હતો. મોટા ભાઈ ઉન્નડ સાથે બાળપણથી તેને ન બનતું. ઉન્નડ શાંત અને સરળ સ્વભાવનો. બંનેને જરા પણ ન બને. મનાઈ સમજણો થયો ત્યારથી ગાદી પર બેસવાની તેની તીવ્ર ઇચ્છા. પણ તે તો સૌથી નાનો. શક્યતા જ ન હતી. એટલે ગુસ્સામાં વિચારતો કે હું ન બેસી શકું, તો ઉન્નડને પણ બેસવા નહીં દઉં. ગાદીનો સાચો વારસ પહેલી રાણીથી થયેલ અને સૌથી મોટો કુંવર મોડ. પણ તેણે પોતાની નવી માને વચન આપ્યું હતું કે તે તેના કુંવરને જ ગાદી અપાવશે. અલબત્ત, પછી તેને પસ્તાવો થયેલ, પણ વચનનો માર્યો ચૂપ હતો. વફાદાર પણ હતો.

ધુરારાના મૃત્યુ પછી ઉન્નડ જ ગાદીએ બેઠો. સારા સ્વભાવના કારણે તે વખણાઈ ગયો અને પ્રજાનો પ્રેમ મેળવ્યો. પરિણામે મનાઈ વધારે બળવા લાગ્યો. તેણે મોડને સાધવો શરૂ કર્યો. શરૂઆતમાં તો મોડ ન માન્યો, પણ મનાઈની સતત ચડામણીથી તેનું મન પણ નબળું પડવા લાગ્યું. મોડની રાણીને પણ મોડનું વચન ગમ્યું ન હતું. તેને પણ મહારાણી થવાની તક ગુમાવવી પડી હતી, એટલે તે પણ મનાઈને ટેકો આપતી હતી. તેથી મોડ મનાઈની ખટપટોને વશ થતો ગયો. અને એક દિવસે તકનો લાભ લઈ મનાઈએ જામ ઉન્નડની હત્યા કરી નાખી.

પણ તેની મા ગોહિલ રાણી અત્યંત

મનાઈના શરીરમાં એક પ્રકારની વિચિત્ર અસ્વસ્થતા દેખાતી હતી. તે ગાદી પર બેઠો હતો, પણ તેનું શરીર સ્થિર ન હતું. અંગેઅંગ ચંચળતા અનુભવતું હતું. હાથ સ્થિર ન હતા, આમતેમ ડોલતા હતા. વારંવાર કેડે બાંધેલ તલવાર પર જતા હતા અથવા પગના ઘૂંટણ પર તબલાં વગાડતા હોય તેમ ચાલતા હતા. પગ પણ લાંબાટૂંકા થયા કરતા હતા. આંખો ચકળવકળ થઈ ખંડની ચારે તરફ ફર્યા કરતી હતી, કશાકની રાહ જોતી હોય તેમ દેખાતી હતી. તેનું સમગ્ર અસ્તિત્વ એક વિચિત્ર ગતિશીલતા અનુભવતું હતું.

"આ ભીમ આવતો કાં નથી?" અકળાઈને મનાઈ બબડ્યો, "ચોકીદાર તેને બોલાવવા ગયો તે ગયો! કેટલી વાર? વચમાં હુક્કાનો દમ લેવા તો બેસી નથી ગયો ને?"

પછી પોતે જ હસ્યો : "તાકાત છે ચોકીદારની કે પળ પણ ક્યાંય થોભે! તેને મારી કડકાઈની - અરે, કડકાઈ શું, ક્રૂરતાની ખબર છે. પણ પણ મોડો પડશે તો મારી તલવારથી ડોકું ઊડ્યું સમજો!" અભાનપણે તેનો હાથ તલવારની મૂઠ પર ગયો.

ત્યાં દરવાજાનું કડું ખખડ્યું.

મનાઈએ દરવાજા સામે જોયું. ચોકીદાર આવી ગયો હતો. તે હાંફતો હતો. અંદર આવી કુરનીશ બજાવી.

"અરે, પણ ભીમ ક્યાં?" મનાઈએ અકળાઈને પૂછ્યું.

ચોકીદાર ખસી ગયો. પાછળ ભીમ ઊભો હતો.

ભીમ મનાઈનો અંગત માણસ હતો. ગુંતરીમાં મનાઈની જે નાની ટુકડી હતી, તેના રક્ષણ માટે, તેનો તે સેનાપતિ હતો. ગુંતરીમાં સાત સાંધનો મનાઈ તાબેદાર હતો. એટલે તેને સેના રાખવાની તો છૂટ ન હતી, પણ પોતાના રક્ષણ માટે મનાઈ થોડા ચુનંદા સૈનિકો લાવ્યો હતો. તેને આ ભીમ સંભાળતો હતો.

ભીમે પણ કુરનિસ બજાવી અને આગળ આવ્યો. મનાઈએ તેને બેસવાની સૂચના આપી. ભીમ હળવેથી જમીન પર બેઠો. મનાઈ તેના સામે જોઈ રહ્યો. મધ્યમ કદનું, થોડું ભરાવદાર શરીર હતું. ચહેરા પર થોભિયાવાળી મૂછદાઢી હતી. હુક્કાને કારણે આંખો થોડી લાલાશવાળી હતી. માથે રંગીન પાઘડી પહેરી હતી. કપડાં કસોકસ પહેર્યા હતા. કેડ પર ખેસ બાંધ્યો હતો. જમણી બાજુ તલવાર લટકતી હતી. ડાબી બાજુ કેડમાં જમૈયો ખોસ્યો હતો. તેની મૂઠ બહાર દેખાતી હતી. ભીમ ચાલતો ત્યારે કડક ચાલતો, પણ અત્યારે મનાઈ સામે આવતાં થોડો ઢીલો હતો. હળવેથી બેઠો.

"હુકમ, મહારાજ, અચાનક કેમ બોલાવ્યો?" ભીમે મનાઈની આંખમાં આંખ પરોવતાં પૂછ્યું.

"અરે, ભીમ, આજે તો અદ્‌ભુત ઘટના બની છે. આપણે સાંધો સામે બદલો લેવાની જે તક શોધી રહ્યા હતા તે હાથમાં આવી છે."

ભીમે મસ્તક હલાવ્યું.

*ઠીક ઉસ ખાલી લિફાફેકી તરહ હોતે હૈં કુછ રિશ્તે, જીનકે ભીતર કુછ ભી નહીં હોતા ઔર હમ ઉન્હેં સંભાલ કર રખતે હૈં.*

કડક મહારાણી હતી. તે નાના કુંવર મનાઈના ખટપટી સ્વભાવથી પરીચિત હતી. તેને ખબર પડી કે ઉન્નડની હત્યા કરાઈ છે, એટલે તે ગુસ્સાથી સળગી ઊઠી અને મોડ તથા મનાઈને દેખાય ત્યાં મારી નાખવાનો હુકમ કર્યો. પરિણામે મોડ અને મનાઈ પાછા તો ફરી શકે તેમ ન જ હતા, પણ આસપાસ પણ કોઈ રાજવી તેમને રક્ષણ આપી શકે તેમ ન હતું. એટલે છેલ્લા ઉપાય તરીકે બંને મનાઈના મામા વાઘમ ચાવડાને ત્યાં ગયા અને રક્ષણ માગ્યું. મામાને પણ મનાઈની ખટપટોનો ખ્યાલ. એટલે તેઓ પણ તેના પર વિશ્વાસ રાખે તેમ ન હતા. પણ મનાઈ તેમને ખૂબ કરગર્યો, એટલે ભગવાનની સાક્ષીએ તેને સખણા રહેવાનું અને મામાનું પણ રક્ષણ કરવાનું વચન લેવડાવ્યું; બંનેએ લીધું, ત્યાર પછી જ તેમને આશરો આપ્યો.

પણ મનાઈ તો મનાઈ જ હતો! સ્વભાવ કંઈ બદલી ન શકે. તેણે ફરી કાવતરું કરી મામા વાઘમ ચાવડાની પણ હત્યા કરી નાખી, તેની ગાદી પડાવી લીધી અને તેના પર મોડને બેસાડી દીધો. મોડની ઈચ્છા પૂરી થઈ. બંનેએ પછી તે રાજ્યને મજબૂત બનાવ્યું. પણ ત્યાં ગુંતરીના સાત સાંધોએ તેમને પડકાર્યા. તેમની સાથે લડવા ગયા, પણ હારના સંભવે નમી ગયા અને દર અઠવાડિયે અઢાર ગાડાં ઘાસ આપવાની તેમની ખંડણી સ્વીકારી લીધી. તેમ છતાં સાવચેતીરૂપે સાત સાંધોએ મનાઈથી મોડને છૂટો કરી નાખ્યો અને ગુંતરીમાં નજરકેદ રાખ્યો. તે સમસમી ગયો, પણ કશું ન થઈ શકતાં લાચારીથી ત્યાં રહેતો હતો. તેને હરવા-ફરવાની છૂટ હતી, પણ કોઈ સત્તા આપવામાં આવી ન હતી. મનાઈનું ઝેરી અને ખટપટી મગજ સતત આ સાત ભાઈઓને કેમ હરાવવા અને ગુંતરી પડાવી લેવું તેનાં કાવતરાં કર્યા કરતું હતું. પણ કોઈ જ ઉપાય સૂઝતો ન હતો. તેનો ગુસ્સો વારંવાર તે ભીમ પાસે કાઢતો.

આ બધાનો ભીમ સાક્ષી હતો. એટલે તેને મનાઈની ઉપાય મળવાની વાત સાંભળી નવાઈ લાગી. તેને જિજ્ઞાસા થઈ કે વળી કયો ઉપાય મળ્યો હશે? તેણે જિજ્ઞાસાભરી આંખે તેની સામે જોઈ પૂછ્યું, "મહારાજ, શેની વાત કરો છો? કયો ઉપાય?"

"અરે, ભીમ, ખૂબ જ સચોટ ઉપાય મળ્યો છે."

"મહારાજ, મને લાયક માનતા હો તો જણાવો."

"લે, તારા સિવાય બીજા કોને કહી શકું? તારી મદદથી જ તો તે કરી શકીશ. ઉન્નડની હત્યાથી આજ સુધી તારા સિવાય બીજા કોને પોતાનો માન્યો છે — મહારાજ મોડને બાદ કરતાં?" મનાઈ બોલ્યો.

ભીમે માથું નમાવ્યું.

મનાઈએ ખોંખારો ખાધો અને મસ્તક નમાવી, ભીમ પાસે લાવી, ધીમેથી બોલ્યો, "ભીમ, આજે સવારે જાણે ચમત્કાર જ થયો."

"ચમત્કાર? શો વળી?"

"સવારે ઠંડી હોવાથી નવરો થઈ ઘરના ઓટલા પર નિરાંતે બેસી હુક્કો પીતો હતો. ત્યાં સામેના કૂવા પર ચાર-પાંચ સ્ત્રીઓ પાણી ભરતી હતી અને વાતો કરતી હતી."

ભીમે માથું હલાવ્યું.

"તેઓ મારી શારીરિક તાકાત જોઈ પ્રભાવિત હતી અને પોતપોતામાં વાતો કરતી હતી." મનાઈએ પોતાનાં બાવડાં પર હાથ ફેરવી કહ્યું.

"તમારા વિશે?"

"હા, મારા વિશે જ."

"શું કહેતી હતી?"

"એક બહેને કહ્યું : અલી, જો તો ખરી, પેલો શૂરવીર સમાનો કુંવર કેવો રૂપાળો છે, નહીં? પણ એ બિચારાને આપણા સાંધોએ કેદમાં રાખ્યો છે."

બીજીએ જવાબ વાળ્યો : "આ કુંવરને કોઈ બાનમાં રાખી શકે તેવી કોઈની તાકાત નથી." મનાઈએ ખોંખારો ખાતાં કહ્યું.

ભીમ હસ્યો.

"સાચી વાત છે, પણ સાત સાંધોને હરાવી શકે તેવી તેની સ્થિતિ નથી : પહેલીએ કહ્યું." તે આગળ બોલ્યો.

"બીજીએ જવાબ વાળ્યો : 'પણ તેને ખબર નથી કે સાત સાંધોને મારવા સરળ છે, તેનો જરા પણ તેને ખ્યાલ આવે, તો તે હરાવી શકે.'

ભીમ, મારા તો કાન સરવા થઈ ગયા. મેં તીવ્ર એકાગ્રતાથી સાંભળવા માંડ્યું.

બીજી સ્ત્રી આગળ બોલી : 'આપણે જાણીએ છીએ કે સમા બહાદુર કોમ છે. તેમને ખબર નથી કે સાત સાંધો બળવાન છે, પણ પરસ્પરને ધિક્કારે છે. સાતે જુદાં ઘરોમાં રહે છે. હું જો સમો હોઉં, તો આ મનાઈ અને મોડ જે ખંડણીરૂપે અઢાર ઘાસનાં ગાડાં મોકલે છે, તેમાં પાંચ-પાંચ ચુનંદા હથિયારધારી સૈનિકો છુપાવી મોકલી દઉં. ગાડાંવાળા પણ સિપાહીઓ જ હોય. એમ ગાડા દીઠ છ સિપાઈ મળી કુલ એકસો-આઠ સૈનિકો જો કિલ્લામાં દાખલ થઈ જાય અને પંદરની ટુકડી બનાવી એકીસાથે જો હુમલો કરે, તો હરાવી શકે. તેમાં પણ સાંજે જ્યારે સાંધો પૂજામાં બેઠા હોય ત્યારે જો છાપો મારે, તો તો તેઓ તરત ખતમ કરી શકે."

પછી ઉત્તેજનાથી ઊભો થઈ જતાં મનાઈ બોલ્યો, "ભીમ, આ બાઈઓ અદ્ભુત ઉપાય બતાવી ગઈ છે. આમ

*સુખનું સરનામું આપણી હસ્તરેખામાં જ હોય છે, તકલીફ તો ફક્ત એટલી જ છે કે, આપણી પાસે એ જોવાનો સમય નથી હોતો. – જીગર કવૈયા*

આપણે કરીએ, તો આપણે ચોક્કસ જીતી શકીએ.''

ભીમ પણ ઊભો થઈ ગયો. તે બોલ્યો, ''પણ, મહારાજ, આપણી પાસે તો એટલા સિપાહીઓ છે જ નહીં. અને કદાચે કિલ્લા પાસે આવે તો તેમને અંદર ઘુસાડી ન શકાય.''

''ના, ભીમ, તે માટે તો આપણે મોડ મહારાજને કહેવું પડે કે તેઓ ગાડામાં ઘાસ ભરે, ત્યારે જ તેમાં સિપાહીઓની છુપાવી દે.''

''પણ મોડ મહારાજને સંદેશો કેમ પહોંચાડી શકાય? આપણી તો દરેક હિલચાલ પર સાંધોની નજર છે.''

''હા, એટલે તો તને બોલાવ્યો છે. કંઈક વિચાર, ઉપાય સુઝાડ, જેથી મોડ મહારાજને સંદેશો પહોંચાડી શકાય.'' મનાઈએ કહ્યું.

ભીમ વિચારમાં પડી ગયો. દસેક મિનિટ ચૂપકિદી રહી. મનાઈ ઉત્સુકતાથી ભીમ સામે જોતો હતો.

છેવટે ભીમે કહ્યું, ''મહારાજ, એક ઉપાય કરી શકાય.''

''જલદી બોલ.''

''લેખિત સંદેશો તો ન મોકલી શકાય. ગાડાં પાંછા જાય છે ત્યારે તેને પૂરેપૂરા તપાસવામાં આવે છે. તરત પકડાઈ જાય.''

''તો?''

''આપણે ઠીકરા પર લખીને ગાડાંવાળાને આપીએ અને તે મોડ મહારાજને પહોંચાડે, તો સંદેશ પહોંચી જાય ખરો.''

''ઇ વાત સાચી. ઠીકરા પર કોઈની નજર ન જાય. શાબાશ!'' મનાઈએ ભીમની પીઠ થાબડતાં કહ્યું. પછી બોલ્યો, ''ઝડપથી આ કામ કર. અને મોડ મહારાજનો સંદેશો આવે કે તરત મને જણાવજે.''

ભીમે માથું હલાવ્યું. પછી કુરનિસ બજાવી ચાલ્યો ગયો.

★

ચોકીદારે અંદર આવી અને કુરનિસ બજાવી કહ્યું, ''મહારાજ મનાઇ દેવનો જય હો!''

મનાઇ બારી પાસે ઊભો હતો. બહાર જોતો હતો. તેના બંને હાથ પાછળ ભીડાઈને પડ્યા હતા. ચોકીદારનો અવાજ સાંભળી તે પાછળ ફર્યો અને તેની સામે જોયું. બોલ્યો, ''કેમ, શું છે?''

''મહારાજ, ભીમદેવ આવ્યા છે. અંદર આવવાની પરવાનગી માંગે છે.''

''ઝડપથી અંદર મોકલ.'' મનાઇના અવાજમાં ઉત્સુકતા પ્રગટી.

ચોકીદાર માથું નમાવી બહાર ગયો. થોડીવારે ભીમ અંદર આવ્યો. મનાઇ તેની સામે ગયો. ભીમે પણ મસ્તક નમાવ્યું. મનાઇએ તેનો હાથ પકડી અંદર દોર્યો. પોતે ગાદી પર બેઠો. સામેના આસન પર ભીમ બેઠો.

મનાઇએ પૂછ્યું, ''ભીમ, કંઈ સમાચાર છે? આપણો સંદેશો મોકલ્યે ઘણા દિવસો થઈ ગયા છે. કંઈ જ સમાચાર નથી. નહીં પહોંચ્યા હોય મોડ મહારાજને સમાચાર?''

ભીમે જવાબ આપતાં કહ્યું, ''સમાચાર તો બરાબર પહોંચી ગયા હતા, પણ સામેથી મોડ મહારાજનો જવાબ આવતો ન હતો. હું તેની રાહ જોતો હતો.''

''તો કંઈ જવાબ આવ્યો?''

''હા, કાલે હું રોજની જેમ ગાડાંવાળાને બપોરે જમાડતો હતો, ત્યારે એક ગાડાવાળો ચૂપચાપ મારી પાસે આવ્યો અને મને મોડદેવના સમાચાર આપ્યા.''

મનાઇ અડધો ઊભો થઈ ગયો. ''શી વાત કરે છે, ભીમ? ખરેખર?''

પછી આજુબાજુ જોઈ બોલ્યો, ''તમે બે વાત કરતા હતા ત્યારે સાંધનો કોઈ જાસૂસ જોઈ ન ગયો?''

''હતો ને! થોડે દૂર જ ઊભો હતો. પણ ગાડાંવાળાએ એક યુક્તિ કરી હતી. તેણે રસ્તામાં પોતાના હાથમાં ઉઝરડા પાડી લોહી કાઢ્યું હતું. જેવો ગાડાવાળો મારી પાસે આવ્યો, તરત જાસૂસ પહોંચી આવ્યો અને ગાડાવાળાને પૂછ્યું તે મારી પાસે શા માટે આવ્યો હતો?''

''તો?''

''ગાડાવાળાએ હાથ પર વીંટાળેલ પછેડી કાઢી જાસૂસને હાથ બતાવ્યો અને બોલ્યો – ''ભાઈ, રસ્તામાં ઝોકું આવી ગયું તેથી લથડિયું ખાઈ ગયો અને ગાડા પરથી પડી ગયો. આ હાથ ઝાડીમાં ફસાઈ ગયો અને તેમાંથી ખૂબ લોહી નીકળ્યું. માંડમાંડ પછેડી બાંધી શક્યો. પણ હાથમાં પીડા ખૂબ થાય છે. એટલે ભીમદેવને કરગરું છું કે કંઈ ઓસડિયું લાવી દો, તો હાથની પીડા ઘટે. વળતા રસ્તામાં કંઈ નહીં થઈ શકે.''

''વાહ!'' હસતાં મનાઇ બોલ્યો, ''પછી?''

''મહારાજ, જાસૂસ લોહી જોઈ ઢીલો થઈ ગયો. 'ભલે' કહી ચાલ્યો ગયો. હું વૈદરાજ પાસેથી લેપ લઇ આવ્યો અને તેના હાથ પર લગાવી દીધો. પાટો બાંધી દીધો. તે દરમિયાન તેણે મોડદેવનો સંદેશ આપી દીધો.''

''શો છે મોડનો સંદેશ?''

''મહારાજ, મોડદેવે સંદેશ કહેવડાવ્યો છે કે તેમને બરાબર સંદેશ મળી ગયો હતો. તેમણે ચુનંદા સૈનિકોમાંથી પસંદ કરી આપની સૂચના

મુજબ ગાડાંમાંના ઘાસમાં છુપાવીને મોકલશે. ગાડાંવાળા પણ સૈનિકો જ હશે. ત્યાં આવી આપ કહેશો તેમ કરશે.''

''સરસ! સરસ!'' મનાઈ આનંદથી વિચલિત થઈ ગયો. ઊભો થઈ ખંડમાં આંટા મારવા લાગ્યો. પછી ભીમ પાસે ઊભી રહી બોલ્યો, ''પણ આવશે ક્યારે?''

''આજથી ચાર દિવસ પછી.'' ભીમે જવાબ આપ્યો.

''તો આ દરમિયાન તેં બધી તૈયારી કરી લીધી છે ને?''

''હા, મહારાજ! પેલી બહેનોએ કહેલ તેની મેં તપાસ કરી. સાંધો વચ્ચે તીવ્ર મતભેદ છે. એકબીજાને ઓછું બને છે. આ તો ગુંતરીનું રક્ષણ કરવાના બધાએ સાથે સોગંદ લીધા છે, એટલે તેની ખાતર પૂરા એક છે. વળી, તેઓ સાંજે પાંચ વાગે સંધ્યા કરવા બેસે છે ત્યારે પોતાના ખોરડામાં ખુલ્લા ડિલે નિઃશસ્ત્ર થઈ બેસે છે. એક કલાક સુધી પૂજા કરે છે. તે દરમિયાન પહેરદારોને ખોરડાં બહાર ઊભવાની સૂચના હોય છે.''

''તો તેમનું શું કરવું?''

''તેમને તો આપણે મૂંગા કરી દેશું. બહાર હશે એટલે અંદર ભાઈઓને ખ્યાલ નહીં આવે. વળી તેમને કોઈ પડકારે તેની તો તેમને કલ્પના જ નહીં હોય. તેમનો ઊંહકારો પણ નહીં સંભળાય. પછી ખોરડામાં ઘૂસવું સરળ બનશે.''

મનાઈએ આકાશ સામે હાથ જોડ્યા : ''માતાજી, મદદ કરજો!''

પછી બોલ્યો, ''પણ ગાડાં કિલ્લામાં આવશે ત્યારે તપાસ નહીં થાય?''

ભીમે જવાબ આપ્યો, ''ના, આમ તો દર અઠવાડિયે ગાડાં આવે છે, તપાસ પણ થાય છે, પણ દર વખતે ઘાસ સિવાય કશું નથી હોતું, એટલે હવે થોડી ઢીલાશ હોય છે.''

''તો-તો બેડો પાર!''

''પણ મહારાજ, એક તકલીફ છે.'' ભીમે નીચું જોઈ કહ્યું.

''શેની તકલીફ?'' મનાઈએ ઝાટકા સાથે ભીમ સામે જોયું.

''કિલ્લા પર જે ચોકી છે તેમાં એક અંધો ચોકીદાર છે.''

''અંધો અને ચોકીદાર?'' મનાઈ હસી પડ્યો, ''રાખ્યો કોણે છે તેને?''

''મહારાજ, હસવા જેવું નથી. તેની કેવળ આંખ જ બંધ છે, પણ આંખની બધી તાકાત મગજમાં છે. તે ઝીણામાં ઝીણી વિગતને પકડી શકે છે, બેઠે-બેઠે! તેને જો ખ્યાલ આવી જાય, તો તકલીફ થાય. તો બધા પકડાઈ જાય.''

''અરે, તો તેને મારી નાખોને?'' મનાઈએ ઝનૂનથી કહ્યું.

''ના, મહારાજ, એવી ભૂલ ન થાય. કારણ વિના તેની હત્યા કરીએ, તો સાંધ ભાઈઓને તરત આપ પર શંકા જવાની. ચેતી જાય તેઓ. તે તો શક્ય નથી.''

''તો શું કરવું?''

''કંઈ નહીં મહારાજ! જોખમ લેવું જ રહ્યું. માતાજી પર ભરોસો રાખીને.''

''અરે, ભીમ તો તો મુશ્કેલી ઊભી થાય. સૈનિકો પકડાય, તો-તો કોઈ તો મોં ખોલી જ દે. અને આપણાં ગાડાંમાંથી નીકળે, એટલે તે તો બળવો જ મનાય. મરાવી દે તો-તો!'' મનાઈએ મુઠ્ઠી પછાડતાં કહ્યું.

''એ જોખમ તો લેવું જ રહ્યું. અને આપ તો જોખમથી ટેવાયેલા છો.''

''હા, પણ આ તો કટોકટી છે. દુશ્મનના રાજ્યમાં છીએ, ભીમ!''

''હું બનતી વ્યવસ્થા કરીશ.''

''તારે ભરોસે છું, ભીમ!''

''હુકમ મહારાજ! તો હવે હું જાઉં.''

ભીમ ચાલ્યો ગયો.

*(ક્રમશઃ)*

Splendid
P & G Enterprise
Kitchenware, Household Products & Corporate Gifts
157, Titanium City Centre Mall,
Opp. Seema Hall, Prahladnagar Road,
Ahmedabad-380 015.
(M) : 9106682565, 9724932540
E-mail : pandgenterprise@gmail.com
• PACKED & MARKETED BY •
P & G Enterprise
Sundha Estate, Sarkhej, Ahmedabad.
M. : 91066 82565

# શ્રી કચ્છી સમાજ - અમદાવાદ *આયોજિત* ક્રિકેટ ટુર્નામેન્ટ - ૨૦૧૯

## તસવીરી ઝલક




























































વ્યક્તિ વિશેષ

# ધ્વજ હરિયા - બિલિયર્ડ ચેમ્પિયન

## દેશનો અને સાથે સાથે કચ્છનો પણ ધ્વજ લહેરાતો રાખે છે

પંદરેક વર્ષ પહેલાની વાત છે. અમદાવાદના રહેતા કચ્છના બાડા ગામવાસી જૈન વેપારી ગિરીશ હરિયા પત્ની જસ્મિતા તથા સંતાનો અનેરી અને ધ્વજ સાથે ક્લબમાં ડિનર લેવા ગયા. ક્લબ મેમ્બરના નાતે ૧૧ વર્ષનો ધ્વજ ફરતો ફરતો બિલિયર્ડ રૂમમાં ગયો. બીજી વાર પણ મિત્રો સાથે સીધો બિલિયર્ડ રૂમ પહોંચ્યો. આ રમત પ્રત્યે એની જિજ્ઞાસા જોઈને ગિરીશભાઈએ એને બિલિયર્ડ કોચ પાસે ટ્રેનિંગ અપાવી.

થોડા સમય બાદ વર્ષ ૨૦૧૦માં અમદાવાદમાં રમાયેલી ગુજરાત સ્ટેટ બિલિયર્ડ ટુર્નામેન્ટમાં ધ્વજે એક સમયના વર્લ્ડ બિલિયર્ડ ચેમ્પિયન એવા અમદાવાદના ગીત શેઠીના પુત્ર રામને હરાવ્યો. પ્રથમ સ્પર્ધામાં વિજયી થવાની ઘટના ધ્વજ માટે પ્રોત્સાહક બની. પછી તો એણે બિલિયર્ડ અને સ્નુકરમાં ચાર ટાઈટલ જીતી પોતાની પ્રતિભાનો પરિચય કરાવ્યો.

એમાં ગીત શેઠી માર્ગદર્શક બન્યા. બીજી રીતે કહો તો પોતાના પુત્રને પરાજિત કરનારા ધ્વજ હરિયાને બિલિયર્ડ પ્લેયર બનાવવા ગીત શેઠીએ માર્ગદર્શન આપ્યું. આવી ઘટના જવલ્લે જ બને.

ધ્વજે બિલિયર્ડની બેઝિક ટ્રેનિંગ મુંબઈના "દ્રોણાચાર્ય" ઍવોર્ડ વિજેતા સુભાષ અગ્રવાલ અને બેંગલુરુના અરવિંદ સાહુ પાસે લીધી. પછી લંડન જઈને ઈન્ટરનેશનલ કોચ ૨૦૧૩ના વર્લ્ડ બિલિયર્ડ વિનર પીટર ગિલક્રિસ્ટ પાસે એડવાન્સ ટ્રેનિંગ લીધી. એ જ રીતે સ્નૂકરની ટ્રેનિંગ અશોક શાંડિલ્ય, નીક બેરો (લંડન) અને પીટર ગિલક્રિસ્ટ પાસે લીધી. જો કે આખરી પસંદગી બિલિયર્ડ પર ઉતારી.

તાલીમ અને એ માટેની વિદેશ સફર સમય અને પૈસા એમ બંને દૃષ્ટિએ ખર્ચાળ હતી. એ વખતે પરિવારે પાછા વળીને જોયું નથી. એમ તો કિશોરવયે એને 'ઇન્ડિયન ઓઈલ કોર્પોરેશન' (આઈ.ઓ.સી.)ની સ્કોલરશિપ મળી હતી, તો વર્લ્ડ કોમ્પિટિશનમાં ભાગ લેવા 'સ્પોર્ટ્સ ઓથોરીટી ઓફ ગુજરાતે' ખર્ચ આપ્યો. આખરે મહેનત રંગ લાવી.

ધ્વજ હરિયા આજે દસ નેશનલ ટાઈટલ ધરાવે છે. રાષ્ટ્રીય સ્તરે બે સિલ્વર મેડલ, એશિયન લેવલે એક બ્રોન્ઝ અને વર્લ્ડ લેવલે એક બ્રોન્ઝ મળ્યો છે. વિશ્વમાં એ સાતમી રેન્ક ધરાવે છે. બિલિયર્ડ ગેમ્સમાં માસ્ટરી બદલ ગુજરાત સરકારે 'એકલવ્ય', 'સરદાર પટેલ જુનિયર' અને 'શક્તિદૂત' ઍવોર્ડ આપ્યા છે. જ્યારે 'ઇન્ડિયન ઑઇલ કંપની'એ સ્પોર્ટ્સ ક્વોટામાં સ્પોર્ટ્સ મેનેજર તરીકે જોબ આપી છે.

ધ્વજે રમતની સાથે અભ્યાસને પણ મહત્ત્વ આપ્યું. અમદાવાદમાંથી કોમર્સ ગ્રેજ્યુએટ થયા પછી મુંબઈની કૉલેજમાંથી હ્યુમન રિસોર્સમાં પોસ્ટ ગ્રેજ્યુએશન કર્યું. વાંચન અને સંગીતનો શોખીન ધ્વજ રોજ સવારે ત્રણ કલાક પ્રેક્ટિસ કરે છે. એ માટે ઘરમાં બિલિયર્ડ ટેબલ વસાવ્યું છે. સાંજે ક્લબમાં ત્રણ કલાક બીજા પ્લેયર્સ સાથે એ પ્રેક્ટિસ કરે છે.

એ કહે છે કે બિલિયર્ડમાં એકાગ્રતા અને ત્વરિત નિર્ણય શક્તિનું ખૂબ મહત્ત્વ છે. મન ને તન બંને સજ્જ હોવા આવશ્યક છે.

*('ચિત્રલેખા' ૫૧ ગૌરવવંતા ગુજરાતી - ૨૦૧૯ના સૌજન્યથી)*


**Mr. Prafulchandra Tank**
M. : +91 98250 53258

**Mr. Kishan P. Tank**
M. : +91 99258 11599

**KARMA**
**CHEMICAL INDUSTRIES**

**Manufacturer of : BASIC DYES**
**RHODAMINE B 540%**
Basic Violet 10 & Other Qualities
**BASIC RHODAMINE B BASE**
BASIC DYES FOR
**Paper, Textile Printing & Leather**

**• FACTORY •**
67/6, Phase-1, G.I.D.C. Vatva, Ahmedabad-382 445.
Ph. : (079) 25890110

**• RESIDENCE •**
21-22/D, Ramkrishna Society, Nr. Aavkar Hall,
Maninagar,Ahmedabad-380 008.
Ph.: (079) 25462812
E-mail : karmachemical@gmail.com
tankishan5115@gmail.com


*હસતા મુખે, કાંટાળા અનિષ્ટો સહીને, ખીલે ખોડાઈને, ધર્મનો માર્ગ ટકાવ્યો, સત્યને પ્રેમના ધર્મગુરૂઓએ. – ભાવુક*

ગુજરાતી કથાગીતો
મણકો-૧૧

# નરસિંહ મહેતાનું બેનમૂન પદ – ભજન
# 'નાગદમન'

• સંકલન : જીના વીરેન શેઠ •

જળકમળ છાંડી જા ને બાળા સ્વામી અમાર જાગશે
જાગશે તને મારશે, મ્હને બાળહત્યા લાગશે. ટેક.

કહે રે બાળક તું મારગ ભૂલ્યો, કે ત્હારા વેરીએ વળાવિયો?
નિશ્ચે ત્હારો કાળ જ ખૂટ્યો, અહીંયાં તે શીદ આવિયો? જળ૦

નથી નાગણ હું મારગ ભૂલ્યો, નથી મ્હારા વેરીએ વળાવિયો,
મથુરા નગરીમાં જુગટું રમતાં, નાગનું શીશ હું હારિયો. જળ૦

રંગે રૂડો રૂપે પૂરો, દીસંતો કોડીલો કોડામણો ત્હારી
માતાએ કેટલા જન્મ્યા, ત્હેમાં તું અળખામણો? જળ૦

મ્હારી માતાએ બેઉ જનમિયા, ત્હેમાં હું નટવર ન્હાનડો;
જગાડ તારા નાગને, મ્હારું નામ કૃષ્ણ કહાનડો. જળ૦

લાખ સવાનો મારો હાર આપું, આપું રે તુજને દોરીઓ
એટલું મ્હારા નાગથી છાનું આપું તુજને ચોરીઓ. જળ૦

શું કરું નાગણ હાર ત્હારો, શું કરું ત્હારો દોરીઓ?
શાને કાજે નાગણ તારે, કરવી ઘરમાં ચોરીઓ? જળ૦

ચરણ ચાંપી મૂછ મરડી નાગણે નાગ જગાડિયો;
"ઊઠોને બળવંત કોઈ બારણે બાળક આવિયો."

બેઉ બળિયા બાથે વળગિયા, શ્રીકૃષ્ણે કાળિનાગ નાથિયો;
સહસ્ર ફેણાં ફૂંફવે જેમ, ગગન ગાજે હાથિયો.

નાગણ સૌ વિલાપ કરે, જે નાગને બહુ દુઃખ આપશે;
મથુરા નગરીમાં લઈ જશે, પછી નાગનું શીશ કાપશે.

બેઉ કર જોડી વીનવે "સ્વામી! મૂકો અમારા કંથને;
અમે અપરાધી કાંઈ ન સમજ્યાં, ન ઓળખ્યા ભગવંતને."

થાળ ભરી શગ મોતીડે શ્રીકૃષ્ણને રે વધાવિયો,
નરસૈંયાના નાથ પાસેથી, નાગણે નાગ છોડાવિયો.

***– નરસિંહ મહેતા***

*(આશરે સંવત ૧૪૧૪થી આશરે સંવત ૧૪૮૦)*

## • કવિ પરિચય :

આજે પાંચસો-પાંચસો વર્ષથી જેની કવિતા ગુજરાતના ઘરેઘરે ગવાય છે, ગામડાંના અભણ ગાડાખેડુઓ પણ જેનાં પ્રભાતિયાંનું રટણ કરે છે એવા નરસિંહ મહેતા ગુજરાતી ભાષાના આદિકવિ ગણાય છે.

અલબત્ત, નરસિંહ પહેલાં પણ ગુજરાતી ભાષામાં કાવ્યસર્જન થયું હતું પરંતુ ઉમાશંકર જોશી નોંધે છે તેમ નરસિંહ ગુજરાતી ભાષાના આદિકવિ ઇતિહાસ-દૃષ્ટિએ નથી, પણ નરસિંહમાં ગુજરાતી ભાષાને એનો પ્રથમ અવાજ સાંપડે છે. કોઈ ભાષા – જેને લીધે સાહિત્યની ભાષા બને – સાહિત્ય ધરાવતી ભાષાનું ગૌરવ પામે એવો વીર્યવંત સર્જકનો એ અવાજ છે. એ અર્થમાં નરસિંહ ગુજરાતીના આદિકવિ જરૂર છે.

ભાવનગર જિલ્લાના તળાજા ગામે આશરે ૧૫મી સદીમાં થઈ ગયેલા નરસિંહ મહેતા વડનગરા નાગર જ્ઞાતિના હતા. તેમણે બાળપણમાં જ માતા-પિતાની છત્રછાયા ગુમાવી હતી. આ પછી તેઓ જૂનાગઢમાં ભાઈ-ભાભી સાથે રહેતા. એક દિવસ કર્કશા ભાભીએ મહેણું મારતાં તેઓએ વનમાં જઇ ઇશ્વરની આરાધના કરી હતી. મહાદેવજીની કૃપાથી નરસિંહ મહેતાએ કૃષ્ણની રાસલીલાનાં દર્શન કર્યાં હતાં. તે પછી તેમનું સમગ્ર જીવન કૃષ્ણમય બની ગયું હતું. નરસિંહ મહેતાની સમગ્ર કવિતાના કેન્દ્રમાં કૃષ્ણભક્તિ રહેલી છે.

સંસારી હોવા છતાં નરસિંહ મહેતા સંસારથી તદ્દન અલિપ્ત હતા. તેમનું સમગ્ર જીવન ભગવાન શ્રીકૃષ્ણને સમર્પિત હતું. અંતરના ઊંડાણમાંથી થતી સ્ફુરણાથી તેમણે પ્રેમલક્ષણા ભક્તિનાં પદો રચ્યાં છે. મધ્યકાળમાં પદ એ સાહિત્યનો સૌથી લોકપ્રિય પ્રકાર હતો. અહીં પ્રસ્તુત પદ પણ આવું જ એક કાલાતીત પદ છે.

## • નરસિંહ મહેતાના પદોની વિશેષતા :

નરસિંહની ખાસ ફાવટ મનોહર અને ભાવવાહી ઝૂલણા છંદમાં છે. વર્ષોથી તે પ્રભાતના સમયમાં ગવાતાં હોઈ તે પ્રભાતિયા કહેવાય છે. નરસિંહનાં આ પ્રભાતિયાં કોઈ પણ કાળનાં આપણાં ઉત્તમ કાવ્યોની હરોળમાં હઠપૂર્વક બેસી શકે છે. એ પદોથી વેદાંતી કવિ નરસૈયાના સાચા વ્યક્તિત્વનાં દર્શન થાય છે. નરસિંહ જેવા શબ્દસિદ્ધિના તેવા જ લયસિદ્ધિના કવિ છે. નરસિંહનાં પદોની ખૂબી એ છે કે તેમની કૃતિઓ શાસ્ત્રીય

રાગોમાં ગાઈ શકાય તેમ છે.

આ પદોમાં કાવ્યત્વના ઉદ્રેક સાથે સ્વાનુભૂતિનો પ્રબળ રણકાર સંભળાય છે. નરસિંહની કવિતા લખવા ખાતર, પોતે કવિ હોવાના ભાન સાથે લખાયેલી કવિતા નથી. તે એક ભક્ત હૃદયની વ્યાકુળતા, આનંદ અને તલસાટની સહજ પ્રસ્ફુટિત થયેલી વાણી છે.

- **કથાવસ્તુ :**

પૂર્ણ પુરુષોત્તમ શ્રીકૃષ્ણ ભગવાન જેને વિષ્ણુનો આઠમો અવતાર માનવામાં આવે છે, તેમની અનેક લીલાઓ મહર્ષિ વેદવ્યાસ પ્રણીત શ્રીમદ્ ભાગવતના દશમ સ્કંધના પૂર્વાર્ધમાં વર્ણવાઈ છે. તેમાંની એક લીલા ‘કાલીય નાગનો નિગ્રહ’ (અધ્યાય : સોળમો) અહીં કાવ્યાત્મક ભજન સ્વરૂપે રજૂ થઈ છે.

- **કૃતિ વિષયક :**

પ્રસ્તુત ભજનમાં નરસૈયાએ શ્રીકૃષ્ણ ભગવાન જ્યારે કાળીનાગને નાથવા જાય છે એ દશ્યની કલ્પના કરવામાં પોતાની તમામ કવિત્વ શક્તિ કામે લગાડી દીધી છે. શ્રીકૃષ્ણ અને નાગની પત્નીઓ વચ્ચેનો સંવાદ રજૂ કરવામાં ભક્ત કવિ નરસિંહ મહેતાનું કવિ તરીકેનું રૂપ સોળે કળાએ ખીલી ઊઠ્યું છે.

- **બાળલીલા :**

કાલીનાગ એક મહાભયંકર સર્પ હતો જે યમુના નદીમાં રહેતો હતો. એના ઝેરના કારણે યમુના નદીની આસપાસનો બધો જ વિસ્તાર ઝેરીલો થઈ ગયો હતો. યમુના નદીની પાણીની વરાળ અને એના પરપોટા પણ એટલા ઝેરીલા થઈ ગયા હતા કે નદીની ઉપર ઊડવાવાળા પક્ષીઓનું પણ મૃત્યુ થઈ જતું હતું.

શ્રીકૃષ્ણ જ્યારે નાના હતા ત્યારે એક વખત યમુના નદીના કાંઠે પોતાના સખા - મિત્રો સાથે ગેડી-દડાની રમત રમતા હતા. રમતા-રમતા બાલ ગોપાલોનો દડો યમુના નદીમાં જઈ પડ્યો. હવે યમુના નદીમાંથી દડો કોણ લઈ આવે? શ્રીકૃષ્ણે આ જવાબદારી માથે લીધી.

વાત જાણે એમ હતી કે ગેડી-દડે રમવું એ તો એક બહાનું માત્ર હતું. બાકી વૃંદાવનના વાસીઓને તકલીફમાંથી ઉગારવા અને કાલીનાગને નાથવા માટે આ તો કૃષ્ણની એક લીલા જ હતી.

- **નાગ દમનની કથા :**

શ્રીકૃષ્ણ લીલાની આ કથાને નરસૈંયાએ પોતાની રીતે લાડ લડાવી રજૂ કરી છે. એણે સુંદર કલ્પના કરી છે કે શ્રીકૃષ્ણના સત્ય સ્વરૂપને ન જાણતી હોવાથી નાગપત્નીઓ કઈ અલગ-અલગ રીતે શ્રીકૃષ્ણને વારે છે, વિનંતી કરે છે, જુદી જુદી રીતે મનાવે છે, લાલચ આપે છે. આમ કરી તેને પાછા વળવાની ઘણી કોશિશો કરે છે. છેલ્લે બીક પણ બતાવે છે.

સંવાદાત્મક રજૂઆતે ભજનને આકર્ષક બનાવ્યું છે. એક પછી એક સવાલ - જવાબનો ક્રમ સુંદર રીતે પ્રયોજાયો છે જેણે ભજનને લોકપ્રિય અને લોકભોગ્ય બનાવ્યું છે.

નાગપત્નીઓ આવા નાના બાળકને આવેલો જોઈ કહે છે કે તું આ જળવિસ્તાર છોડીને જતો રહે. જો અમારા સ્વામીનાથ જાગી જશે તો તને મારી નાખશે અને નાહકનું અમને બાળહત્યાનું પાપ લાગશે. એના કરતાં માની જા અને અહીંથી જતો રહે.

શું તું માર્ગ ભૂલી ગયો છે કે કોઈ તારા વેરીએ તારા ઉપર વેર વાળવા અહીં મોકલ્યો છે કારણ અહીં આવ્યા પછી મારા પતિ દ્વારા તારું મૃત્યુ નિશ્ચિત જ છે. તારા વેરીએ તને ન મોકલ્યો હોય તો પણ તારો કાળ જ તને અહીં ખેંચી લાવ્યો છે.

ત્યારે શ્રીકૃષ્ણનો જવાબ પણ વટભરેલો છે. એ કહે છે કે હું તો જુગારમાં તારા પતિનું માથું દાવ પર લગાવીને આવ્યું છે. એને માર્યા વગર તો અહીંથી નહીં જ જાઉં.

નાગપત્ની કહે છે કે તું આમ તો રંગે-રૂપે સંદર ને કામણગારો છે. શું તારી માતાનો વધારાનો છે કે અહીં આવ્યો છે. ત્યારે શ્રીકૃષ્ણ પોતાની ઓળખ આપતા કહે છે કે મારી માતાના અમે બે પુત્રો. મારા મોટા ભાઈ બલરામ છે અને હું નાનકડો, નટવર, કાનુડો, ક્રિષ્ન, કન્હૈયો છું.

નાગપત્નીઓ હવે તો કંટાળીને પોતાના પતિથી છાનો પોતાનો સવા લાખનો હાર કે દોર પણ આપવા તૈયાર થાય છે. પણ એવી લાલચથી પણ શ્રીકૃષ્ણ માનતા નથી અને કહી દે છે કે શા માટે મારા માટે તારા ઘરમાં ચોરીછૂપીથી તારે છાનું-છપનું કરવું જોઈએ? એવું આપણે નથી કરવું. મારા માટે તારે આવું પાપ કરવાની શું જરૂર છે?

આટઆટલું કર્યા પછી, સમજાવ્યા પછી, બધા જ પ્રયત્નો કર્યા પછી પણ જ્યારે શ્રીકૃષ્ણ નથી માનતા ત્યારે થાકી-હારીને નાગપત્ની પોતાના પતિદેવને પગ દબાવી, મૂછો મરડીને જગાડે છે કે ઊઠો! હવે, જુઓ તો કોઈ બાળક આવ્યો છે જે તમને મળવા માંગે છે.

નાગ ઊઠે છે અને યુદ્ધ કરવા માટે તૈયાર થઈ જાય છે. પછી તો જુઓ ખરાખરીનો ખેલ મંડાય છે. બેઉ બળિયા સાથે મળે પછી તો પૂછવું જ શું? શ્રીકૃષ્ણ કાળીનાગની સામે થાય છે ત્યારે સહસ્ર ફેણ ધરાવતો સર્પ એવા ફૂંફાડા મારે છે કે જાણે આકાશમાં હાથીની પ્રચંડ ગર્જના ન સંભળાતી હોય!

શ્રીકૃષ્ણ કાલીનાગને પછાડીને તેના દરેક વારને નકામો

*હે સાન્તાક્લોઝ, મને સન્મતિ આપો. કેમકે ખીલા ઠોકીને ઈસુની હત્યા કરી, હવે ઈસુની છબી ટાંગવા માટે પણ ભીંતમાં ખીલો જ ઠોકી રહ્યો છું!*

બનાવી દે છે. શ્રીકૃષ્ણ જ્યારે જુએ છે કે વ્રજના લોકો સૌ ચિંતા કરે છે ત્યારે કાલીનાગના માથે ચડી જાણે સમસ્ત બ્રહ્માંડનો ભાર ઝીલી રહ્યા હોય એમ નાગની ફેણ ઉપર નૃત્ય કરતાં-કરતાં પાણીમાંથી બહાર આવે છે અને નાગના માથા પર પોતાના પગનાં ચિહ્નો છોડે છે. આ બધું જોઈ નાગપત્નીઓ વિલાપ કરે છે. તેમને આશંકા થાય છે કે આ બાળક હવે અમારા નાથને બહુ દુઃખ આપશે. એનું માથું કાપી નાખશે, એને મથુરા નગરીમાં લઈ જશે. પછી અમારું શું થશે?

આમ વિચારી નાગપત્નીઓ બે કર જોડી, માથું નમાવી શ્રીકૃષ્ણની સ્તુતિ-ભક્તિ કરે છે. શ્રીકૃષ્ણને વિનવે છે, આજીજી કરે છે. પોતાના નાથને ક્ષમા કરવા દયાની અરજી કરે છે. ભગવંતના બળ અને પરાક્રમને ઓળખી ન શકનાર નાગપત્નીઓ પોતાના અપરાધ બદલ ક્ષમાયાચના કરે છે. નાગપત્નીઓ શ્રીકૃષ્ણને મોતીઓથી વધાવીને પ્રસન્ન કરે છે. તેમની ભક્તિથી પ્રસન્ન પામી નરસૈયાના નાથ, દયાસિંધુ અને કૃપાનિધાન શ્રીકૃષ્ણ નાગને જીવતદાન આપે છે તથા યમુના નદી છોડીને પોતાના સ્થાન પર પાછા જવા સૂચના આપે છે.

- **કાલીનાગની પૂર્વકથા :**

કાલીનાગનું અસલ ઘર રમણક દ્વીપ હતું. ગરૂડ સાપનો શત્રુ છે. તેથી ગરૂડના ભયને કારણે નાગ ત્યાંથી પોતાની પત્નીઓની સાથે વૃંદાવન આવીને રહેવા લાગ્યો. તેને ખબર હતી કે વૃંદાવનના એક ઋષિએ ગરૂડને શ્રાપ આપ્યો હતો કે એ જો વૃંદાવનમાં આવશે તો તેનું મૃત્યુ થશે. આથી ઋષિના શ્રાપને કારણે ગરૂડ ત્યાં નહીં જ આવી શકે. તેથી તેણે વૃંદાવનને પોતાનું ઘર બનાવ્યું હતું.

પણ શ્રીકૃષ્ણ દ્વારા પરાસ્ત થયેલા કાલીનાગને શ્રીકૃષ્ણે પાછા પોતાના સ્થાન રમણક દ્વીપમાં જવા સૂચના આપી હતી. શ્રીકૃષ્ણે નાગને આશ્વાસન પણ આપ્યું હતું કે, “જે ગરૂડના ભયને લીધે તેણે પોતાનું રહેઠાણ છોડીને આ ભૂમિનો આશરો લીધો હતો તે ગરૂડ હવે મારા પગનાં નિશાન જોઈને તને હેરાન નહીં કરે, તારા પર હુમલો નહીં કરે.”

આમ શ્રીકૃષ્ણના વચનથી નિશ્ચિંત બનેલો નાગ અને તેની પત્નીઓએ હર્ષથી આદરપૂર્વક તેમની પૂજા કરી તેમને પ્રસન્ન કર્યા. ભગવાને જવાની રજા આપી હોવાથી ભગવાનની પ્રદક્ષિણા કરી, સ્તુતિ-ભક્તિ કરી, વંદન કરી પોતાના પરિવાર સાથે કાલીનાગ સમુદ્રના રમણક દ્વીપમાં પાછો ફર્યો.

- **ફલશ્રુતિ :**

ભગવાનની કૃપાથી યમુના નદી ઝેર વિનાની અને અમૃત સરખા મધુર જળવાળી થઈ ગઈ. આથી મનુષ્ય, પ્રાણીઓ, પશુ-પંખીઓ સૌ કોઈ આનંદિત થઈ ઊઠ્યા.

શ્રીકૃષ્ણલીલાનું ગાન ભક્તોને પરમસુખ અને આનંદ આપે છે. શ્રીકૃષ્ણની આવી લીલા, તેમના મહિમાને વધુ પ્રસ્થાપિત કરે છે. ભક્તોને પાવન કરનારી આવી કથા અને તેનું શ્રવણ સર્વથા કલ્યાણકારી જ હોય છે.

- **કાવ્યસાર :**

શ્રીકૃષ્ણ પ્રકૃતિપ્રેમી હતા. તેઓ શુદ્ધિકરણની પ્રક્રિયાના માહેર હતા. શ્રીકૃષ્ણનો જન્મ દુષ્ટોને શિક્ષા કરવા માટે જ થયો હતો. એમણે આવાં કાર્યો કરવા માટે જ અવતાર ધારણ કર્યો હતો. એમની દરેક પ્રવૃત્તિ પાછળ કંઈક શુભ આશય છુપાયેલો હતો. એમણે કરેલી શિક્ષા પણ અંતે તો દુર્જનોનાં પાપોનો નાશ કરનારી બની રહેતી.

તેઓએ સાહસ કર્યું પણ ક્રૂરતાપૂર્વક નહીં. તેઓએ કાલીનાગને જીવથી મારી નથી નાખ્યો. લોકોનું દુઃખ પણ દૂર થયું અને સર્પ પણ પોતાના સ્વ-સ્થાને જઈ શક્યો. જય હો પ્રભુ!

બીજું, સાચી સંતવાણીમાં ઈશ્વરના ઉદ્‌ગારનો અંશ હોય છે. તેથી તેનું સ્થાન લોક હૃદયમાં કાયમ રહે છે. માટે જ આ ભજન આજે પણ એટલું જ ગમે છે. નરસિંહના શબ્દોને ઉછાળા મારતો ભક્તિરસ પ્રાણવાન બનાવે છે. સરળ છતાં મુગ્ધકર ભાષામાં વણાયેલું આ પ્રભાતિયું હંમેશાં ગાવું ગમે એવું છે. ■

## ટોલ ટેક્સમાં તમને મળતી રસીદ સાથે તમે શું કરો છો?

રાષ્ટ્રીય ધોરીમાર્ગના રસ્તાઓ પરની મુસાફરી દરમ્યાન તમે જે રસીદ પ્રાપ્ત કરો છો તે ફક્ત ટોલ ટેક્સને પાર કરવાની જ નથી. *તો પછી તે બીજું શું છે?*

૧. તબીબી ઈમરજન્સી દરમિયાન તમે રસીદની બીજી બાજુ પર આપેલા ફોન નંબર પર કોલ કરી શકો છો. એમ્બ્યુલન્સ તમારા કોલની ૧૦ મિનિટની અંદર આવશે.,

૨. જો તમારા વાહનને કોઈ સમસ્યા આવી હોય અથવા તમારી ગાડીનું વ્હીલ પંચર થઈ ગયું છે – તમે ત્યાં જણાવેલા બીજા નંબર પર કોલ કરી શકો છો. તમને ૧૦ મિનિટમાં સહાય મળશે.

૩. જો તમારું બળતણ પૂરું થઈ ગયું તો તમને જલ્દીથી ૫ અથવા ૧૦ લિટર પેટ્રોલ અથવા ડીઝલ આપવામાં આવશે. તમે તમને પૂરા પાડવામાં આવતા બળતણ માટે ચૂકવણી કરી શકો છો અને મેળવી શકો છો.

ટોલ ટેક્સ પર તમે જે પૈસા ચૂકવો છો તેમાં આ તમામ સેવાઓ સામેલ છે. ઘણા લોકો પાસે આ માહિતી હોતી નથી અને આવી પરિસ્થિતિઓમાં આપણે બિનજરૂરી રીતે પીડામાંથી પસાર થઈએ છીએ. ■

*લાવ, યાદોનો થેલો, હું પણ સાન્તા થઈ જાઉં; ગળે લગાડું તમામ દોસ્તોને, ફરી એકદમ ક્લોઝ થઈ જાઉં.*

સત્ય ઘટના

# ભગુદાદા (એક અવિસ્મરણીય વ્યક્તિ)



પારુલ આર. પટેલ

ભારતની આઝાદી મેળવવામાં અને મેળવ્યા પછી પણ દેશ માટે કાર્ય કરનારા વિરલાઓ આજે સમયના વહેણમાં ક્યાંક ને ક્યાંક ભૂલાઈ ગયા છે. કચ્છના આવા જ એક અદના આદમી ૯૬ વર્ષીય ભગુદાદાના નામે જાણીતા, દેશ માટે ઇતિહાસ સર્જી, ઉત્તમ સેવા બજાવીને દુનિયાની ભીડમાં ભૂલાઈ ગયેલ એવા ભુજની બાજુમાં આવેલ ઝુરા ગામમાં રહેતા ભગુદાદા કે જેમનું પૂરું નામ ભગુ ઉમરા ભીલ હતું. તેમના વિશે માહિતી મળતા હું અને મારો પુત્ર આનંદ અને પુત્રવધૂ શિવાની સાથે તેમની મુલાકાતે ગયેલ કારણકે મારા દીકરાના ઘણાં જ અસીલો ઝુરાની આજુબાજુના કસબામાં વસે છે. તેથી તે ત્યાંના પરીચિત હોવાના કારણે અમને તેમના વિશેની માહિતી મળેલ.

મારા દરેક સત્ય ઘટના પરના લેખ જાતતપાસ અને ચકાસણી બાદ જ અંકમાં પ્રગટ કરવા માટે આપું છું.

મેં ત્યાં જઈને જોયું તો પાલનપુરની બાજુમાં આ નાનકડો કસબો આવેલો છે. તેમાં વસ્તી માંડ આઠસો - હજાર માણસની હશે. અતિશય પછાત અને ગરીબાઈમાં જીવતો નાનો કસબો, જેમાં ભીલ અને મુસલમાનોની સંખ્યા વધારે હતી.

ભગુદાદા ભારત-પાકિસ્તાનના ૧૯૪૭ના ભાગલા પહેલા સિંધ પ્રાંતના મીઠીમાં રહેતા હતા. ભાગલા બાદ તેઓ ભુજ પાસેના ઝુરા ગામમાં પરિવાર સાથે આવીને વસ્યા.

ભાગલા પડ્યા પછી ભગુદાદાએ ભારતીય સેના માટે પાકિસ્તાનની જાસુસીનું કામ કરેલ. અનેક વખત પાકિસ્તાનની સરહદ ઓળંગીને જાસુસી કરેલ. કેટલીયે ઉપયોગી અને ખાનગી માહિતી ભગુદાદા આપણી ભારતીય સેનાને પૂરી પાડતા. તેઓ ચાલીને પાકિસ્તાનની બોર્ડર પસાર કરતા અને કામ પૂરું થયા બાદ ચાલીને ઝુરા (ભુજ) પરત આવતા.

ભગુદાદાની આ પ્રવૃત્તિ વિશે પાકિસ્તાન સરકારને ખબર પડી ગઈ. તેથી તેમને જીવતા પકડી લાવનારને રૂા. ૨૦,૦૦૦/-નું ઇનામ પણ પાકિસ્તાન સરકારે જાહેર કરેલ (એ સમયે વીસ હજાર રૂપિયા ઘણી મોટી રકમ કહેવાય). પૈસાની લાલચમાં આવીને કોઈએ ભગુદાદા વિશેની માહિતી પાકિસ્તાન લશ્કરને આપી દીધી. તેથી ૨૫ જાન્યુઆરી, ૧૯૮૫માં પાકિસ્તાન બાજુથી બોર્ડર ક્રોસ કરતી વખતે બોર્ડર પરથી તેમને પકડી લેવામાં આવ્યા.

ભારતીય સેના માટે જાસુસીનું કામ કરતા ભગુદાદા પર પાકિસ્તાન લશ્કરના અધિકારીઓએ અતિશય ક્રૂર વર્તન કર્યું. તેમને અનેક દિવસો સુધી ભૂખ્યા રાખવામાં આવ્યા. દંડા દ્વારા મારી-મારીને તેમની પાંસળીઓ તોડી નાખી. હાથ-પગમાં ફ્રેક્ચર કરી નાખ્યા અને પેટમાં દંડાના કુંદા વડે ઈજા પહોંચાડવામાં આવી. છતા પણ આ હિંમતબાજ અને જાંબાજ જાસુસે મોંમાંથી ઉફ શબ્દ ન કાઢ્યો અને એક જ રટણ કરતા રહ્યા કે હું તો કચ્છમાં રહું છું અને ભૂલમાં પાકિસ્તાનની સરહદમાં આવી ગયો છું.

પાકિસ્તાનની સેનાએ અનેક જુલ્મો તેમના પર ગુજાર્યા. પાંચ વર્ષ સુધી જેલમાં ગોંધી રાખ્યા છતાં ભગુદાદાએ પાકિસ્તાની સેનાને મચક ના આપી.

ભારત સરકારે તેમને છોડાવવા માટે પાકિસ્તાન કોર્ટનો સહારો લીધો અને ઘણી જ લાંબી લડત આપ્યા પછી પાકિસ્તાનની કોર્ટે તેમને નિર્દોષ જાહેર કરી છોડી મૂક્યા.

૨૦૦૧ના ધરતીકંપ પછી પણ તેઓએ આપણી સેના માટે પાંચ વખત પાકિસ્તાનની સરહદ ઓળંગીને કેટલીયે ખાનગી અને લશ્કર માટે મહત્ત્વની માહિતી આપી અને તેમની તૈયારી તો જ્યાં સુધી દેહ સાથ આપે ત્યાં સુધી દેશની સેવા કરવા માટેની હતી. આજે પણ ભગુદાદાના નામ માત્રથી પાકિસ્તાન સરકાર ઓળખી જાય છે.

આમ, આ ભગુદાદા પોતાના ચાર પુત્રો અને પત્ની સાથે જુરા ગામમાં વસેલ. ખૂબ જ ગરીબાઈમાં જીવતો આ પરિવાર કે જેના ઘરના મુખ્ય માણસે દેશ માટે જીવન સમર્પિત કરી દીધું, તેની નોંધ કે તેની કદરદાની રૂપે કોઈ જ સહાય મળી નથી.

જ્યારે પાકિસ્તાન સરકારે તેમને છોડ્યા ત્યારે લશ્કરે તેમનું બહુમાન કરેલ પરંતુ ત્યાર પછી તેમના જીવન નિર્વાહ માટે કોઈ જ વ્યવસ્થા કરવામાં આવેલ નહીં તેમજ આર્થિક સહાય પણ આપવામાં આવેલ નહીં.

જીવના જોખમે ખૂબ જ જોખમી કામ ઉઠાવનાર એવા ભગુદાદાના નામથી આજે પણ ભારતીય જાસુસ તરીકે પાકિસ્તાન અને આપણા સૈન્યમાં ભગુ ઉમરા ભીલનું નામ ઓળખ માટે પૂરતું છે.

આવા ભગુદાદાએ દેશદાઝનું એક ઉમદા ઉદાહરણ પૂરું પાડેલ. તેમણે હમણાં થોડા સમય પહેલા જ દેહ મૂક્યો એ વાતની મને હાલમાં જાણ થયેલ.

એક મળવા જેવું વ્યક્તિત્વ કે જેની પાસે વાતો અને માહિતીનો વિશાળ ભંડાર હતો. મને તેમને ફરી મળવાની વાત પર પૂર્ણવિરામ આવી ગયું તેનું દુઃખ છે. ■

*હિન્દુ હું છું સાહેબ, અહિંયા ભેટ દેવા સાન્ટા નહીં, આશિર્વાદ દેવા સંતો આવે છે. – મનીષ ઠક્કર (હરિ ૐ)*

સંસ્કૃતિ

# જિંદગી ક્યારેય સરળ નથી બનવાની, તમારે જ મજબૂત બનવાનું છે



ભોલાભાઈ ગોલીબાર

મિત્રો, પ્લેટમાં જમવાનું છોડતા પહેલા રતન ટાટાનો આ મેસેજ જરૂરથી વાંચજો. રતન ટાટાએ ટ્વિટરના માધ્યમથી ટ્વિટ કરી એક સરસ મેસેજ શૅર કર્યો. જેનાથી આપણે જિંદગીમાં ઘણું શીખી શકીશું.

રતન ટાટાએ લખ્યું, 'પૈસો તમારો છે, પણ સંસાધન સમાજના છે. જર્મની એક હાઈલી ઈન્ડસ્ટ્રીયલ દેશ છે. ઘણા લોકો એવું વિચારતા હશે કે ત્યાં લોકો હાઈફાઈ લક્ઝુરિયસ લાઇફ જીવતા હશે. જ્યારે અમે લોકો હેમ્બર્ગ પહોંચ્યા ત્યારે અમે એક રેસ્ટોરન્ટમાં ગયા. અમે જોયું, ઘણા બધા ટેબલ ખાલી હતા. ત્યાં એક ટેબલ હતું જ્યાં એક યુવાન કપલ જમવાનું જમી રહ્યા હતા. ટેબલ પર બે ડિશ અને બે બીયરની બોટલ હતી. હું વિચારી રહ્યો હતો, શું આવું સિમ્પલ ખાવાનું રોમેન્ટિક હોઈ શકે છે. અને શું આ છોકરી પેલા કંજુસ છોકરાને છોડશે? બીજા એક ટેબલ પર કેટલીક ઘરડી સ્ત્રીઓ બેઠી હતી. જ્યારે કોઇ ડિશ પીરસવામાં આવતી તો વેઇટર બધાને થાળીમાં પીરસી દેતો અને એ ઘરડી સ્ત્રીઓએ ડિશ સફાચટ કરી દીધી હતી. અમે લોકો ભૂખ્યા હતા. મારી સાથે આવેલા મારા કલીગે ઘણી બધી આઈટમ ઓર્ડર કરી દીધી. અમારું જમવાનું પૂરું થયું ત્યારે ત્રીજા ભાગનું જમવાનું ટેબલ પર બચ્યું હતું. જ્યારે અમે રેસ્ટોરન્ટથી નીકળી રહ્યા હતા ત્યારે એ ઘરડી સ્ત્રીઓએ અમારી સાથે અંગ્રેજીમાં વાત કરી અને કહ્યું કે, 'આ તમે શું કર્યું? અનાજનો આટલો બધો બગાડ?' અમે સમજી ગયા કે એ વધી પડેલી ખાવાની વસ્તુઓના કારણે અમારાથી નારાજ હતી. મારા કલીગે કહ્યું, 'અમે ખાવાના પૈસા ચૂકવી દીધા છે. અમે ખાવાનો કેટલો બગાડ કર્યો છે એનાથી તમારે શું લેવાદેવા?' એમાંથી એક સ્ત્રી ખૂબ જ ગુસ્સે થઈ ગઈ. એણે પોતાનો મોબાઇલ ફોન કાઢ્યો અને કોઇને ફોન કર્યો. થોડીવાર પછી સોશિયલ સિક્યુરિટી ઓર્ગેનાઇઝેશનના માણસો યુનિફોર્મમાં આવી ગયા અને બધી વાત સાંભળ્યા પછી એમણે અમારા પર પચાસ યુરોનો દંડ કર્યો. અમે ચૂપ હતા. ઓફિસરે કડકાઈથી કહ્યું, 'એટલું જ ઓર્ડર કરો, જેટલું જમી શકો. દુનિયામાં કેટલાયે લોકો એવા છે જેમની પાસે ખાવા અનાજ નથી. તમારી પાસે અનાજ કે સંસાધન બરબાદ કે બગાડ કરવાનું કોઈ કારણ નથી.' આ ધનિક દેશના લોકોની વિચારસરણી આપણને શરમમાં મૂકી દે છે. આપણે એના પર વિચારવું જોઈએ. આપણે એવા દેશમાં રહીએ છીએ જે સંસાધનથી સમૃદ્ધ નથી. આપણે ઑર્ડર આપતી વખતે ઘણો ફૂડ વેસ્ટ કરી નાખીએ છીએ.

★

આના પરથી શીખ એ લેવી જોઈએ કે ખરાબ આદતો બદલવા વિશે ગંભીરતાથી વિચાર કરો. વાત પણ સાચી છે. પૈસો તમારો છે, પણ સંસાધન સમાજના છે. દોસ્તો, કોઈ દેશ ત્યારે મહાન બને છે જ્યારે કોઈ નાગરિક મહાન બને છે અને મહાન બનવું એટલે મોટી મોટી પ્રસિદ્ધિ મેળવી લેવી એ નથી. મહાન બનવા માટે એ દરેક નાના-મોટા કામ કરવા જોઈએ, જેનાથી દેશ મજબૂત બને અને આગળ વધે. અનાજનો બગાડ, પાણીનો બગાડ, વીજળીનો બગાડ ન થાય તેનું દરેક નાગરિકે ધ્યાન રાખવું જોઈએ. આ નાના-નાના ડગલા દેશને મજબૂત બનાવે છે.


Mahalaxmi
INFRACONTRACT PVT. LTD.
Mining for Better Tomorrow

• CORPORATE OFFICE •
B-21, Corporate House, Opp. Pakvan-2,
S.G. Highway, Bodakdev, Ahmedabad-380 054.
Phone : 079-26856711, 26856712
Fax : +91-79-26856713
CIN No. : U14200GJ2010PTC060146 Dt. 05-04-2010

• REGD. OFFICE •
102, Shanti Chambers, Nr. Bank of Baroda,
Station Road, Bhuj, Kutch, Gujarat, INDIA.
Phone : (02832) 256059
E-mail :mahalaxmi@miplgroups.com
E-mail : mahalaxmi_1994@hotmail.com
Website : www.miplgroups.com


*ઈતની વફાદારી ના કર કિસીસે, યું મદહોશ હો કર; દુનિયાવાલે એક ખતા કે બદલે, સારી વફાંએ ભૂલા દેતે હૈં.*

# લઘુ કથા : પહેલા મજલાનું ભૂત

ભુજ તેરાવાળા ઉતારામાં મકાન ભાડે રાખીને મુળુભા પોતાના કુટુંબને વડવા કાંયાથી ભુજ લાવ્યા.

તેરાવાળા ઉતારા બે માળનું બિલ્ડિંગ હતું પરંતુ દેશી ઢબનું ઉપર નળિયાવાળું હતું. મુળુભાને ભોંયતળીયે મકાન મળી ગયું. પ્રથમ માળે ગંગાબા – એક વિધવા સ્ત્રી એકલા રહેતા હતા.

મુળુભા રોજ સવારે જિલ્લા પંચાયત ઑફિસમાંથી છૂટીને લાઈબ્રેરીમાં છાપા વાંચીને લખોટાબાગ સામે બાંકડા પર બધા મિત્રો સાથે બેસતા અને અનવરભાઈ ક્યારેક પોતાની નવી નવકલથાની કથાવસ્તુની વાત કરી પ્રસંગોની મિત્રો સાથે ચર્ચા કરતા. મુળુભા નાકાબારથી ઘેર પહોંચી ઘરના કુટુંબીઓ સાથે ખીચડી જમીને સૂઈ જતા. જમતી વખતે તેમના પત્ની ક્યારેક વાત કાઢતા કે આ ગંગાબા ભારે જબરા કહેવાય કારણકે ઉપરના માળે એક જુવાનજોધ સધવા સ્ત્રીએ આપઘાત કરી લીધો હતો. તેથી એમની બાજુમાં ઓરડા - રસોડામાં કોઈ રહેવા જ આવતું નથી. મુળુભાએ પણ ઉપરના માળના રૂમમાં કંઈક ભૂતપ્રેત જેવું છે તેવું સાંભળ્યું હતું.

હવે મુળુભાનો નાનો ભાઈ પણ ગામડેથી ભુજ કૉલેજમાં ભણવા આવ્યો. તેથી તેમણે તેરાવાળા ઉતારાના ટ્રસ્ટી શ્રી બહાદુરસિંહજીને ઉપરના ખાલી રૂમની ભાઈ માટે વાંચન - લેખન માટે માંગણી કરી. પરંતુ બહાદુરસિંહે મ્યાનમાં હસતા કહ્યું, રૂમ તો ખુલ્લો જ પડ્યો છે. સાંકળ જ વાસેલી છે. પરંતુ તમારો ભાઈ જોરૂભા ડરશે તો નહીં ને? ગંગાબાને આ વાતની ખબર પડી તો તેમણે પણ કહ્યું, ભલે દિવસે લખે - વાંચે પરંતુ રાત્રે તો નીચે સુવા જતા રહે તે યોગ્ય રહેશે.

મુળુભાએ તેમના પત્નીને પૂછ્યું કે રાત્રે શું બને છે? ત્યારે તેમના પત્નીએ જવાબ આપ્યો કે રાત્રે ૧૨થી ૧ ની વચ્ચે ઝાંઝરીની ઘુઘરી વાગે તેમ સીડી પર કોઈ ચડ-ઉતર કરે છે. મુળુભાને નવાઈ લાગી. તેઓ તો દરબાર હતા અને સાહસિક હતા. તેમણે રાત્રે ખરી તપાસ કરવા જાગતા રહ્યા અને અંધારી રાત્રે ઉપરના માળે દીવો ચાલતો હોય તેમ લાગ્યું અને સીડી પરથી કોઈ સ્ત્રી સીડી ઉતરતી હોય તેવા પગથિયા પર પગલા ભરવાના અવાજ ઘુઘરી સાથે આવતા હતા. મુળુભા તો તે દિવસે સૂઈ ગયા પરંતુ આની તપાસ તો કરવી જ પડશે તેવો મક્કમ નિર્ધાર કર્યો.

ગંગાબા દિવસે પાછળ આવેલી બકાલીની વાડીમાંથી ખાખરાના પાન લાવી, અગાસીએ સૂકવી દે અને તેમની આસપાસ આવેલ લગ્ન વાડીમાં પડિયા પતરાવડા બનાવી, વેચતા હતા. સાંજે રામવાડીમાં કથા સાંભળી ઘેર આવી જતાં બીજા માળે નાની અગાસી હતી તેમાં તેઓ ખાખરાના પાન સૂકવતા. અગાસીની લાકડાની સીડી ગંગાબાના રૂમની બાજુમાં હતી.

આજે અમાસની રાત હતી. ગાઢ અંધકાર હતો. મુળુભા ૧૨ વાગે ઉઠ્યા અને હાથમાં ટોર્ચ અને ડાંગ જેવી લાકડી લઈ પ્રથમ માળની સીડી ચડી, ઉપર છેલ્લેથી બીજે પગથિયે છુપાઈને બેસી ગયા અને નવાઈ વચ્ચે ગંગાબાના રૂમનો દરવાજો ધીમેથી ખૂલ્યો. તેમણે એક મિણબત્તી સળગાવી અને લોબીની પાળીએ એક છેડેથી બીજા છેડે બેઠે બેઠે ખસ્યા. ત્યારબાદ લોબીમાં પડેલ ખાટલા પર બેસી ગયા અને દોરીમાં બાંધેલ ઘુઘરીનો એક છેડો બીજા માળની સીડીના ઉપરના પગથિયે ફેંક્યો અને નીચે બેઠા બેઠા બીજો છેડો ખેંચતા ગયા. જેથી સીડી પરથી જાણે કોઈ ઉતરતું હોય તેવા પગલા જેવો અવાજ ઘુઘરીથી કરતા હતા. આવું તેમણે બે-ત્રણવાર કર્યું. હવે આખો ભેદ ઉકેલાઈ ગયો. પરંતુ ગંગાબા આવું શું કામ કરતા હતા તે હવે સવારે જાણવા માટે ફરી પોતાના રૂમમાં આવીને મુળુભા સૂઈ ગયા. બીજા દિવસે રજા હોવાથી મુળુભા બપોરે જમીને તેમના પત્ની સાથે ઉપર પ્રથમ માળે ગયા અને ગંગાબાને સીધો જ પ્રશ્ન કર્યો કે, રાત્રીની તમારી ગતિવિધિ મેં જોઈ લીધી છે પરંતુ આમ કરવાનું કારણ શું?

ત્યારે ગંગાબાએ જણાવ્યું, મારી બાજુના રૂમમાં અમારા ગામના દૂરના કુટુંબીનું કુટુંબ રહેતું હતું અને અમારો અવારનવાર નાની નાની બાબતમાં ઝઘડો થતો હતો. એક દિવસ મારા પતિ અને પડોશીભાઈ બંને ગામડે ભેગા થઈ ગયા અને આ નાની વાતના ઝઘડાએ મોટું સ્વરૂપ લઈ તેમણે મારા પતિનું ખૂન કરી નાખ્યું. હવે હું અહીં એકલી રહું છું. તેથી મને પાડોશીઓથી નફરત થઈ ગઈ છે. તેથી હું ઇચ્છું છું કે કોઈ કુટુંબવાળો અહીં ન રહે. હું ઝઘડાથી તંગ આવી ગઈ છું. તેથી મારી બાજુમાં કોઈ રહેવા ન આવે તે માટે મેં આ ભૂતનું તૂત ચલાવ્યું. કોઈ સ્ત્રીએ આપઘાત કર્યો નથી અને તેની અસરથી પણ હજુ સુધી કોઈ અહીં રહેવા આવતું નથી. હું તમારી માફી માગું છું. આ વાત કોઈને કહેતા નહીં. તમારો ભાઈ એકલો રહેવા આવતો હોય અને વાંચન - લેખન કરતો હોય તો મને વાંધો નથી.

મુળુભા અને તેમના પત્ની હસતા હસતા નીચે પોતાના રૂમમાં ગયા અને પહેલા મજલાનું ભૂતનું રહસ્ય જાણી ગયા.

*ધીમંતકુમાર પ્રાણશંકર ભટ્ટ*

*મો. ૯૩૨૮૯ ૨૭૩૮૦*

*દુનિયા તો છે જ આંધળી કાણી, સીતાને પણ જેને હોય ના જાણી; એ લોકો સાથે શિદની રે વફાદારી, જેની માનસિકતા જ છે દુરાચારી. – સરલ રાઠોડ*

જબાન

# શબ્દબોધ

# અંગ્રેજી શબ્દોની ગુજ્જુગ્રાફી – (૧૬)



તુલસી કંસારા

***Harbinger* = *હારબિંગર* = *પુરોગામી, અગાઉના, આગળના, વગેરે***




આ શબ્દ મૂળ એવા લોકો માટે વપરાતો, જેને રહેવા વગેરેની વ્યવસ્થા કરવા તેના માલીક દ્વારા અગાઉથી મોકલાવવામાં આવેલ હોય. મિડલ ઇસ્ટમાં તેને હેરબેરગઓર કહેવાતો અને જૂની ફ્રેંચ ભાષામાં હરબરજીઅર. અંગ્રેજીમાં તેના જેવા જ બીજા શબ્દો છે પ્રીડિસીસર (Predeceaser), ફોરરનર (Forrunner), વગેરે. જ્યારે કોઈ વ્યક્તિ તેની બદલી કે પ્રમોશનને કારણે અન્ય પાસેથી ચાર્જ લે છે ત્યારે જનાર વ્યક્તિ માટે આ શબ્દ વપરાય છે. કોઈ સારા કે માઠા સમાચાર લાવનાર દરેક વ્યક્તિ કે પ્રાણી, વસ્તુ વગેરેને હારબિંગર ઑફ ગુડ કે બેડ ન્યુઝનો સંકેત લાવનાર કહેવાય છે. ઘણા લોકો કાચબાને ઘરમાં રાખતા હોય છે, જે એવી માન્યતા પર આધારિત છે કે તે શુભ છે. તેથી જ તેને હારબિંગર ઑફ ગુડ લક માનવામાં આવે છે.

***Solstice* = *સોલસ્ટાઈસ* = *વરસમાં બે વખત, ૨૨મી ડિસેમ્બર અને ૨૧ કે ૨૨ જૂને આવતો દિવસ.***



જયારે સૂર્યની ગતિ સ્થિર થતી દેખાય છે અને પૃથ્વી પરથી તે જાણે તેની દક્ષિણ તરફની મુસાફરી કરતાં થાકીને ઊભો રહી ગયેલ છે, જયાંથી તે હવે પરત ફરીને ઉત્તર તરફ પ્રયાણ શરૂ કરશે, તે દિવસને સોલસ્ટાઇસ કહેવામાં આવે છે. આવું વરસમાં બે વખત બનતું હોય છે. ૨૧ કે ૨૨મી ડિસેમ્બર (શિયાળામાં) અને ૨૧ કે ૨૨ જૂન (ઉનાળામાં). જે દિવસે તે દક્ષિણ દિશા તરફ પ્રયાણ શરૂ કરે છે. આને આપણે ઉત્તરાયણ અને દક્ષિણાયન કહીએ છીએ. આ દિવસો અનુક્રમ લાંબામાં લાંબા અને ટૂંકામાં ટૂંકા હોય છે. આવી જ રીતે માર્ચ અને સપ્ટેમ્બરની આજ તારીખોમાં આવતા દિવસોને એક્વીનોક્ષ કહેવામાં આવે છે. આવું થવાનું કારણ એ છે કે પૃથ્વી પોતાની ધરી ઉપર તો ફરે જ છે પરંતુ તે ચિત્રમાં દેખાય છે તે મુજબ થોડી ત્રાંસી ફરે છે. તેથી ઋતુઓમાં દર ત્રણ મહિને ફેરફાર જોવા મળે છે. જો આમ ન હોય તો હંમેશ એક સીઝન જોવા મળત. આ શબ્દ લેટીન સોલ એટલે કે સૂર્ય અને સિસ્ટેરે એટલે કે ઊભા રહી જવું પરથી ઉતરી આવેલ છે. ઉત્તરાયણને આપણે ત્યાં શુભ દિવસ માનવામાં આવે છે. મહાભારતમાં ભીષ્મ પિતામહે આ દિવસે દેહ છોડવાનું નક્કી કરેલ. તેમને યુવાનીમાં, જ્યારે તેમનું નામ દેવદત્ત હતું ત્યારે પોતાના અવસાનનો દિવસ નક્કી કરવાનું વરદાન મળેલ. હિંદુઓની માન્યતા પ્રમાણે ઉત્તરાયણ – જ્યારે સૂર્ય ઉત્તર દિશા તરફ ગતિ કરતો હોય તે – ના છ મહિના એટલે દેવોનો એક દિવસે હોય છે અને દક્ષિણાયનના છ મહિના એટલે તેમની એક રાત્રી હોય છે. આમ આપણો એક વરસ એટલે ભગવાનનો એક પૂરો દિવસ.

***Vociferous* = *વોસીફેરસ* = *ઘોંઘાટવાળું, બુમરાણ કરનારું, જોરશોરથી ચલાવવું, બૂમબરાડા પાડવા વગેરે.***



આપણે આજકાલ ખાસ કરીને રાજકીય મુદ્દાઓ ઉપર પેનલ ડિસ્કશન કે ચર્ચાઓ ન્યુઝ ચેનલ પર જોતા હોઈએ તો આ શબ્દનો અર્થ તુરત જ સમજાઈ જશે. મોટાભાગની ન્યુઝ ચેનલો આવી પેનલમાં દરેક કે કેટલાક રાજકીય પક્ષોના પ્રતિનિધિઓને બોલાવી, એકાદ રાજકીય વિશ્લેષકને રાખીને તેના એંકર મારફત વર્તમાન રાજકીય પ્રશ્નો પર ચર્ચાઓ ચલાવતા હોય છે. જેમાં સિટીઝન એમેન્ડમેન્ટ એક્ટ હોય કે વસ્તી ગણતરી માટેનો નેશનલ પોપ્યુલેશન રજિસ્ટર હોય કે પછી ઘુસપેઠિયાઓને ઓળખવા માટેનો નેશનલ રજિસ્ટર ફોર સિટીઝન (જે હજુ આસામ સિવાય) કોઈપણ રાજ્યમાં કે કેન્દ્રશાસિત પ્રદેશો માટે કેન્દ્રની કેબિનેટ કે

**(અનુ. : જુઓ પાના નં.-૪૧ ઉપર)**

*તફાવતની તીવ્રતા તો જુઓ... ફુલને મુઠ્ઠીમાં દબાવશો તો ફુલને ઈજા થશે અને કાંટાને દબાવશો તો મુઠ્ઠીમાં ઈજા થશે. – ખ્વાબ*

# પ્રતિભાવ

'કચ્છશ્રુતિ' ઓગસ્ટ-૨૦૧૯નો અંક વાંચીને ખુશ થયો છું. આ અંકમાંની વિવિધ કૃતિઓ રસપ્રદ લાગી. સૌ સર્જક મિત્રોને ધન્યવાદ. આ અંકમાં શ્રી યુસુફ મીર લિખિત પ્રસિધ્ધ સંગીતકારો કલ્યાણજી - આણંદજી વિશેનો પરિચય લેખ ખાસ ગમ્યો. કલ્યાણજી - આણંદજી એટલે કચ્છનું ગૌરવ. 'કચ્છશ્રુતિ'ના પ્રત્યેક અંકોમાં ઉમદા કૃતિઓ પ્રગટ થતી હોય છે. 'કચ્છશ્રુતિ' પ્રતિ શુભ કામનાઓ.

*ઇશ્વરલાલ પરમાર - અમદાવાદ*

### વો ભૂલી દાસ્તાં... લો ફિર યાદ આ ગઈ...

૨૬મી જાન્યુઆરી, ૨૦૦૧ના દિને દેશભરમાં ધ્વજવંદન ચાલી રહ્યું હતું ત્યારે કચ્છમાં વિનાશક ધરતીકંપ થયો. ભુજનું ગામતળ કાટમાળ થઈ ગયું. અસંખ્ય લોકોના મોત થયા અને હજારો લોકો બેઘર બની ગયા. ઉપર આકાશ અને નીચે ધરતી જેવી લોકોની હાલત થઈ ગઈ. આજે આ દુઃખદ ગોઝારી ઘટનાને ૧૯ વર્ષ પૂરા થયા છે પરંતુ લોકોના માનસપટ પર કરુણ દશ્યો આજે પણ તરે છે, ભૂલાતા નથી. આજે ઘણા લોકો ધરતીકંપ પછીના નવસર્જનનાં ભરપેટ વખાણ કરે છે અને કચ્છમાં થયેલા વિકાસની ગાથા ગાયે રાખે છે અને વિનાશને ભૂલી ગયા છે.

ખરેખર, તો માત્ર કચ્છમાં જ નહીં પરંતુ સમગ્ર રાજ્યમાં ૨૬મી જાન્યુઆરીના દિવસને 'ગોઝારા દિન' તરીકે મનાવવો જોઈએ. કચ્છમાં તો આ દિવસે સામૂહિક પ્રાર્થના, ભક્તિ સંગીત અને મૌન પાળવા જોઈએ. તેને બદલે પ્રજાસત્તાક દિનના બહાને ઠેરઠેર ઉત્સવો, દેશ ભક્તિના ગીતો અને કચ્છનાં વિકાસના ભાષણો થતા હોય છે, જે દુઃખદ છે. લોકો માત્ર બે દાયકામાં આ કરુણ ઘટનાને ભૂલી ગયા છે. એમ પણ કહેવાય છે કે ધરતીકંપ બાદ લોકો માનવતા ભૂલી ગયા છે અને નિર્દયી બની ગયા છે. ધરતીકંપ પછી જમીનના ભાવો, મકાનના ભાડા બેફામ વધ્યા છે. એટલું જ નહીં, વિકાસના નામે લોકોને પરેશાન કરાઈ રહ્યા છે. એવું કહેવાયું છે કે કુદરતના કોપ કરતા માનવનો કોપ વધી ગયો છે.

ધરતીકંપ બાબતે પબુ ગઢવી 'પુષ્પ'ની ગઝલનો એક શેર યાદ આવે છે :

*"પુષ્પ ધરતીકંપ બીજું કૈં નથી*
*પાપ જોઈ પથ્થરો ધ્રૂજ્યા હશે."*

*રજનીકાંત ઓઝા - ભુજ, કચ્છ*

'કચ્છશ્રુતિ'નો ડિસેમ્બર-૨૦૧૯નો અંક – "બાયબાય ૨૦૧૯, વેલકમ ૨૦૨૦" – નયનરમ્ય ચિત્ર દર્શાવતા સુંદર અંક મળ્યો. વિદ્વાન લેખક તંત્રીશ્રી અશોકભાઈ મહેતાનો લેખ "કચ્છમાં નર્મદા નદીના સિંચાઇના પાણીની વ્યથા" તેમણે સત્ય હકીકત દર્શાવી દઈ સરકારશ્રીએ તે કામગીરી પૂર્ણ કરેલ નથી, જે કમનસીબી છે. કચ્છના ધારાસભ્યોમાં એકતાની ભાવના નથી. પરિણામે રજૂઆત કરવામાં નિષ્ફળ જાય છે. તેઓ માત્ર વિવાદમાંથી ઊંચા આવતા નથી. કચ્છી પ્રજા જાગૃત થાય તો જ કચ્છના પ્રાણપ્રશ્નો ઉકેલી શકાય.

કચ્છના જોવાલાયક સ્થળોની માહિતી દર્શાવી છે એ સારૂં કહેવાય. ભોલાભાઈ ગોલીબારનો લેખ વાર્તારૂપે દર્શાવેલ છે, એથી વધુ અસરકારક બન્યો છે, યાદ કરવા જેવો છે. તુલસીભાઈ કંસારાનો લેખ અંગ્રેજી શબ્દોની ગુજ્જુગ્રાફી અંગ્રેજી શબ્દોની સમજણ આપે છે. તે સિવાયના અન્ય લેખ - કાવ્યો ઘણા જ સુંદર છે. આ અંક વાંચનમાં શ્રેષ્ઠ છે. લેખકોને અભિનંદન.

તંત્રીશ્રી અને તેમની સાથે સહકારથી કામ કરનારાઓને ધન્યવાદ. કચ્છશ્રુતિ હજી પણ ઉત્તરોત્તર પ્રગતિ કરે એ જ શુભેચ્છા.

*મહાભાઈ આર. વોરા - ભુજ, કચ્છ*

---

## અંગ્રેજી શબ્દોની ગુજ્જુગ્રાફી – (૧૬)

**(અનુ. : પાના નં.-૪૦ ઉપરથી ચાલુ)**

પાર્લામેન્ટમાં નક્કી થયેલ નથી, તેવા મુદ્દાઓ ઉપર પેનલમાં બેઠેલ ખાસ તો વિરોધપક્ષના ચાલાક વક્તાઓ જે રીતે દલીલો કરતા હોય છે, તે જોઈને તેઓ કોઈ રસ્તો કાઢવા કરતા જાણે પ્રસ્તુત મુદ્દા કે સવાલને સમજી વિચારીને ટલ્લે ચઢાવી પ્રજાના ચોક્કસ વર્ગને ભરમાવવા માટે બોલતા હોય તેવો ભાસ થાય. આમાં પણ જો કોઈ પાકિસ્તાની પત્રકાર કે રાજકારણી આવી ચર્ચામાં આવે ત્યારે તો તે સતત બોલ્યે જતા હોય છે અને પેનલ પરના અન્ય વક્તાઓ સાથે એંકરને પણ સાંભળવાની દરકાર નથી કરતા હોતા. જ્યારે અર્નબ ગોસ્વામી જેવા બાહોશ એંકર હોય અને તેઓ પણ જોરશોરથી બોલવા લાગતા હોય છે ત્યારે તો એટલો બધો ઘોંઘાટ થતો હોય છે કે આપણે કંઇ પણ સાંભળી કે સમજી નથી શકતા હોતા. એવું લાગે કે જાણે આ ચર્ચાસભા નથી પણ કોઈ કજીયો થઈ રહ્યો છે, કંઈક બબાલ થઈ રહી છે! આવી ચર્ચાઓ માટે આપણે કહી શકીએ કે તેઓ વોસીફેરસલી બોલતા હોય છે. આ શબ્દ લેટીન ભાષાના વોસીફેરારી જેમાં વોક્ષ એટલે કે અવાજ અને ફેર મતલબ લઇ જવો, પરથી ઉતરી આવેલ છે જે માટે અંગ્રેજીમાં રોજબરોજમાં વપરાતો શબ્દ છે શાઉટ અને યેલ, એટલે બૂમબરાડા પાડવા, ચિલ્લાવવું.

---

*પ્રગતિનું તેજ મારું વિસ્તરતું જતું હતું, વચ્ચે શબ્દો ગ્રહણ થઈ નડ્યા છે મને. – આબાદ' પાલનપુરી*

# કાવ્યો

## શહાદતની અમર ગાથા ગાતો ઐતિહાસિક ઝારાનો ડુંગર

*કચ્છનું કુરૂક્ષેત્ર ગણાતું ઝારાના ડુંગરનું*
*ઐતિહાસિક ગાથા ગાતું લડાઈનું મેદાન*
*કચ્છી પ્રજા અને રાજ્યના લશ્કરે મા-ભોમની રક્ષા કાજે*
*લડાઈમાં બહાદુરીથી લડતા જાન કરી કુરબાન*
*ઝારાના શૂરવીરોની શહાદતની અમરગાથા ઐતિહાસિક*
*કચ્છ પ્રદેશથી કદી પણ ના ભૂલાશે.*

*જીવણ શેઠે કુનેહ બુધ્ધિથી કચ્છ ધરાના*
*દરબારીઓથી સંપ કરી ગોડજીનો રાજ્યાભિષેક કર્યો*
*પૂંજો શેઠ દીવાનપદની આશાએ જુનાગઢથી*
*તરવરાટ કરતો ઝટપટ ભુજ આવવા પહોંચી આવ્યો.*
*જીવણ શેઠે પૂંજા શેઠને ભુજમાં પ્રવેશ કરતાં અટકાવ્યો*
*કચ્છ પ્રદેશના ઈતિહાસમાં જીવણ અને પુંજા શેઠની*
*વેરભાવની મનોવૃત્તિનું ફક્ત કારણ જ દેખાશે... ૧*

*મુંજાની અંતરમાં બદલાની વેરની તીવ્ર આગ જાગી*
*કચ્છ પ્રદેશના વિનાશની યોજના મનમાં ઘડી કાઢી*
*સિંધ દેશના બાદશાહ ગુલામશાહે ક્લોરાના સરદાર*
*ગીધુમલ સાથે મસલત કરી લશ્કરની સહાયતા માંગી*
*કચ્છ પ્રદેશના રાજ્ય લાલસાનો ક્લોરાએ કર્યો વિચાર*
*વિધાતાએ નિર્માણ કરેલ હોય એમ જ ભાસે.... ૨*

*કળીયુગના પરિતાપથી ધર્મ ગયો પરતાળ*
*વ્યાપ્યો અધર્મ વિશ્વમાં અધર્મનો આકાળ*
*દગાખોર સૈન્યે ઝારા ડુંગર પર મચાવ્યો હાહાકાર*
*વહેલી સવારે મારો... કાપોનો ગર્જી ઉઠ્યો લલકાર*
*આમને સામને તોપગોળા તલવારના થતા પ્રહાર*
*શહાદતની ગાથા ઝારા ડુંગરની ઈતિહાસમાં લખાશે.... ૩*

*કચ્છના મહારાવ ગોડજીએ પોતાના ભાયાતોને બોલાવ્યા*
*માભોમની રક્ષા કાજે કચ્છ પ્રદેશની ટેકને સાચવવા*
*કચ્છી લશ્કરમાં સામેલ થવા નવયુવાન યોધ્ધાઓ આવ્યા*
*શૂરવીરોએ ઝારા ડુંગર તરફ કર્યું પ્રયાણ દુશ્મનોને હરાવવા*
*દુશ્મનોનો કચ્ચરઘાણ વાળી ઝારા ડુંગરની ભૂમિ લોહિયાળ બની*
*શહીદોની કુરબાનીને યાદ કરતાં કચ્છી જનતાની આંખો અશ્રુભીની બની*
*એ ભૂમિનું પવિત્રભાવે દર્શન કરતાં સાચી શ્રધ્ધાંજલિ આપી ગણાશે... ૪*

**મહાભાઈ આર. વોરા - ભુજ, કચ્છ**

## જીવદયા

હલંધે હડા જોરીયેં આંખલા
હડસેલા મારી ૫ ગિનેં
વાટ હલધલેંકે પિડા હરરોજજી
કેડી કર્યું કારી ત વિને... ૧

તાંડવજે તાનમેં અચેં જ નંદી
ત ચાડીકા હડફેટેં ગિનેં
શંકર ઐંઈ ગણકે ગિનો શરણમેં
સાચવ્યો અસાનું ન વિને... ૨

પાયણજો નંદી પૂજાજે મંધિરમેં
સચો ગણ વાટું તો ગિને
તંત્ર - સંત્ર હિત ડિસાંજે વામણા
'પ્રભુ' ડયા કર્યો તે દુઃખ વિને...

**પ્રભુલાલ સિધ્ધપુરા - ગાંધીધામ, કચ્છ-૩૭૦ ૨૦૧.**
**મો. ૯૮૭૯૭ ૦૦૩૬૯**

## મોભત જો રંગ

મોભતજી કુરો ગાલ કરિયાં
કિતરા ખેલ ખેલાણા ઐં!
નોખા થ્યે હિકડો જમાનું થ્યો,
છતાં ઈ કિત ભૂલાણા ઐં!

જાધ યારજી રિઈ તાજીને તાજી,
ધિલજા જખમ કિત રૂઝાણા ઐં!
જિતે ન્યારીયાં ઉતે અચેંતા નજર,
અચી મુંજે ધિલમેં સમાણા ઐં!

ઐંઈ મ પૂછો વિરહજી વેદના,
અખિયેંમેં રૂંગા કિતે સુકાણા ઐં!
કિતરી આય મોભત ધિલમેં,
ખુદાજે ભધલે ઈ પૂજાણા ઐં!

પાંભડીજે છેડેમેં બંધીને હીયું,
ભવોભવજા બંધનમેં બંધાણા ઐં!
ઉજ જિંધગી જીવી વ્યા યાર,
જુકો 'પ્રેમ' જે રંગમેં રંગાણા ઐં!

**મુરજી ચાવડા 'પ્રેમ'**
**મો. ૯૯૦૪૮ ૯૪૫૬૭**

*સમયની ભૂલ શું કાઢું? ફરજ પૂરી કરી એણે, હતો એ એમ પણ દુશ્મન, નિભાવી દુશ્મની એણે. – પ્રજ્ઞેશ નાથાવત 'પગુ'*

## ભૂકંપ પ્રકોપ

*ભૂકંપનો દાવાનળ દેખી કેવું? નિસર્ગનું મુખ મલકાયું?*
*ભૂકંપના એક જ ઝાટકે આ શહેર લાશોથી ઉભરાયું*

*ધૂળોની ડમરીઓ ધૂમાડાઓથી ચોમેર અંધારું છવાયું*
*અસ્તવ્યસ્ત થયા લોકો ને જનજીવન ખોરવાયું.*

*સુસવાટાભરી ઠંડી લહેરોથી કોણ કેટલું ઠુંઠવાયું?*
*સેવાવ્રતધારીઓની સેવા આશ્વાસનોએ જીવન નવું સજાવ્યું*

*નિસર્ગે દ્રષ્ટિ કરી ભૂકંપ પીડિતો પર ત્યારે હૃદય તેનું પલટાયું*
*આખરે અફસોસ થયો સ્વ કરતુતો પર વદન તેનું શરમાયું.*

**પ્રા. સૂર્યકાંત ભટ્ટ - ભુજ**

## કાવ્ય

*તમે તો માત્ર આવું છું એમ કહી ગયા*
*અમે તો તમારી રાહ જોતા જ રહી ગયા*
*શું તમને કોઈએ કડવા વેણ કહ્યા?*
*આવા વેણ તો તમે અનેકવાર સહ્યા*
*તમારા વિના તો અમો એકલા અટૂલા રહ્યા*
*ઉપકાર થશે જો આવશો ખાઈને દયા.*

**પ્રા. સૂર્યકાંત ભટ્ટ - ભુજ**
**મો. ૯૮૨૫૨ ૩૪૩૪૬**

## ...તંગ છું

કપાયેલ પતંગ છું,
તોય આકાશને સંગ છું.
હોઠે હાસ્ય - આંખે આંસુ,
જિંદગી તારાથીય તંગ છું.
શિખરો સર સફળતાના,
અંગે ભલેને અપંગ છું,
પહેચાન મારી કેમ દઉં?
પાણીના જેવો રંગ છું.
જીવન વનમાં વિત્યું છે,
રામાયણનો પ્રસંગ છું.

**અરવિંદ સોમૈયા - નખત્રાણા, કચ્છ**

*આપણા બંને માટે સુખી થવાનો માર્ગ એક જ છે કે તમે અને હું જ્યારે મળીએ ત્યારે કોઈ ત્રીજાને સુખી કરવાનો વિચાર કરીએ.*

## દેશ મેરા રંગીલા... રંગીલા...

(અનુ. : પાના નં.-૪૪ ઉપરથી ચાલુ)

| | |
|---|---|
| ૨૯. દુર્ગા | ૩૦. કાલિકા |
| ૩૧. લક્ષ્મી | ૩૨. હનુમાન |
| ૩૩. સરસ્વતી | ૩૪. પાર્વતી |
| ૩૫. ઈસામસીહા | ૩૬. ગુરૂ ગોવિંદસિંહ |
| **ઉત્સવ** | |
| ૩૭. દિવાળી | ૩૮. રક્ષાબંધન |
| ૩૯. હોળી | ૪૦. નવરાત્રી |
| ૪૧. દશેરા | ૪૨. વૈશાખી |
| ૪૩. ઓણમ | ૪૪. ક્રિસમસ |
| ૪૫. કરવા ચોથ | ૪૬. ગણેશ ચતુર્થી |
| ૪૭. જન્માષ્ટમી | ૪૮. શિવરાત્રી |
| ૪૯. પર્યુષણ | ૫૦. મકર સંક્રાંત |
| ૫૧. ગુડી પડવો | ૫૨. મહાવીર જયંતી |
| ૫૩. નાનક જયંતી | ૫૪. ઈદ |
| **જાતિ** | |
| ૫૫. સોની | ૫૬. વાણિયા |
| ૫૭. ભાટિયા | ૫૮. બ્રાહ્મણ |
| ૫૯. મહાજન | ૬૦. સિંધી |
| ૬૧. મુસ્લિમ | ૬૨. યહુદી |
| ૬૩. પારસી | ૬૪. બૌધ્ધ |
| ૬૫. શિયા | ૬૬. ઈસાહી |
| ૬૭. દરજી | ૬૮. પઠાણ |
| ૬૯. લુહાર | ૭૦. વણિક |
| ૭૧. ઈસ્લામી | ૭૨. સુથાર |
| **ભાષા** | |
| ૭૩. ગુજરાતી | ૭૪. બિહારી |
| ૭૫. રાજસ્થાની | ૭૬. માલવી |
| ૭૭. મરાઠી | ૭૮. મારવાડી |
| ૭૯. મદ્રાસી | ૮૦. તેલુગુ |
| ૮૧. ભોજપુરી | ૮૨. સિંધી |
| ૮૩. કચ્છી | ૮૪. પંજાબી |
| ૮૫. હિંદી | ૮૬. સંસ્કૃત |
| ૮૭. કન્નડ | ૮૮. મલયાલમ |
| ૮૯. તામિલ | ૯૦. બંગાળી |

*એ હદે આ રૂક્ષતા સાથે પરિચય થઈ ગયો, ચકચકિત હો જિંદગી તો, બહુ અજાણી લાગતી. – સાકેત દવે*

વિવિધતા

# દેશ મેરા રંગીલા... રંગીલા....



ભાવના એ. ઝવેરી

આ ગેમ નાના-મોટા સૌ કોઈ રમી શકશે. પાંચ ટોપીક આપેલા છે. દરેકમાં ક્રમવાર અઢાર નામ આપેલ છે. આજ લીસ્ટની કલર પ્રિન્ટ કરાવી રમનાર બધાને પેન સાથે આપવી.

રમનારે દરેક ટોપીકમાંથી પાંચ નામ પસંદ કરી તેના ક્રમ પર રાઉન્ડ કરી નાખવું.

રમાડનાર હાઉસીના નંબર જ લેશે, બોર્ડ નથી લેવાનું કેમકે તેને પણ આ લીસ્ટની લાર્જ સાઈઝ ઝેરોક્ષ કરાવી ટેબલ પર રાખવી. જે નંબર કાઢે તે પ્રમાણે તે ક્રમમાં આવતું નામ બોલવાનું.... બાદમાં નંબર બોલવાનો...

આ રીતે ગેમ સ્ટાર્ટ કરી તમે રાઉન્ડ કરેલ નંબર - નામ પર આવી જાવ ત્યાં ✓ (રાઈટ)ની નિશાની કરતા જાવ.

***નિયમ અને જીતવા માટે જવાબ કેમ આપવાના તેના વિશે...***

૧. આઝાદીના ઘડવૈયાના તમે પસંદ કરેલ પાંચેય નંબર થાય તે વિનર.

જ. યે દેશ હૈ વીર જવાનોં કા, અલબેલા મસ્તાનોં કા... (ગીતની કડી)

૨. ભગવાનના પાંચેય નંબર થઈ જાય તે વિનર.

જ. અય માલીક તેરે બંદે હમ... ઐસે હો હમારે કરમ (ગીતની કડી)

૩. ઉત્સવના પાંચેય નંબર થાય તે વિનર.

જ. બધા સાથે મળીને ઉત્સવ ઉજવે છે.

૪. જાતિના પાંચેય નંબર થાય તે વિનર.

જ. નાતજાતના ભેદભાવ વગર સૌ હળીમળીને રહે છે.

૫. ભાષાના પાંચેય નંબર થાય તે વિનર.

જ. અંગ્રેજીમેં કહતે હૈં કી આઈ લવ યુ, ગુજરાતીમાં બોલે તને પ્રેમ કરું છું... (ગીતની કડી)

૬. બધા ટોપીકમાંથી ૨-૨ નંબર થઈ જાય તે વિનર.

જ. હમ સબ એક હૈ - બોલવાનું.

૭. બધા ટોપીકમાંથી ૩-૩ નંબર થઈ જાય તે વિનર.

જ. અનેકતામેં એકતા હૈ... – બોલવાનું.

૮. જેના બધા જ નંબર થઈ જાય તે પ્રથમ વિનર.

જ. દેશ મેરા રંગીલા... રંગીલા... દેશ મેરા રંગીલા...

૯. જેના બધા જ નંબર થઈ જાય તે દ્વિતીય વિનર.

જ. ઈન્ડિયા ઇઝ ગ્રેટ.

આ રીતે બધા વિનરને ઇનામ આપી નવાજો....

- **ટોપીકના નામ**

૧. આઝાદીના ઘડવૈયા

૨. ભગવાનના નામ.

૩. ઉત્સવોના નામ.

૪. જાતિના નામ.

૫. ભાષાના નામ.

| **આઝાદીના ઘડવૈયા** | |
|---|---|
| ૧. મહાત્મા ગાંધી | ૨. જવાહરલાલ નહેરુ |
| ૩. બાલ ગંગાધર તિલક | ૪. મંગલ પાંડે |
| ૫. ચિત્તરંજન દાસ | ૬. ચંદ્રશેખર આઝાદ |
| ૭. લાલા લજપતરાય | ૮. રામપ્રસાદ બિસ્મિલ |
| ૯. દાદાભાઈ નવરોજી | ૧૦. રાણી લક્ષ્મીબાઈ |
| ૧૧. ભગતસિંહ | ૧૨. મનમોહન માલવિયા |
| ૧૩. રાજગુરૂ | ૧૪. સુખદેવ |
| ૧૫. સુભાષચંદ્ર બોઝ | ૧૬. સુરેન્દ્રનાથ બેનરજી |
| ૧૭. ટીપુ સુલતાન | ૧૮. બટુકેશ્વર દત્ત |

| **ભગવાન** | |
|---|---|
| ૧૯. ગણેશ | ૨૦. શ્રીનાથજી |
| ૨૧. બ્રહ્મા | ૨૨. શિવજી |
| ૨૩. વિષ્ણુ | ૨૪. કૃષ્ણ |
| ૨૫. મહાવીર | ૨૬. રામ |
| ૨૭. બુદ્ધ | ૨૮. અન્નપૂર્ણા |

(અનુ. : જુઓ પાના નં.-૪૩ ઉપર)

# અન્ય સંસ્થાઓના સમાચાર

## "કચ્છ નર્મદા જળ અભિયાન"ની રચના

સરદાર સરોવર નર્મદા નિગમ લિમિટેડ દ્વારા કચ્છ બ્રાંચ કેનાલના કાર્યો હજુ સુધી એટલે કે વર્ષ ૨૦૨૦માં પણ પૂરા થયેલ ન હોવાથી તથા વર્ષ ૨૦૦૬માં નર્મદા નદીના વધારાના ૩.૦૦ M.A.F. પાણીમાંથી કચ્છને ૧.૦૦ M.A.F. પાણી ફાળવવાની ગુજરાત સરકારશ્રીની જાહેરાત બાદ આજ સુધી એ કાર્યોના શ્રીગણેશ પણ મંડાયેલ ન હોવાથી કચ્છની પ્રજામાં ખૂબ જ અસંતોષની લાગણી ફેલાઈ ગયેલ હોવાથી કચ્છના બધા જ તાલુકાના ખેડૂત આગેવાનો અને કચ્છના પ્રબુધ્ધ નાગરિકોની એક બેઠક ભુજ ખાતે બુધવાર, તા. ૧-૧-૨૦૨૦ના રોજ મળેલ હતી અને આ મીટિંગમાં ઉપરોક્ત પ્રશ્ને ચર્ચા - વિચારણા કરવામાં આવેલ હતી.

આ મીટિંગમાં ચર્ચાની શરૂઆત કરતા શ્રી અશોકભાઈ મહેતાએ જણાવેલ કે નર્મદા નદીની કચ્છ બ્રાંચ કેનાલના કાર્યો ટપ્પર ડેમ સુધી આવીને અટક્યા છે. જમીન સંપાદનના બહાને નર્મદા નિગમે કેનાલનું કામ અટકાવી દીધું છે. બ્રાંચ કેનાલ, સબસીડિયરી કેનાલ, માઈનોર કેનાલ, સબ માઈનોર કેનાલના કામો પણ આગળ વધતા નથી. ખેડૂત મંડળીઓની રચના કરવામાં આવેલ નથી. પરિણામે જ્યાં સુધી કેનાલના પાણી પહોંચે છે ત્યાંના ખેડૂતો ડીઝલ પંપ મૂકીને પાણી લઈ જાય છે. જેના કારણે પાકને જ્યાં ૨૦ ઈંચના ડેલ્ટાથી પાણી મળવું જોઈએ તેના બદલે ૬૦ ઈંચના ડેલ્ટાથી પાણીના વપરાશના કારણે એ પાણી વેડફાય છે. આ પાણીનો લાભ લાભાર્થી બધા જ ખેડૂતોને આજે પણ મળતો નથી. અગર આ કામો પૂર્ણ થઈ ગયેલ હોત તો આયોજન પ્રમાણે ૨,૮૫,૦૦૦ એકરમાં તેનાથી ખેતી થઈ શકી હોત અને તેના કારણે દર વર્ષે ખેડૂતોને રૂા. ૫૦૦/- કરોડની નેટ આવક થાત કે જે કચ્છનો આજનો ખેડૂત એ આવક ગુમાવી રહ્યો છે.

કચ્છને વર્ષ ૨૦૦૬માં નર્મદા નદીના વધારાના ૧.૦૦ M.A.F. ફાળવાયેલ પાણી બાબત બોલતા શ્રી અશોકભાઈ મહેતાએ જણાવેલ કે ગુજરાત સરકારના આ નિર્ણયને ૧૩ વર્ષનો સમય પસાર થઈ ગયેલ હોવા છતાં કચ્છના આ કામો ગુજરાત સરકારશ્રીના જળસિંચાઈ વિભાગે શરૂ કરેલ નથી. અન્ય તરફ વાત કરીએ તો આ પ્રકારના ઉત્તર ગુજરાતના કાર્યો વર્ષ ૨૦૧૦માં જ 'સુજલામ્ સુફલામ્ યોજના' અંતર્ગત પૂર્ણ થઈ ગયેલ છે. સૌરાષ્ટ્રના આ પ્રકારના મોટાભાગના કાર્યો 'સૌની યોજના' હેઠળ પૂર્ણ થઈ ગયેલ છે. જ્યારે કચ્છને આ કાર્યો માટે કોરાણે મૂકી દેવામાં આવેલ છે. આ યોજના હેઠળના પાણી કચ્છના ખેતરોમાં પહોંચે તો વધુ ૧૦ લાખ એકર કચ્છની જમીનમાં ખેતી થઈ શકે અને તેનાથી ખેડૂતોને દર વર્ષે રૂા. ૧૫૦૦ કરોડની નેટ આવક વધી શકે.

બંને યોજનાના કાર્યો અંતર્ગત અત્યારે કચ્છનો ખેડૂત દર વર્ષે ઓછામાં ઓછા રૂા. ૨૦૦૦ કરોડની આવક ગુમાવી રહેલ છે. અગર ખેડૂતોની આ આવક વધે તો એ નાણાં કચ્છમાં જ વપરાવાના છે અને તેનાથી બીજા અનેક ધંધાઓમાં ધમધમાટ આવી શકે. તેથી આપણે બધાએ એક સમિતિ બનાવી આ કાર્યો સરકારશ્રી જલ્દીથી પૂરા કરે તેવા પ્રયાસો કરવા જોઈએ અને આ પ્રયાસમાં કચ્છની દરેક પક્ષની રાજકીય નેતાગીરીનો સહકાર મેળવવો જોઈએ.

ત્યારબાદ ઉપરોક્ત પ્રશ્નો અંગે શ્રી કીર્તિભાઈ ખત્રી, શ્રી શશીકાંતભાઈ ઠક્કર, શ્રી હંસરાજભાઈ ધોળુ, શ્રી ગોવિંદભાઈ પટેલ, શ્રી માવજીભાઈ જાટિયા, શ્રી વીરમભાઈ ગઢવી, શ્રી છગનભાઈ પરડવા, શ્રી લખમશીભાઈ વાડિયા, શ્રી શિવજીભાઈ આહીર, શ્રીમતી કાંતાબેન પરડવા, શ્રી મણિલાલભાઈ ભગત વગેરેએ પોતાના મંતવ્યો આપેલ હતા અને આ પ્રશ્ને કચ્છના ખેડૂતો તથા પ્રબુધ્ધ નાગરિકોએ સાથે મળીને એક સમિતિની રચના કરી, આ કાર્યો શક્ય ત્વરાએ શરૂ થાય તેવા પ્રયાસો કરવા જોઈએ. સાથે સાથે એ પણ નક્કી કરવામાં આવેલ હતું કે એ કાર્યો માટે કચ્છની રાજકીય નેતાગીરીનો પણ સહકાર મેળવવો જોઈએ.

ત્યારબાદ ચર્ચા વિચારણાને અંતે "કચ્છ નર્મદા જળ અભિયાન" નામની સંસ્થાની રચના કરવાનું નક્કી કરવામાં આવેલ હતું કે જેની મુખ્ય ઑફિસ ભુજ ખાતે રાખવાનો નિર્ણય લેવાયો હતો. આ સમિતિમાં કચ્છના દરેક તાલુકાના ખેડૂત આગેવાનો તથા મહાનુભાવોનો સમાવેશ થાય એ રીતે અંદાજિત ૫૦ વ્યક્તિનો સમાવેશ આ સમિતિમાં થાય તેવું નક્કી કરવામાં આવેલ હતું. આ સમિતિના હોદ્દેદારો તરીકે નીચે મુજબના મહાનુભાવોની વરણી કરવામાં આવેલ હતી.

| | |
|---|---|
| *પ્રમુખ* | : શ્રી જેન્તીલાલ શિવજીભાઈ પટેલ |
| *ઉપપ્રમુખ-૧* | : શ્રી મણિલાલભાઈ વીરજીભાઈ પટેલ/ભગત |
| *ઉપપ્રમુખ-૨* | : શ્રી માવજીભાઈ ગોવિંદભાઈ જાટિયા |
| *મહામંત્રી* | : શ્રી અશોકકુમાર સાકરચંદ મહેતા |
| *મંત્રી-૧* | : શ્રી વિરમ નારાણ સાખરા (ગઢવી) |

*મંત્રી-૨* : શ્રી જયેશ હીરાચંદ લાલકા

*મંત્રી-૩* : શ્રી છગનભાઈ બાબુભાઈ પરડવા

*ખજાનચી* : શ્રી ભગવાનદાસ શામજી પાચાણી

*સહ ખજાનચી-૧* : શ્રી શામજીભાઈ દેવા

*સહ ખજાનચી-૨* : *હવે પછી નક્કી કરવામાં આવશે.*

*કન્વીનરશ્રી, નિયમિત પાણી સમિતિ :*

શ્રી શિવજીભાઈ માદેવા બરાડિયા

*કન્વીનરશ્રી, વધારાના પાણી સમિતિ :*

શ્રી હંસરાજભાઈ પ્રેમજી પટેલ / કેસરાણી

કચ્છના આ પ્રશ્ને કચ્છની રાજકીય નેતાગીરી સાથે વહેલી તકે મીટિંગ યોજવાનું નક્કી કરવામાં આવેલ હતું.

## શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ ભુજમાં હિલ ગાર્ડન્સ ખાતે વૃક્ષારોપણ

શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદની પર્યાવરણ સમિતિના સભ્યો શ્રી અશોકભાઈ મહેતા તથા શ્રી ગિરીશ હીરજી પાસુ દેઢિયાએ રોટેરીયન શ્રી મોહનભાઈ શાહ (Ex MLA) સાથે રહીને ભુજના એરપોર્ટ રોડ પર આવેલ હિલ ગાર્ડન્સની મુલાકાત લીધેલ હતી અને ત્યાંની લગભગ ૮ એકર જમીનમાં વૃક્ષોની વાવણીનો નિર્ણય લેવમાં આવેલ હતો. અહીં અંદાજિત ૨૦૦૦થી પણ વધુ વૃક્ષોની વાવણી કરવામાં આવશે કે જે પર્યાવરણ માટે ખૂબ જ લાભકારક સાબિત થશે.

આ વિસ્તારની અંદાજિત ૨૮ એકર જમીન ગુજરાત સરકારશ્રી દ્વારા રોટરી ક્લબ ઑફ ભુજને ફાળવવામાં આવેલ હતી અને ત્યાં હિલ ગાર્ડન સહિત ટુરિસ્ટ સેન્ટર બનાવવાનું નક્કી કરવામાં આવેલ હતું.

તત્કાલીન રોટરી અધ્યક્ષ શ્રી મોહનભાઈ શાહે આ પ્રોજેક્ટના ડેવલપમેન્ટમાં ખૂબ જ ઉત્સાહ દાખવેલ હતો અને ત્યાં એમ્યુઝમેન્ટ પાર્ક, મ્યુઝિયમ, ડોલ્ફિનના મૃતદેહની સાચવણી, બાળ ઉદ્યાન, બોટીંગ ક્લબ વગેરેની સ્થાપના કરી, આ વિસ્તારને ટુરિસ્ટ પોઈન્ટ બનાવી દેવામાં આવેલ હતું.

ભુજ તથા સમગ્ર કચ્છની જનતા અને તેમાં પણ ખાસ કરીને બાળકો અને યુવા વર્ગ આનંદ પ્રમોદ કરવા મોટી સંખ્યામાં પધારે છે. દર રવિવારે અહીં આવનારની સંખ્યા હજારોમાં હોય છે અને દિવાળી કે ઉત્તરાયણ જેવા તહેવારના પ્રસંગે આ આંકડો લાખની સંખ્યાને પણ વટાવી જાય છે.

મુલાકાત દરમ્યાન શ્રી મોહનભાઈ શાહે વિગતવાર માહિતી સાથે આ પ્રોજેક્ટનો ઇતિહાસ જણાવેલ હતો.

તેઓ લગભગ ૭થી ૮ એકર જમીન શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદને ફાળવશે. અહીં ચારેબાજુ કમ્પાઉન્ડ વોલ ખૂબ જ સારી રીતે ઊભી કરવામાં આવેલ છે અને બોરનું પાણી પણ સારા એવા પ્રમાણમાં પ્રાપ્ત થઈ શકે છે.

એકાદ મહિનાની અંદર નર્સરીમાંથી રોપા મેળવી અહીં વૃક્ષારોપણ શરૂ કરી દેવામાં આવશે. શ્રી કચ્છી જૈન સેવા સમાજ તેને પોતાની રીતે ઉછેરી, ત્રણ વર્ષ બાદ આ વૃક્ષોનો વિકાસ થયે તે વિસ્તાર રોટરી ક્લબને સોંપી, બહાર આવી જશે.

કચ્છમાં લગભગ ૧૩ સ્થળોએ રોટરી ક્લબો આવેલી છે કે જ્યાં લગભગ દરેક સ્થળે આ પ્રકારનું વૃક્ષારોપણ કરવામાં આવે તેવી ધારણા રાખવામાં આવે છે.

## કચ્છ યુનિવર્સિટી, કચ્છ મિત્ર તથા અદાણી ફાઉન્ડેશનના સંયુક્ત ઉપક્રમે સ્પર્ધા યોજાઈ : "સ્પીકર ઓફ કચ્છ"

ક્રાંતિગુરૂ શ્યામજી કૃષ્ણવર્મા કચ્છ યુનિવર્સિટી, ''કચ્છમિત્ર'' દૈનિક તથા અદાણી ફાઉન્ડેશનના સંયુક્ત ઉપક્રમે ''સ્પીકર ઑફ કચ્છ'' કચ્છની કૉલેજોના વિદ્યાર્થી ભાઈ-બહેનો તથા યુવાનો માટે વક્તૃત્વ સ્પર્ધા યોજાઈ

આ સ્પર્ધાનું ઉદ્‌ઘાટન તા. ૨૪-૧૨-૨૦૧૯, મંગળવારે શ્રી મુક્તજીવન સ્વામિબાપા મહિલા કૉલેજ - ભુજ ખાતે સવારે ૯.૩૦ કલાકે થયું હતું. આ ઉદ્‌ઘાટન સમારંભના અધ્યક્ષા કચ્છ યુનિવર્સિટીના ઈન્ચાર્જ વાઈસ ચાન્સેલર ડૉ. દર્શનાબેન ધોળકિયા રહેલ હતા. જ્યારે (૧) શ્રી સુભાષ ત્રિવેદી (આઈ.પી.એસ.) આઈ.જી.શ્રી - કચ્છ બોર્ડર રેન્જ, (૨) શ્રી પ્રભવ જોશી (આઈ.એ.એસ.) જિલ્લા વિકાસ અધિકારીશ્રી, કચ્છ-ભુજ તથા (૩) શ્રીમતી પંક્તિબેન શાહ, સી.ઈ.ઓ. અદાણી ફાઉન્ડેશન – આ ત્રણેય મહાનુભાવોની વિશેષ ઉપસ્થિત રહેલ હતી.

જેમાં મુખ્ય વક્તા તરીકે શ્રી સુભાષ ત્રિવેદી સાહેબે પોતાના રસપ્રદ અને અનુભવની એરણે કસાયેલા વક્તવ્યમાં વિદ્યાર્થીઓને પ્રોત્સાહિત કરતા જણાવ્યું હતું કે આ સ્પર્ધામાં અભિવ્યક્તિ સાથે સંવેદના જગાડવાની છે. સ્પર્ધામાં પણ એકમેકને સમજવાનો મંત્ર પ્રાપ્ત કરવાનો છે, સુજ્ઞ બનવાનું છે. ગુજરાતી ભાષામાં કહેવતો વિરોધાભાસી પણ છે. 'ન બોલ્યામાં નવ ગુણ' અને 'બોલે એના બોર વેચાય.' – એ રીતે મર્માળી શૈલીમાં વિશ્વપ્રસિધ્ધ તત્ત્વજ્ઞાની ગુર્જિયેફને ટાંકીને માણસ બનવાની વાત વેધક રીતે રજૂ કરી હતી.

જિલ્લા વિકાસ અધિકારીશ્રી, કચ્છ-ભુજ શ્રી પ્રભવ જોષી સાહેબે પોતાના મનનીય વક્તવ્યમાં સૌ સ્પર્ધકોને શુભેચ્છા પાઠવી,

પોતાના આઈ.એ.એસ.ની પરીક્ષાના મૌખિક ઈન્ટરવ્યુની વાત વર્ણવી અને માર્ગદર્શક વિગતો સાથે વક્તવ્યને રસપ્રદ બનાવ્યું હતું.

કચ્છ યુનિવર્સિટીના વાઈસ ચાન્સેલર ડૉ. શ્રી દર્શનાબેન ધોળકિયાએ પોતાના વક્તવ્યમાં સ્વામી વિવેકાનંદ, પૂ.ગાંધીજી, ગુજરાત સાહિત્યના આદિ લેખન સ્વામી આનંદશંકર બાપુભાઈ ધ્રુવ, શ્રી ઝવેરચંદ મેઘાણી તથા શ્રી નારાયણ દેસાઈ તથા પૂર્વ પ્રધાનમંત્રી શ્રી અટલબિહારી બાજપેયી જેવી વિભૂતિઓને યાદ કરીને તેઓએ અનુભૂતિનો અનુભવ પોતાના લેખનમાં અને વક્તવ્યમાં વર્ણવ્યો હતો, તેની વિગતે વાત કરીને "સ્પીકર ઑફ કચ્છ"નો પ્રથમ વિચાર કરનાર તત્કાલીન કુલપતિ શ્રી સી.બી. જાડેજા સાહેબના પ્રયત્નોને ફળદાયી ગણાવી ભવિષ્યમાં પણ આવા પ્રકારના આયોજનો થતા રહેશે તેની ખાત્રી આપી હતી.

કચ્છના સુપ્રસિધ્ધ અખબાર "કચ્છમિત્ર"ના તંત્રી શ્રી દીપકભાઈ માંકડે જન્મભૂમિ ગ્રુપ આવા પ્રકારના આયોજનો, જે સમાજના ઉત્કર્ષ સાથે નિસ્બત ધરાવતા રહે છે, તેમાં સહભાગી બને છે અને પોતાની જવાબદારી સુપેરે બજાવે છે, તેમ જણાવી પોતાના અનુભવો વર્ણવ્યા હતા. તેમણે કચ્છ યુનિવર્સિટીના અંગ્રેજી વિભાગના એસોસિએટ પ્રોફેસર શ્રી આર.વી. બસિયા તથા તેમની ટીમને આવા સફળ સંચાલન બદલ અભિનંદન પાઠવ્યા હતા તથા અદાણી ફાઉન્ડેશન દ્વારા થતી કચ્છ જિલ્લાના જનહિતની પ્રવૃત્તિઓ બદલ અદાણી ફાઉન્ડેશનને અભિનંદન આપી ધન્યવાદ પાઠવ્યા હતા.

પ્રારંભે કચ્છ યુનિવર્સિટીના એસોસિએટ પ્રોફેસર તથા સ્પર્ધાના સંયોજકશ્રી, શ્રી આર.વી. બસિયા સાહેબે આવકાર પ્રવચનમાં જણાવ્યું હતું કે ૧૧મી જાન્યુઆરી, ૨૦૨૦ના રોજ ફાઈનલ રાઉન્ડ થશે. જેમાં તારીખ ૪ જાન્યુઆરી, ૨૦૨૦ના સેમિ ફાઈનલ રાઉન્ડમાં પસંદ થનારા સ્પર્ધકો અંતિમ જંગ લડશે. ચાલુ વર્ષે કુલ ૪૪૪ સ્પર્ધકોએ ભાગ લેવા માટે નોંધણી કરાવેલ છે. આ સ્પર્ધા ત્રણ અલગ અલગ સ્થળોએ પ્રાથમિક રાઉન્ડમાં તા. ૨૪-૧૨-૨૦૧૯, મંગળવારે શ્રી મુક્તજીવન સ્વામિબાપા મહિલા કોલેજ - ભુજમાં યોજાઈ હતી. જેમાં ભુજ ખાતે ૨૮૯ સ્પર્ધકો, આદિપુર ખાતે ૧૧૦ સ્પર્ધકો અને માંડવી ખાતે ૪૫ સ્પર્ધકોએ નોંધણી કરાવી હતી.

આદિપુર ખાતે તા. ૨૬-૧૨-૨૦૧૯ તથા માંડવી ખાતે તા. ૨૮-૧૨-૨૦૧૯ના પ્રાથમિક રાઉન્ડ યોજાશે.

***આ સ્પર્ધાના રસપ્રદ વિષયો આ પ્રમાણે છે :***

- **તા. ૨૪-૧૨-૨૦૧૯ (ભુજ ખાતે)**

